वर्ष : 9 ◆ અંક : 5
સપ્ટેમ્બર-ઑક્ટોબર 2019
સળંગ અંક : 53

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## કાશ્મીર

હિંદી રાજ્યસંઘની સરકારે મૂઠીભર સિપાઈઓનું લશ્કર શ્રીનગર તાબડતોડ દોડાવ્યું એ તદ્દન વ્યાજબી કર્યું છે. એથી કાશ્મીરીઓને હિંમત આવશે... અલબત્ત પરિણામ તો ઈશ્વરને હાથ છે. માણસોનો ધર્મ તો મથી છૂટવાનો અને તેમ કરતાં જરૂર પડ્યે મરી છૂટવાનો છે. બહાદુરીથી કાશ્મીરનો બચાવ કરતાં કરતાં હિંદી રાજ્યસંઘના નાનકડા લશ્કરનો એક એક આદમી પ્રાચીન ઇતિહાસમાં સ્પાર્ટાના વીરો નામશેષ થઈ ગયા હતા તે રીતે માર્યો જાય તો મારી આંખમાંથી આંસુનું ટીપું સરખું નીકળવાનું નથી... મુસ્લિમ, હિંદુ ને શીખ સાથીદારો, સ્ત્રીઓ ને પુરુષો, પોતપોતાની ફરજને સ્થાને કાશ્મીરનો બચાવ કરતાં કરતાં ખપી જાય તો તેની યે મને ફિકર નથી. બાકીના સમસ્ત હિંદને એથી એક ગૌરવભર્યો દાખલો મળશે. વતનના એવા વીરતા ભર્યા બચાવની રૂડી અસર આખાયે હિંદની પ્રજા પર થશે અને હિંદુઓ, મુસલમાનો શીખો કોઈ કાળે યે એકબીજાના દુશ્મન હતા એ વાત આપણે વિસારી શકશું... આપણે બંને લડાઈ લઈ જ બેઠા તો કોઈ ત્રીજી સત્તાના તાબામાં જઈ પડીશું. એથી બૂરી વાત બીજી કઈ હોય ?... હું હજી યે ઈશ્વરને પ્રાર્થના કરું છું... પછી સમજૂતી દિલથી થવી જોઈએ. મનમાં દુશ્મનાવટ સંઘરી રાખી ઉપરથી દોસ્તી કરવી એ તો ખુલ્લી લડાઈથીયે બદતર છે.

મહાત્મા ગાંધી

*

અનુચ્છેદ-૩૭૦ હટાવવાથી કાશ્મીર સાચા અર્થમાં રાષ્ટ્રીય પ્રવાહમાં જોડાયું છે અને કાશ્મીરના રાજકીય નેતાઓએ પણ પોતાના વ્યક્તિગત રાજકીય લાભોને એકબાજુએ મૂકી અને રાષ્ટ્ર માટે આવશ્યક એવા પગલાને ટેકો આપવો જોઈએ. રિયાસતે એ કાશ્મીર કે સદરે રિયાસત, મહારાજા હરિસિંહે પાકિસ્તાનના આક્રમણની પરિસ્થિતિમાં અને શેખ અબ્દુલાના દબાણ હેઠળ ભારત સાથેના જોડાણ સમયે આ અસ્થાયી વ્યવસ્થા અમલમાં આવે તેવી માંગણી કરેલી અલબત્ત ત્યારની કટોકટીભરી પરિસ્થિતિમાં પણ આ બાબત યોગ્ય ન હતી... કાશ્મીરી પ્રજાજનોના સર્વાંગી વિકાસ માટે સવિશેષ રીતે સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના ઉત્થાન માટે, કાશ્મીરી યુવાન ભાઈ-બહેનોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમજ સમગ્ર રીતે કાશ્મીરિયતના રક્ષણ અર્થે પણ સંસદે ઘનિષ્ઠ ચર્ચાને અંતે આ નિર્ણય લીધો છે તે ખાસ અભિનંદનને પાત્ર છે.

કમલેશ જોશીપુરા



# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૯'નાં વિવિધ દ્રશ્યો





















માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૯, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૯; સળંગ અંક : ૫૩

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : પ્રોફેસર અવધેશ કુમાર સિંહ (૧૯૬૦-૨૦૧૯) — મણિભાઈ પ્રજાપતિ — ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી – માતૃસંસ્થાનાં સંસ્મરણો — શિવાભાઈ પટેલ — ૫
૨. એક 'બ્રોકન હોમ'ની વાત — મોહનલાલ પટેલ — ૭
૩. ચંદ્રની સફરે (ચંદ્રયાન) — વિઠ્ઠલભાઈ પટેલ — ૧૨
૪. ડૉ. વિક્રમ સારાભાઈ : સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાની — પદ્મનાભ જોષી — ૧૬
૫. ભારતીય બંધારણની કલમ ૩૭૦ — ડૉ. કમલેશ જોશીપુરા — ૨૩
૬. ઘર : મૂલ્યશિક્ષણનું ધરુવાડિયું — તુલસીભાઈ પટેલ — ૨૬
૭. વ્યક્ત થાય એ જ વ્યક્તિ — ડંકેશ ઓઝા — ૨૮
૮. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૧
   – તપાસ : ગ્રંથાવલોકનો / નરોત્તમ પલાણ
   – શ્રી ભક્તામર સ્તોત્ર / જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા.
   – આપણાં સંતાનો / સંપાદક : મહેન્દ્ર મેઘાણી
૯. સંસ્થા સમાચાર
   – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — ૩૬
   – શાળા વિભાગ — ૪૧


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

**સંપાદકીય**

## પ્રોફેસર અવધેશ કુમાર સિંહ (૧૯૬૦-૨૦૧૯)

ઔરો યુનિવર્સિટી, સુરતના કુલપતિ પ્રો. અવધેશકુમાર સિંહનું આસામની તેજપુર યુનિવર્સિટી ખાતે તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ હાર્ટએટેકના કારણે આકસ્મિક અવસાન થતાં વિદ્યાજગતે ભારે આંચકો અનુભવ્યો. ડૉ. અવધેશકુમાર તેમની અસાધારણ મૌલિક વિદ્વત્ત પ્રતિભા અને ચિંતનશક્તિ તથા બહુઆયામી વિદ્યાકીય પ્રવૃત્તિઓથી વિદ્યાજગતમાં વિશેષ ખ્યાતિપ્રાપ્ત હતા. નવી જ સ્થપાયેલ ઔરો યુનિવર્સિટી (૨૦૧૧)ના કુલપતિ તરીકે જુલાઈ, ૨૦૧૭થી તેઓશ્રી સેવાઓ આપતા હતા. આ યુનિવર્સિટીના Vision અને Missionને સાકાર કરવામાં અને તેના વિકાસના પાયામાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. આ પૂર્વે તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના કુલપતિ તરીકે ૨૦૦૬-૨૦૦૯, ગુજરાત નોલેજ કન્સોર્ટિઅમ, (ગુજરાત સરકાર)ના કન્વીનર અને ઇંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ટ્રાન્સલેશન સ્ટડીઝ એન્ડ ટ્રેનિંગના પ્રોફેસર તથા ડાયરેક્ટર, એડજંક્ટ પ્રોફેસર, (માતા વૈષ્ણોદેવી યુનિવર્સિટી, કટરા) વગેરે તરીકે તેમણે સેવાઓ આપી હતી. તેમણે અધ્યાપક તરીકેની કારકિર્દીનો પ્રારંભ ૧૯૮૪માં મધ્યપ્રદેશની મંદસૌર અને બદવાનીની સરકારી કૉલેજોમાં કર્યા બાદ વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈનમાં જોડાયા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા નવા

શરૂ કરવામાં આવેલ 'ડિપાર્ટમેન્ટ ઑફ ઇંગ્લિશ ઍન્ડ કમ્પરેટિવ લિટરરી સ્ટડીઝ'ના અધ્યક્ષ અને રીડર તરીકે ૧૯૮૯થી અને ૧૯૯૩થી ૨૦૦૬ સુધી તેના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે સેવાઓ આપીને આ વિભાગને અંગ્રેજી અને તુલનાત્મક સાહિત્યના અભ્યાસ માટેની એક પીઠ તરીકે પ્રસ્થાપિત કરવામાં તેમનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે.

તેમણે ભારતના પ્રશિષ્ટ સાહિત્ય અને સમકાલીન આધુનિક ભારતીય સાહિત્ય તથા પાશ્ચાત્ય સાહિત્યના આસ્વાદ અને મૂલ્યાંકન સંબંધી તુલનાત્મક દૃષ્ટિકોણથી ગહન અધ્યયન અને ચિંતન કર્યું, તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના ઉપક્રમે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગોષ્ઠિઓનું આયોજન કરી, દેશ-વિદેશના સાહિત્યચિંતકોને – સવિશેષતઃ ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી વગેરે ભાષા-સાહિત્યના – પ્રસંગોપાત્ત નિમંત્રતા રહ્યા અને વિચાર વિમર્શો થકી ભારતીય સાંસ્કૃતિક ચેતનાને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. પરિસંવાદોના અર્ક રૂપ કેટલાક ઉત્તમ ગ્રંથો પણ તેમણે વિદ્યાજગતને આપ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગને માત્ર ગુજરાતમાં નહીં; પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુંજતું કરવામાં તેમણે અહમ્ ભૂમિકા નિભાવી હતી. તેમણે આ પદની ગરિમા ખરા અર્થમાં Through Scholarly Contribution, Academic Leadership and Commitment થકી દીપાવી હતી.

પાશ્ચાત્ય અને ભારતીય સાહિત્યના છેલ્લા દશકાના ભારતના અગ્રણી આલોચકોમાં માનવતું સ્થાન ધરાવનાર પ્રતિભાસંપન્ન પ્રોફેસર અવધેશકુમાર ગુજરાત અને દેશનું ગૌરવ હતા. ગુજરાતમાં અંગ્રેજી સાહિત્યના વિદ્વત્તવર્ય અધ્યાપકો સર્વ શ્રી પ્રો. દાવર સાહેબ, પ્રો. કંટક, પ્રો. એસ. આર. ભટ્ટ અને પ્રો. નિરંજન ભગત બાદ એક શૂન્યાવકાશ પેદા થયેલ, જે પ્રોફેસર અવધેશકુમારના પ્રોજ્જ્વલતમ પ્રદાનથી દૂર થયો હતો. પ્રો. અવધેશકુમારે અમેરિકન સાહિત્યમાં સંશોધન કાર્ય પૂરું કર્યા બાદ સ્વાભાવિક રીતે જ તેમની વિશેષ રસરુચિ અમેરિકન સાહિત્ય તરફ ઢળતી રહે; પરંતુ સમકાલીન ભારતીય અને વૈશ્વિક સાહિત્યનો સંદર્ભ જે તેમની સામે હતો અને સંદર્ભો સાથે જોડાયેલ જે આશંકાઓ, સમસ્યાઓ અને સંભાવનાઓથી પ્રો. સિંહ જેવા મૌલિક ચિંતક માટે અલિપ્ત રહેવું અસંભવ હતું. સંસ્થાનવાદ અને ઉત્તર સંસ્થાનવાદી વિમર્શે ભારતીય સાહિત્ય, દર્શન, સંસ્કૃતિ, કલા વગેરેના અસ્તિત્વ સંબંધી જે પ્રશ્નાર્થો ખડા કર્યા, જે માન્યતાઓ રજૂ કરી તે સહૃદયી ભારતીય સ્વભાવિક રીતે જ ન સ્વીકારી શકે. હકીકત છે કે ભારતીય ધર્મ, દર્શન, ભાષા, સાહિત્ય, લોકો, માન્યતાઓ વગેરેમાં અપાર વૈવિધ્યતા છે. આમ છતાં, વિરોધી માન્યતાઓ વચ્ચે પણ સામંજસ્ય અને સર્જનની ગતિશીલ પરંપરાનો અસ્ખલિત પ્રવાહ સાર્થક સંવાદ સાધવાની અસાધારણ ક્ષમતાનાં દર્શન પણ કરાવે છે, તેની પ્રતીતિ ડૉ. સિંહ પોતાનાં પાંડિત્ય અને અણથક સંશોધકીય પુરુષાર્થ થકી કરાવી શક્યા હતા. ભારતીય ગતિશીલ ચેતનાની શોધ અને ઓળખ એ તેમની શોધનો કેન્દ્રવર્તી વિષય રહ્યો હતો.

પ્રો. અવધેશ કુમારના અધ્યયનના બહુવિધ વિષયો પૈકી ભારતીય અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર, સમકાલીન વિવેચન સિદ્ધાંતો, તુલનાત્મક સાહિત્યિક અને સાંસ્કૃતિક અધ્યયન, ભારતીય અને પાશ્ચાત્ય જ્ઞાનમીમાંસ, સમકાલીન બ્રિટિશ અને ભારતીય નવલકથા, ભારતીય સાહિત્યના અંગ્રેજી અનુવાદની સમસ્યાઓ, ભારતીય સંસ્કૃતિ, નારીવાદ, ભારતીય પુનર્જાગરણકાલીન સાહિત્ય, દલિત સાહિત્ય વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ બધા વિષયો સંબંધી બહુવિધ પરિસંવાદો, અધિવેશનો, કાર્યશિબિરોનું આયોજન અને ચાવીરૂપ વ્યાખ્યાનો વગેરેમાં ૨૦૦ જેટલાં શોધપત્રોની પ્રસ્તુતિ અને તેટલાં જ શોધપત્રોનું પ્રકાશન તથા ૧૮ વિદ્વતભોગ્ય મૌલિક / સંપાદિત પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. તેમના દ્વારા ૧૯૯૪થી ૨૦૧૬ દરમિયાન સંપાદિત અર્ધવાર્ષિક જર્નલ 'Critical Practice' એ ભારત અને વિશ્વના બૌદ્ધિકોનું એક મિલન સ્થળ સમાન મહોરી ઊઠ્યું છે કે જેનાં ૨૮ વૉલ્યુમ્સ પ્રગટ થયાં છે. આ ઉપરાંત વિખ્યાત પ્રકાશક 'Routledge, Taylor & Francis' દ્વારા પ્રકાશિત 'Critical Discourses in South Asia'ના જનરલ સંપાદક તરીકેની જવાબદારી સંભાળતા હતા. તેમના માર્ગદર્શન હેઠળ ૧૫

વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અને ૧૧ વિદ્યાર્થીઓએ એમ.ફીલની ડિગ્રી મેળવી છે. તેમનાં વિદ્વત્ત પુસ્તકો – મૌલિક અને સંપાદિત પૈકી કેટલાંક આ રહ્યાં : Valmiki Ramayan : Vocies and Visions (2017), Sanskrit Alochana ki Bhumika (2017) Samkalin Alochana Vimarsh (2016), Revisiting Literature, Criticism and Aesthetics in India (2012), Vocies of Women : Gargi to Gangasati (2008) Ramayana Through Ages (2007), Interventions : Literary and Critical Discourses (2007) Indian Knowledge Systems, 2 vols. (with Kapil Kapoor) (2005) The plays of Eugene O'neill : A Study in myths and Symbols (1991) વગેરે. હિંદીના દિગ્ગજ આલોચક સ્વ. ડૉ. નામવર સિંહે 'સમકાલીન આલોચના વિમર્શ'ની ભૂમિકામાં અવધેશ કુમારના આલોચના ક્ષેત્રે પ્રદાન અને તેમની આગવી વિશેષતાઓ રેખાંકિત કરતાં નોંધેલ મંતવ્ય ''ઈસકી વિશેષતા યહ હૈ કી ઈસમેં આલોચના કો સંસ્કૃત તથા અંગ્રેજી પરંપરાઓ કે પરિપ્રેક્ષ્ય મેં દેખને કે સાથ સમકાલીન આલોચના કે મુખ્ય સરોકારોંકી સાફગોઈ ચર્ચા કી ગઈ હૈ તથા તુલનાત્મક અધ્યયન કે પ્રારુપોં કો ભી સુજાયા હૈં' સુચિંતનીય બની રહે છે.



'Revisiting Literature, Criticism and Aesthetics in India' (2012) એ ડૉ. અવધેશ કુમારની પરિણિત પ્રજ્ઞા અને પ્રતિભાનો દ્યોતક ગ્રંથ છે કે જેમાં સંસ્થાનવાદ, ઉત્તર – સંસ્થાનવાદ, સાહિત્ય વિવેચન અને ભારતીય સૌંદર્યશાસ્ત્ર વિશે એક જિજ્ઞાસુની દૃષ્ટિએ સંશોધકીય અભિગમથી મૌલિક અને તટસ્થ વિવેચના કરવામાં આવી છે. અહીં લેખક દ્વારા ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ સંદર્ભેના કેટલાક પ્રશ્નો : જેમ કે, ભારતની સાહિત્યિક, વિવેચનાત્મક અને સાંસ્કૃતિક કઈ વાસ્તવિકતાઓ છે ? ભારતીય સંસ્કૃતિ કઈ રીતે જીવંત રહી ? ભારત બહુભાષી દેશ હોવા છતાં તેની યુનિવર્સિટીઓમાં વિવિધ ભાષા-સાહિત્યના અલગ-અલગ વિભાગો કેમ છે ? સામાન્ય રીતે ભારતીય જ્ઞાનપદ્ધતિઓ અને સવિશેષતઃ સંસ્કૃત ભાષા શિક્ષણની મુખ્યધારામાંથી કેમ નિષ્કાસિત થયાં અને તેનાં કેવાં પરિણામો આવ્યાં ?, મૌખિક અને લેખિત સાહિત્ય તથા સંસ્કૃત અને પ્રાકૃત બોલીઓ તથા ભાષા વચ્ચેના પરસ્પરોપજીવી સંબંધનું શું થયું ?, ભારતીય ચેતના ઉપર સંસ્થાનવાદ – ઉપનિવેશવાદનો શો પ્રભાવ રહ્યો ?, સંસ્થાનવાદોત્તર ભારતે વૈશ્વિકીકરણના કારણે બદલાયેલ પરિસ્થિતિનો કેવો પ્રતિભાવ આપ્યો વગેરે. અને તેને ભારતમાં અને ભારત બહાર – સવિશેષતઃ અંગ્રેજીભાષી દેશોમાં જે રીતે નિરૂપિત કરવામાં આવે છે તેનો પોતે મનોમન સામનો કરી રહ્યા છે તેમ જ તેનાથી વ્યથિત પણ છે, તેનો ભારતીયતાની લાગણીથી પ્રેરાવા છતાં સઘન અધ્યયનના આધારે તટસ્થતાપૂર્વક પ્રત્યુત્તરો આપવામાં આવ્યા છે. આ સાથે આપણી મર્યાદાઓ તરફ પણ આંગળી ચીંધે છે – ''We are not able to receive our own tradition and also west because we still suffer from cognitive colonization.'' નોંધવું રહ્યું કે આ એક ગ્રંથ જ લેખકને દેશના અંગ્રેજી, તુલનાત્મક સાહિત્ય અને ભારતીય સાહિત્યના પ્રતિભાશાળી વિવેચકોની અગ્રપંક્તિમાં પ્રસ્થાપિત કરવા માટે પર્યાપ્ત બની રહે છે.

પૂજ્ય મોરારિ બાપુનાં પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદથી તેમના સાંનિધ્યમાં મહુવામાં આયોજિત 'રામાયણ પરિસંવાદ'માં રજૂ કરવામાં આવેલાં ૧૯ વિદ્વત્ત શોધપત્રોનું ડૉ. અવધેશ કુમાર દ્વારા 'Valmiki

Ramayana : Voices and Visions (2017) શીર્ષક હેઠળના સંપાદિત ગ્રંથમાં તેમની ૮૩ પેજની પ્રસ્તાવના 'રામાયણ'ના આકંઠ અને આરૂઢ અભ્યાસીની પ્રતીતિકારક બની રહે છે, કે જે તેના વિચાર ગાંભીર્યને ધ્યાને લેતાં એક સ્વતંત્ર મોનોગ્રાફ સમાન છે. અહીં વાલ્મીકિ દ્વારા રચવામાં આવેલ 'રામાયણ' પૂર્વે લોકકંઠે અને પ્રાકૃત અથવા લોકભાષામાં તેના વૃત્તાંતોની પ્રાપ્તિથી શરૂ કરી જૈન અને બૌદ્ધ સંસ્કરણો, આધુનિક ભારતીય ભાષાઓ ઉપરાંત પર્શિઅનમાં તથા દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં પ્રચલિત રામકથાનાં વિવિધ સંસ્કરણોનું અને સુદીર્ઘ પરંપરાનું અવલોકન રજૂ કર્યા બાદ 'રામાયણ'માં નિગૂઢ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પદ્ધતિઓના બહુશ્રુત અને બહુઆયામી સમૃદ્ધ ખજાનાને ઉજાગર કરી આપવામાં આવ્યો છે. આ સાથે જ રાજકીય અને ધાર્મિક રીતે વિતંડાવાદભરી સ્થિતિમાં તુલસીદાસ દ્વારા લોક અને શાસ્ત્ર પરંપરાન ધ્યાને લઈ 'રામચરિત માનસ'ની રચના દ્વારા રામકથાને નવો અવતાર આપવા સંદર્ભે અર્થસભર વિચાર – વિશ્લેષણ રજૂ કર્યા બાદ 'રામાયણ'ની મહાનતા શામાં નિહિત છે તે સંદર્ભેનું મંતવ્ય 'Perhaps it is its sublime poetry and engagement with human existential issues of lasting significance at different levels that make it a class apart... In addition to it, Ramayana not only imparts knowledge but takes it receivers beyond knowledge to the world of wisdom' સુચિંતનીય બની રહે છે.

ડૉ. અવધેશ કુમારની ક્રિયાશીલ વિદ્વત્તા અને તજજ્ઞતાના કારણે ગુજરાતની યુનિવર્સિટીઓ ઉપરાંત દેશની ગણનાપાત્ર યુનિવર્સિટીઓએ જેમ કે કલકત્તા, મુંબઈ, લખનૌ, વડોદરા, જયપુર, ઉદયપુર, દિલ્હી, અમૃતસર, નાંદેડ, પૂના, જાદવપુર, નાગપુર, બનારસ, જેએનયુ, જામિયા મિલિયા, મૈસુર વગેરે દ્વારા આયોજિત પરિસંવાદો, અધિવેશનો વગેરેમાં ચાવીરૂપ વ્યાખ્યાન કે ચેયર પર્સન કે યુજીસી વિઝિટિંગ ફેલો તરીકે આમંત્રિત કર્યા હતા. વધુમાં, આ પૈકી વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા આયોજિત વિદ્વત્ત વ્યાખ્યાનમાળાઓ જેમ કે બનારસ હિંદુ યુનિવર્સિટી દ્વારા 'પુરોહિત સ્વામી મેમોરિઅલ લેક્ચર' અને 'પ્રો. વી. રાય મેમોરિઅલ લેક્ચર', સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'એચ. એમ. પટેલ મેમોરિઅલ લેક્ચર', હેમચંદ્રાચાર્ય નાર્થ ગુજરાત યુનિવર્સિટી, દ્વારા 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા', Christian Albert University, Kiel (Germany) દ્વારા 'Kieler Wohr Lecture', બોમ્બે યુનિવર્સિટી દ્વારા 'પ્રો. જી. સી. બેનરજી મેમોરિઅલ લેક્ચર' વગેરે દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાષ્ટ્રની ગૌરવરૂપ સંસ્થાઓ યુ.જી.સી., સાહિત્ય અકાદમી, આઈ.આઈ.એ.એસ., સિમલા, એશિયાટિક સોસાયટી, નેક, ગુજરાત સરકાર વગેરે દ્વારા શૈક્ષણિક અને વહીવટીય જવાબદારી વાળી ખૂબ જ મહત્ત્વપૂર્ણ કામગીરી સોંપવામાં આવી હતી, જે તેમની વિદ્વત્તા અને કાર્યનિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. ૧૯૯૭માં યશકલગીરૂપ 'British Council Academic Visitorship to Corpus Christi College, Oxford' તેમને એનાયત કરવામાં આવી હતી. વધુમાં, ભારત સરકાર દ્વારા 'Sino-Indian Cultural Exchange Program'ના ભારતીય પ્રતિનિધિ મંડળના પ્રમુખ તરીકે વર્ષ ૨૦૧૫માં નિયુક્તિ થતાં બૌજિંગની મુલાકાત દરમિયાન 'બેજિંગ ઇન્ટરનેશનલ બુક ફેર' (૨૦૧૫)માં ચાવીરૂપ વ્યાખ્યાન પણ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ડૉ. અવધેશ કુમારનું વતન : સરૌઠ, જિ. એટા (ઉત્તર પ્રદેશ) છે. જન્મ : ૨૮ જૂન, ૧૯૬૦. સેન્ટ જહોન કૉલેજ, આગ્રામાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. આગ્રા યુનિવર્સિટીમાંથી Dr. Job Maxwell Sufirના માર્ગદર્શન હેઠળ 'Myth and Symbolism in Modern American Drama : With Special Reference to Eugen O'Neill' વિષય હેઠળ Ph.D.ની ઉપાધિ મેળવી હતી.

આવા ગરવા અને સવાયા ગુજરાતી પ્રો. અવધેશ કુમાર સિંહના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે અને શોકસંતપ્ત પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ અને સર્વ વિદ્યાલય પરિવારની આર્તસ્વરે પ્રાર્થના.

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી

# માતૃસંસ્થાનાં સંસ્મરણો

શિવાભાઈ ખોડીદાસ પટેલ

આજથી પચાસ વર્ષ પહેલાંનો જમાનો એવો હતો કે ગામડાંઓમાં ભણવા માટે નિશાળો ન હતી તેથી જોડેના મોટા ગામની શાળામાં ભણવા જતો. લોકોમાં કેળવણીની ભૂખ જાગી હતી પણ કેળવણી આપનાર સંસ્થાઓ જ ન હતી. આથી પૂજ્ય છગનભાનો આત્મા ઊંડે ઊંડે દુઃખ અનુભવતો અને તેના માટે કોઈ સંસ્થા (રહેવા તથા ભણવા) ઊભી કરવી જોઈએ. એના માટે તેમણે કડીને પસંદ કર્યું. ભાડાના મકાનમાં બોર્ડિંગની સંસ્થાના શ્રી ગણેશ તો કર્યા પણ કોઈ વિદ્યાર્થી દાખલ થાય નહિ. ભા ગામડે ગામડે ભટકતા અને કહેતા 'મારે પૈસા જોઈતા નથી, મારે તો તમારો દીકરો જોઈએ છે.' આમ પરાણે માબાપને સમજાવી વિદ્યાર્થી એકઠા કરવા માંડ્યા અને ફક્ત પાંચ જ વિદ્યાર્થીથી સંસ્થા શરૂ કરી. સને ૧૯૨૦માં કડીની ઉત્તરની ભાગોળે અમીનસાહેબના ડહેલામાં બોર્ડિંગ શરૂ કરી અને ૧૯૨૧માં હું દાખલ થયો તે વખતે સંસ્થામાં ૨૧ વિદ્યાર્થીઓ હતા અને હું ૨૨મો ઉમેરાયો.

નરસિંહ મહેતાને તેમના વેવાઈએ ઉતારા માટે જેવું મકાન આપ્યું હતું તેવું જ આ મકાન હતું. ખાડા-ટેકરા અને લીલવાળું, ચોમાસામાં નળિયામાંથી પાણી ટપકે, હવાઉજાસ વગરનું, ગટર કે પાણીના નળ નહિ. અમો જાતે જ કપડાં અને નાહવા-ધોવા માટે કૂવામાંથી પાણી ખેંચતા. આ જોતાં અત્યારના વિદ્યાર્થીઓ તો ઘણા જ ભાગ્યશાળી છે, તેમના માટે ભા બધી જ સગવડ કરી ગયા છે. એક નાનું બીજ આજે એક મોટો વડલો થયું છે અને હજારો વિદ્યાર્થીઓને આશ્રયદાતા થઈ પડ્યું છે.

તે વખતે બોર્ડિંગમાં લાડોલ, નારદીપુર અને કાસ્વાના મુખ્ય વિદ્યાર્થીઓ હતા. સૌથી મોટા વિદ્યાર્થીઓમાં લાડોલના દેસાઈભાઈ, પ્રભુદાસ, કાળીદાસ, નારદીપુરના રામભાઈ, કેશવલાલ, કાસ્વાના સ્વ. મણિભાઈ, અંબાલાલ અને છોટુભાઈ (હાલ ઘઉંના વહેપારી) અને રાજપુરના પ્રહલાદભાઈ અને શંકરભાઈ મુખ્ય હતા. જેઓ બધા જ કોટમાં આવેલ એ. વી. સ્કૂલમાં ભણવા જતા.

હું નવેનવો ગામડેથી આવેલો દાખલ થયો તે જ દિવસે શીખંડ-પૂરીનું ભોજન હતું. મનમાં થયું કે અહીં તો રોજ-રોજ આવું ખાવાનું મળશે પણ બીજે જ દિવસે ભાખરી-શાક મળ્યાં. તે વખતે ભોજન ફી ફક્ત રૂ. ૫ હતી, જે ભરવાની મારા બાપુજીને ભારે પડતી, પણ પોતાનાં બાળકોને શિક્ષણથી વંચિત તો ન જ રાખવાં જોઈએ; તેથી દેવું કરીને પણ અમો બે ભાઈઓને સંસ્થામાં દાખલ કર્યા. પોતે મારા ગામ મોરવાથી રાતના ઘીનો ડબો ઉપાડી કડી સ્ટેશને આવી જતા અને ગાડીમાં બેસી અમદાવાદ જઈ ઘીનો ડબો વેચી આવતા. એક ડબે રૂ. ૨ મળતા. એવી મહિનામાં ચાર-છ ખેપ કરતા અને અમારી ફી જેટલા પૈસા ઊભા કરી લેતા. એ દિવસોની સોંઘવારી પૂછશો જ નહિ. રૂપિયો ગાડાના પૈડા જેવો હતો. એવા હતા એ વખતના દિવસો.

હું પણ કોટમાં આવેલ એ. વી. સ્કૂલમાં ભણવા જતો. માથે ધોતલીનો ફેંટો, પહેરણ અને ધોતલી પહેરતો. બાપાએ હજુ મારા માટે જોડા ખરીદ્યા જ ન હતા. અંગ્રેજી પહેલું ધોરણ એ. વી. સ્કૂલમાં ભણ્યો અને બીજા જ વર્ષથી (સન ૧૯૨૨) અમીનસાહેબના બીજા ડહેલામાં ધોરણ ૧ અને ૨ અંગ્રેજી શાળા શરૂ કરી. શિક્ષક ગણમાં શ્રી છગનભાઈ, શ્રી પોપટભાઈ અને શ્રી દાસકાકા હતા. છગનભાઈ અંગ્રેજી શીખવતા, પોપટભાઈ ગણિત શીખવતા. પુરુષોત્તમદાસકાકા ઇતિહાસ શીખવતા, વ્યાયામ માટે થોડો વખત બબાભાઈ રામદાસ આવેલા અને અમને લાઠી, લેજીમ, ઢાલ, લાકડી અને કુસ્તીના દાવ શીખવેલા. અમારી પાસે જ બચુભૈયા માવાવાળા રહે. તેઓ મલ્લ હતા. સારા કુસ્તીબાજ હતા. પેંડા બનાવવાનો ધંધો કરતા હતા. તેમના પેંડા કડીમાં વખણાતા. તેઓ રોજ સવારે પશુની જેમ ચોપગા (હાથ જમીનને અડકાડી) બે માઈલ સુધી લક્ષ્મીપુરા ગામે જતા અને આવતા. આવીને એક હજાર દંડ અને પંદરશો બેઠક લગાવતા. તેની અસર અમારા ઉપર થઈ અને અમે પણ ડહેલામાં અખાડો બનાવ્યો અને

કુસ્તીના દાવ કરવા લાગ્યા. તે વખતમાં બોર્ડિંગના ગૃહપતિ કુબેરભાઈ છો. પટેલ હતા. તેઓ પણ કુસ્તી લડવાના શોખીન હતા અને અમારી સાથે કુસ્તીમાં ઊતરતા. ૧૯૨૨થી વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને મકાન નાનું પડવા લાગ્યું તેથી ખાખચોકના મંદિરનો મેડો ભાડે રાખ્યો અને ત્યાં થોડા વિદ્યાર્થીઓ ગયા. ૧૯૨૩ની સાલમાં અંગ્રેજી ત્રીજું ધોરણ શરૂ કર્યું. અમીન સાહેબનો મેડો નાનો પડવા લાગ્યો તેથી શહેરની મધ્યમાં બંદૂક સાહેબની હવેલીમાં શાળાને લઈ ગયા. શહેરમાંથી પણ ઘણા વિદ્યાર્થીઓ આવવા લાગ્યા અને શાળાએ ઘણી નામના મેળવી. નગીનભાઈ દાઢી રાખીને અને સફેદ વસ્ત્રોમાં તે જ વખતે આવેલા અને અમને રેંટિયો કાંતતા શીખવેલું.

હવે વિદ્યાર્થીઓની સંખ્યા બહુ જ વધવા લાગી. રહેવાનું તથા શાળાનું મકાન નાનું પડવા લાગ્યું તેથી છગનભાએ કડી સ્ટેશનની દક્ષિણે આશ્રમ માટે જમીન રાખી. આ વાત સાંભળતાં જ અમો વિદ્યાર્થીઓ બહુ આનંદમાં આવી ગયા. શુભસ્ય શીઘ્રમ્‌ના ન્યાયે તુરત જ પાયો ખોદવાનું કામકાજ શરૂ કર્યું. અમો મોટા વિદ્યાર્થીઓ જાતે પાયો ખોદવા જતા અને કામ ઝડપભેર આગળ વધવા માંડ્યું. રજાના દિવસે અમો હાથલારી લઈને ઈંટો ઈંટવાડેથી લાવી પાયા પર નાખી આપતા તેના બદલામાં અમને મહેનતાણું મળતું. મને ખ્યાલ છે કે મેં આખા વર્ષની સ્કૂલ ફીના પૈસા ત્રણ મહિનામાં કમાઈ લીધા હતા. તે વખતે સ્કૂલ ફી રૂ. ૧થી ૧.૫૦ હતી.

ટૂંક સમયમાં જ હાલ જ્યાં આશ્રમનું રસોડું છે તેનો કેટલોક ભાગ તૈયાર થતાં અધીરા થયેલા વિદ્યાર્થીઓ અમીનનું ડહેલું ખાલી કરી બિસ્તરાપોટલાં લઈ નવા મકાનમાં આવી ગયા. થોડા સમય પછી આશ્રમનો મેડાવાળો ભાગ પણ તૈયાર થયો અને શાળા પણ બંદૂકસાહેબની હવેલી ખાલી કરી નવા મકાનમાં આવી ગઈ.

આ વર્ષથી ધોરણ ૪ સુધીની શાળા થઈ. નવા શિક્ષકોમાં ચુનીભાઈ ધનજીભાઈ (લાડોલવાળા), બાપુભાઈ ગામી સાહેબ, વાલજીભાઈ, મોહનભાઈ ભાવનગરવાળા અને ગોવિંદભાઈ દેસાઈ કડીવાળા જોડાયા. શાળાનું કામકાજ સરસ ચાલવા લાગ્યું. કાંતણ, સુથારી, વણાટકામ અને સંગીતના વર્ગો શરૂ થયા. દરેક વર્ષે સંસ્થા એક સાંસ્કૃતિક પ્રોગ્રામ કરતી. રમતગમતની તાલુકા હરીફાઈ પણ યોજાતી જેમાં આપણી સંસ્થા મોખરે રહેતી. મને સંગીતનો ભારે શોખ. એટલે સંસ્થામાં હતો તે જ વખતે હાર્મોનિયમ, સિતાર અને તબલાં વગાડતાં શીખી ગયો હતો અને આના પરિણામે જ હું સંગીતશિક્ષક બન્યો. તે વખતે મહારાજા ગાયકવાડ સાહેબ અચાનક સંસ્થામાં પધાર્યા હતા. તેમની સમક્ષ મેં લાઠીદાવ કર્યો હતો અને ચાલતી લાઠીએ કાંકરી પાછી પાડી હતી. મહારાજા સાહેબ અમારો વ્યાયામનો પ્રોગ્રામ જોઈ ઘણા ખુશ થયા હતા અને સંસ્થાને મદદ કરી હતી.

પૂજ્ય છગનભા સંસ્થા માટે ફાળો એકઠો કરવા ગામડે ગામડે અને શહેરોમાં જતા પણ તેટલા પૈસાથી સંસ્થાનું ચણતરનું બાકી રહેલું કામ પૂરું થાય તેમ ન હતું. તેથી સંસ્થાના સંચાલકોએ એક સરસ નાટક તૈયાર કરી તે દ્વારા પૈસા પ્રાપ્ત કરવાનું વિચાર્યું. 'મહારાણા પ્રતાપ'નું નાટક ભજવવાનું નક્કી કર્યું. મુખ્ય પાત્ર મહારાણા પ્રતાપનું મેં તૈયાર કર્યું અને શક્તિસિંહનું પાત્ર લાડોલવાળા ચીમનભાઈ ધનજીભાઈએ લીધેલું. તે નાટક અમોએ અમદાવાદ ભારત ભુવન થીએટરમાં ભજવ્યું અને એક 'શો'માં જ રૂ. ૭૦૦૦ મળ્યા અને બીજો શો પાટડી દરબારસાહેબને ત્યાં પાટડી મુકામે ભજવ્યો. આ નાટકમાં ગોવિંદભાઈ દેસાઈએ (કડીવાળા) અમને માર્ગદર્શન આપ્યું હતું.

આટલી મદદથી સંસ્થાનું ગાડું ગબડવા લાગ્યું. વળી પાછી પૈસાની તંગી પડવા લાગી એટલે છગનભા અને ભાવનગરવાળા હરજીવનભાએ મને અને હરગોવિંદદાસ ભાવસાર જે મારા સહાધ્યાયી હતા અને સિતાર, તબલાં સારી રીતે વગાડી જાણતા હતા તેમને સુરત તથા મુંબઈ સંસ્થા માટે ફાળો એકઠો કરવા સાથે લીધા. મારો રાગ સારો અને વાજુ વગાડતાં પણ આવડે. તેથી જ્યાં જઈએ ત્યાં હું વાજા સાથે ગીતો ગાતો અને હરગોવિંદભાઈ તબલાં વગાડતા, રંગત સારી જામતી. સુરતમાં એક જગ્યાએ સભામાં ભા બોલ્યા હતા કે આપો આ મારા શિવાને હાથમાં લાઠી અને તમે કાંકરી છૂટી ફેંકો. કાંકરી પાછી પડે છે કે નહિ તે જુઓ. સુરતમાંથી સારો એવો ફાળો એકઠો કરી મુંબઈ ગયા ત્યાં ઘાટકોપરમાં ચંદુલાલ શેઠ વીરમગામવાળાને ત્યાં ઊતર્યા હતા. પંદર દિવસ મુંબઈમાં મોટા મોટા શેઠિયાઓને મળી સારો એવો ફાળો એકઠો કરી લાવ્યા હતા. આ છે મારી વહાલી માતૃસંસ્થાનાં સંસ્મરણો.

(સુવર્ણજયંતી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણજયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક વર્ષ ૧ અંક ૩૦ તા. ૨૩-૪-૭૦, પૃ. ૩-૪માંથી સાભાર)

# એક `બ્રોકન હોમ'ની વાત

**મોહનલાલ પટેલ**

ધનાભાઈ વકીલની ઇચ્છા અનુસાર અમે વર્મોન્ટમાં ડેવિડને મળવાનું નક્કી કર્યું. ધનાભાઈના મુખે ડેવિડ વિશે જે સાંભળવા મળેલું તે સિવાય ડેવિડનો મને કશો પરિચય નહોતો.

ડેવિડ થોડાં વર્ષો પહેલાં અમેરિકાની પીસ કોર (Peace Corp)ના એક સભ્ય તરીકે પત્ની સાથે એક વર્ષ પૂરતો ભારત આવીને રહ્યો હતો. એના ગુજરાતમાં રોકાવા વખતે એ થોડા દિવસ માટે ધનાભાઈનો અતિથિ બન્યો હતો. એ અમેરિકા પાછો ગયો એ પછી ધનાભાઈ પર એના પત્રો આવતા. પ્રત્યેક પત્રમાં એ ધનાભાઈ અમેરિકામાં એના મહેમાન બને એવો આગ્રહ વ્યક્ત કરતો.

પણ આવા સંબંધોની બાબતમાં સાધારણ રીતે બનતું આવ્યું છે તેમ પત્રોનો સમયગાળો વધતો રહ્યો અને છેલ્લા વર્ષમાં તો ડેવિડનો એક પણ પત્ર ધનાભાઈને મળ્યો નહોતો. ઓસરી રહેલા સંબંધને તાજો કરવા ધનાભાઈએ ડેવિડને મળવાનું વિચાર્યું હતું.

ડેવિડને મળવાનું નક્કી કર્યું એ દિવસોમાં અમે ન્યુજર્સીમાં ધનાભાઈનાં દીકરી-જમાઈ પ્રભાબહેન અને ભરતકુમારના મહેમાન હતા.

ધનાભાઈએ ડેવિડને ફોન કર્યો અને એને ત્યાં રાત્રિરોકાણની પણ ઇચ્છા વ્યક્ત કરી.

ડેવિડે વળતો જવાબ આપ્યો : 'આવો, જરૂર આવો. શુક્રવારે પરિવાર સાથે આવી પહોંચો.'

'શુક્રવારે તો તમારે ધંધાકીય રોકાણ હશે ને ?'

'એવું કશું નથી. નવરો ધૂપ છું, એ દિવસે આવી જાઓ.'

શુક્રવારે બે વાગ્યે અમે નીકળ્યા. પરિવારમાં પ્રભાબહેન અને ભરતકુમાર ઉપરાંત એમનાં બે બાળકો હેતલ અને ભારવિ અમારી સાથે હતાં. હેતલ છ વર્ષની અને ભારવિ એનાથી બે વર્ષ નાની હતી.

વર્મોન્ટ ન્યૂયોર્ક રાજ્યની ઉત્તરે ૧૫૦ માઈલના અંતરે અને કેનેડાની દક્ષિણ સરહદે આવેલું નાનું સરખું રાજ્ય છે. જંગલો અને પહાડી પ્રદેશોથી ભરપૂર આ રાજ્યમાં શિયાળામાં બરફની ખૂબ વર્ષા થાય છે. સહેજે ત્રણચાર ફૂટના થર થઈ જાય ! ડુંગરાના ઢોળાવ અને જામેલો બરફ, સ્કીઈંગ માટેની આદર્શ જોગવાઈ. વર્મોન્ટ સ્કીઈંગનું પર્યાય. વર્મોન્ટ એટલે વિવિધ વળાંકો લેતી બરફની સડક પર તેજ ગતિની રાઈડોનું રાજ્ય. શિયાળામાં આખું અમેરિકા સ્કીઈંગ માટે અહીં ઊમટે અને વર્ષ દરમિયાન ખાલી રહેતી હોટલો ભરચક થઈ જાય. દરિદ્ર દેખાતું વર્મોન્ટ વૈભવનિકેત બની જાય.

આ વર્મોન્ટમાં અમારે ડેવિડના સાઉથ રૉયલ્ટન નામના ગામમાં પહોંચવાનું હતું. ડેવિડે દર્શાવેલો માર્ગ લઈને એણે જણાવેલા સ્થળે અમે પહોંચ્યા. ડેવિડ એની લાલ રંગની નાજુક ટ્રકની બહાર અમારી રાહ જોતો ઊભો હતો. એનો છ વર્ષનો દીકરો જેકરી એની સાથે હતો.

સવા છ ફૂટ જેટલી ઊંચાઈ, તામ્રવર્ણા લાંબા વાળ, તમાકુ રંગની ભરાવદાર દાઢી, વિશાળ ભાલપ્રદેશ, આંખોમાં દૂરથી પણ જોઈ શકાય એવી ચમક... પ્રભાવશાળી આદમી. એની પત્ની સાથે નહોતી એનું અમને થોડું આશ્ચર્ય થયું.

ધનાભાઈ ડેવિડની ટ્રકમાં ગોઠવાયા અને જેકરી અમારી કારમાં આવ્યો. જેકરી ખુશહાલ હોય એવું જણાયું. આ એક અસાધારણ વાત હતી. અજાણ્યા માણસોના સાંનિધ્યમાં માની સોડમાં ભરાઈ જવાની આ ઉંમર. એ ઉંમરનો છોકરો બાપથી અળગો થઈને અજાણ્યાં માણસોના ટોળામાં આવીને ભળી ગયો હતો. નિશ્ચિતપણે કશુંક અસાધારણ હતું.

કારમાં જેકરી મારી અડોઅડ બેઠો હતો. એટલે મારી સાથે વધારે વાત કરવાનો સંજોગ ઊભો થયો. હું કશી ભાષાકીય અડચણ વગર એના સ્તરે ઊતરીને વાત કરતો હતો. મૂળ શિક્ષક ખરો ને !

ગાડી ધીમી ગતિએ જતી હતી. રસ્તો કાચો હતો. લાલ પથ્થરને ભાંગી-ટીપીને બનાવેલી સડક ઉપર ગ્રેવલ

પાથરેલી હતી. ગ્રેવલના કાંકરા ગાડીના ટાયર નીચે દબાઈને ગિલ્લીગતિએ ઊછળીને ગાડીની બૉડી સાથે ટકરાતા હતા. સર્પાકારે જતી એક નદી માર્ગમાં આવ્યા કરતી હતી. આના કારણે લાકડાના ત્રણ બ્રિજ અને એક અંડરબ્રિજ વટાવવા પડ્યા. આ બધું ગાડીની મંદગતિનું નિમિત્ત બન્યા કરતું હતું. પરિણામે જેકરી સાથે દોસ્તી થવાનો અવકાશ વધતો જતો હતો.

ડેવિડનું ઘર આવ્યું.

આકાશ ચોખ્ખું હતું અને સૂર્ય પશ્ચિમ તરફ ઊતરી રહ્યો હતો.

ઘર ખોલતી વખતે ડેવિડે કહ્યું : 'ઘર દોઢસો વર્ષ જૂનું છે.'

મેં કહ્યું : 'તમારા વર્મોન્ટમાં કવિ રૉબર્ટ ફ્રોસ્ટનું મકાન પણ બરાબર દોઢસો વર્ષ પુરાણું અને પથ્થરનું છે.'

ઘર રસ્તા પર હતું. રસ્તાની સામેની બાજુએ ડેઈઝી ફૂલ ઝૂલી રહ્યાં હતાં. રસ્તો હજુ આગળ ટેકરી ચઢતો ઊંચે જતો હતો. ટેકરીના મથાળે બેત્રણ મકાન દેખાતાં હતાં.

અમે મકાનમાં પ્રવેશ કર્યો. પહેલા ખંડમાંની અસ્તવ્યસ્ત ચીજો જોતાં સમજાઈ ગયું કે ગૃહિણી ઘરમાં નથી. અમારા આગમન વખતે અમારી રાહ જોતા ડેવિડ સાથે એની પત્નીને ન જોઈ ત્યારે થોડું આશ્ચર્ય થયું હતું. અત્યારે પ્રવેશ પછી પહેલા ખંડની અવ્યવસ્થા જોતાં પેલું આશ્ચર્ય હવે પ્રશ્નમાં ફેરવાઈ ગયું.

હજુ અજવાળું પૂરતા પ્રમાણમાં હતું એટલે ડેવિડે એના વસવાટને દેખાડવા અમને સાથે લીધા. ઘરના પાછળના ભાગમાં લઈ ગયો. ઘરને અડીને મરઘાંનો શેડ હતો અને એની બાજુમાં એક મોટો યાર્ડ હતો, એમાં થોડાં શાકભાજી અને ફૂલછોડનો ઉછેર હતો. ડેવિડે કહ્યું : 'આ બધું ઝેનીફર સંભાળતી હતી. હવે એનો મૅનેજર જેક છે.' યાર્ડથી થોડા અંતરે એક નાનું સરખું જળાશય (Pond) હતું. એની ચારે તરફ વગડાઉ વનસ્પતિ હતી. એ વનસ્પતિના કારણે જળાશય રળિયામણું લાગતું હતું. થોડા ખેદમિશ્રિત સ્વરે ડેવિડ બોલ્યો : 'આ જળાશયની આર્કિટેક્ટ ઝેનીફર.'

'જળાશયની આર્કિટેક્ટ ?'

'હા, આ જળાશય આપમેળે થયું નથી. એનું નિર્માણ ઝેનીફરે કર્યું છે. એ ઘણી વાર કહેતી, ગામ નદી વિના ન શોભે અને ઘર જળાશય વિના ન શોભે. આ જળાશયની ચોમેરની વગડાઉ વનસ્પતિ ઝેનીફરની અણથક અને અસાધારણ મહેનતનું ફળ છે. આ ઝાડીમાંનાં કેટલાંક ઝાડવાંનાં પાંદડાં ફૂલ કરતાંય વધારે શોભાયમાન છે... જળાશયમાં એક નળ દ્વારા પાણી આવે છે. થોડે દૂર એક ઝરણું વહે છે. એમાંથી નળ વાટે પાણી આ જળાશયમાં આવે એવી ગોઠવણ ઝેનીફરે કરી છે.'

ડેવિડના અવાજમાં થોડી ભીનાશ વર્તાઈ. કોઈક લાગણીના દબાણથી એનો અવાજ ક્ષીણ થઈને અટકી ગયો.

આ આદમી ઝેનીફરમય હોય એવું અમને જણાયું.

થોડી ક્ષણો સુધી બોજભર્યું મૌન છવાયેલું રહ્યું. પછી ડેવિડે એક હાથ લંબાવીને પોતાની જમીનની સરહદ દર્શાવતો હોય એમ બોલ્યો : 'એ મારી અસ્કયામતનો છેડો, અમારાં woods. ત્યાં મોટા ભાગે પાઈન અને વિલિંગ વિલોનાં વૃક્ષો છે.' આટલું કહ્યા પછી વર્તુળાકારે હાથ ફેરવતાં મંદ સ્વરે ઉમેર્યું : 'આ અમારી દુનિયા – હવે મારી અને જેકની...'

ડેવિડે જરાક આડું જોયું.

અહીં ભારે હૈયે ઝેનીફર સાથેના ડાયવૉર્સની કબૂલાત હતી.

ફરીને અમે મકાનમાં પ્રવેશ કર્યો. જેકરી હેતલ અને ભારવિ સાથે બરાબર ભળી ગયેલો હતો. અત્યારે આ બાળકોએ ધમાચકડીમાં જાણે આખું સાઉથ રૉયલ્ટન માથે લીધું હતું. જેકરીનું સારુંયે અસ્તિત્વ વાયુરૂપ બનીને ચારેબાજુએ ફેલાવા લાગ્યું હતું. આનંદ સાથે એ એકાકાર બની ગયો હતો.

પ્રભાબહેન ચા બનાવવાની તૈયારી કરવા લાગ્યાં. ભારતીય રસોઈનો સામાન તો અમે સાથે લઈને આવ્યા હતા, પણ ચા માટે એવું કંઈ લાવવાની જરૂર ન હોય એટલે ચા માટેની કશી સામગ્રી અમે સાથે લાવ્યા નહોતાં. ગૃહિણી વગર ઘરમાં ખૂટતી ચીજોનો હિસાબ કોણ રાખે ? ડેવિડના ઘરમાં ખાંડ ખૂટી હતી. પ્રભાબહેને મધથી ચલાવ્યું. સ્વાદ વિચિત્ર લાગતો હતો. ડેવિડના ચહેરા પર એકાએક લાચારી છવાઈ ગઈ. એ બોલ્યો : 'ઝેનીફર નથી એટલે આમ થયું.'

ડેવિડની લાચારીનો ક્ષોભ દૂર કરવા મેં કહ્યું : 'એ તો એમ જ ચાલ્યા કરે, એનો અફસોસ કરવાનો ન હોય. કાલે આપણે ગામમાંથી ખૂટતી ચીજો લઈ આવીશું.'

આ પછી હું, ધનાભાઈ અને ડેવિડ ઘરની

પરસાળમાં ખુરશીઓ નાખીને બેઠા. આકાશ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને વરસાદ ઝરમર ઝરમર રૂપે શરૂ થઈ ગયો હતો. પવનની હળવી લહરીઓ વરસાદનાં જલશીકરોનો અમારા ઉપર છંટકાવ કરતી હતી.

ઘરની પાળેલી બિલાડીઓ માણસની હેવાઈ હોય એમ અમારી બાજુમાં તો ક્યારેક અમારી ઉપર થઈને દોડકૂદ કરતી હતી. બિલાડીઓની આ હરકત મને પસંદ નથી એમ સમજીને ડેવિડે કહ્યું : 'જેક માટે ત્રણ બિલાડીઓ પાળી છે. ધે આર હીઝ સિસ્ટર્સ એન્ડ ફ્રેન્ડ્ઝ ટૂ.'

'સિસ્ટર્સ એન્ડ ફ્રેન્ડ્ઝ ?'

'હા, એ ન હોય તો જેકનો દિવસ થંભી જાય. આ બિલાડીઓ જેક સાથે લખોટાની રમત રમતી હોય ત્યારે જોવા જેવાં દૃશ્યો સર્જાય છે.'

ગાડીમાં જેકરી લખોટાની વાતમાં વારંવાર બિલાડીઓને લાવ્યા કરતો હતો એનો મર્મ હવે સમજાયો.

બિલાડીઓની વાત આગળ વધારતાં ડેવિડે કહ્યું : 'આ બિલાડીઓ પાછળ મારે ઘણો ખર્ચ કરવો પડે છે.'

'જેક માટે ત્રણ બિલાડીની શી જરૂર ? એકથી ન ચાલે ?'

'ના, એકાદ માણસ કે પ્રાણીના સંગમાં કોઈ રમત જામે નહીં. રમનારની સંખ્યા જેટલી વધારે તેટલી રમત વધારે જામે.'

થોડી ક્ષણો સુધી મૌન છવાયેલું રહ્યું, પછી કોઈ નવા વિચારથી એકાએક ભાવુક બનીને ડેવિડ બોલ્યો : 'ઘણી વાર મને એવો વિચાર આવે છે કે હું તમારા દેશમાં જન્મ્યો હોત તો જેકની અત્યારે જે સ્થિતિ છે તે ન હોત. એને કાકા-કાકી અથવા મામા-મામી કે માસી પોતાને ત્યાં લઈ ગયાં હોત અને મને ખબર પણ ન પડે એમ એને પેટના દીકરાની જેમ ઉછેરવા લાગ્યાં હોત... જેક અત્યારે મારી પાસે જ છે, એને હું અળગો કરી શકતો નથી અને એને એકલો મૂકીને હું ક્યાંય જઈ શકતો નથી... ધંધારોજગારની તો વાત જ ક્યાં રહી ?'

'એનો ઉપાય તમારા હાથમાં છે, એ કેમ કરતા નથી ?'

'તમારી વાત સમજાય છે, પણ એ હમણાં મારા માટે શક્ય નથી. કોર્ટના ચુકાદા પ્રમાણે જ્યાં સુધી ઝેનીફર ફરી લગ્ન કરી ન લે ત્યાં સુધી મારે એને ભરણપોષણ માટે કોર્ટે નક્કી કરેલી રકમ ચૂકવવી પડે. આ રકમ નાનીસૂની નથી. ફરી લગ્ન કરું એટલે બીજી એક સ્ત્રીના ખર્ચનો બોજ વધે. આ કમરતોડ સ્થિતિથી હું વેગળો રહેવા ઇચ્છું છું. કોઈ જૉબ કર્યા વગર જૂની મૂડી પર હું અને જેક શાંતિથી રહી શકીશું... કાલે ઝેનીફર આવે તો એના રંગઢંગ જોઈને મારી આ સ્થિતિનો તાગ તમને મળી જશે.'

અમારી વાતો આગળ ચાલત, પણ પવનનું જોર વધ્યું અને હાડ થીજવી નાખે એવી ઠંડીનો અનુભવ થવા લાગ્યો. હવે ઘરમાં ગયા વગર છૂટકો નહોતો. વળી સાંજના ખાણાનો સમય પણ થયો હતો એટલે અમે ઘરમાં ગયા.

પ્રભાબહેને ભાખરી કરી દીધી હતી. ડેવિડે મકાઈના ડોડા બાફી દીધા. પછી એણે એમના પર મલાઈના થર ચઢાવી દીધા. કાચી શાકભાજીનું સલાડ અને એના પર ડ્રેસિંગ થયું. એપલ જેલી, મુરબ્બો, મધ વગેરે અને અમે સાથે લાવ્યા હતા તે સેવ પણ ખરી અને દૂધ તો ભરપૂર...

'ભોજન લીધા પછી ડેવિડે પૂછ્યું : 'સ્લાઇડ્ઝ જોવાનું ગમશે ?'

એ વર્ષોમાં વિડિયો-સીડી તૈયાર કરવાના સમયનો આરંભ થયો નહોતો. ડેવિડ ભારત આવ્યો ત્યારે એણે જુદાં જુદાં સ્થળો, પ્રસંગો, ઉત્સવો વગેરેના ઘણા ફોટોગ્રાફ લીધા હતા. એના પરથી એણે સ્લાઇડ્ઝ તૈયાર કરાવી હતી.

અમે રસ દાખવ્યો એટલે ડેવિડે પડદા વગેરેની તૈયારી કરવા માંડી. મેં અને ધનાભાઈએ ખંડમાંની ખુરશીઓ આઘીપાછી કરવા માંડી.

સ્લાઇડ્ઝ દર્શન શરૂ થયું.

સ્લાઇડો એક પછી એક એમ ખસતી ગઈ. ભારતનાં સ્થળો અને એમના વાતાવરણ સાથે ઓતપ્રોત ડેવિડ અને ઝેનીફર દેખાવા લાગ્યાં. અમારી સાથે જેકરી પણ આ સ્લાઇડો જોતો હતો. છ વર્ષ પહેલાંનો આ અતીત. જેકરી માટે સાવ નિરાળી અને નવી દુનિયા. ડેવિડ અને ઝેનીફર એ અજાણી દુનિયાનાં પાત્રો. હસતાં, ખેલતાં-કૂદતાં, ધીંગામસ્તી કરતાં પાત્રો. ક્યારેક એકબીજા સાથે અડપલાં કરતાં, તો ક્યારેક ભારતીય મલાજાની પરવા કર્યા સિવાય એકબીજાને આલિંગતાં, ક્યારેક કોઈ મંદિર દ્વારે તો ક્યારેક કોઈ મહેલ કે મહાલયના પરિસરમાં, ક્યારેક કોઈ પર્વત કે ડુંગરનો ઢાળ ચઢતાં કે ઊતરતાં – ધમણની જેમ હાંફતાં, ક્યારેક કોઈ નૌકાવિહારમાં... કેવી રોમાંચક અને રંગીન દુનિયાનાં આ હતાં ખેલંદાં !!

જેકરી આ બધું એકીટશે જોઈ રહ્યો હતો. શો

વિચાર-વ્યાપાર ચાલતો હતો એના મનમાં ? ન જાને.

જે હોય તે, પણ સ્લાઇડદર્શન પૂરું થાય એ પહેલાં જેકરી ખુરશીમાં બેઠો બેઠો ઊંઘી ગયો હતો. અને ડેવિડ એને ખભે કરીને એના સૂવાના રૂમમાં મૂકી આવ્યો.

સ્લાઇડદર્શન પૂરું થયું એ પછી અમે આવતી કાલ વિશે વિચારવા માંડ્યું. ડેવિડે કહ્યું : 'જો આવતી કાલે ઝેનીફર આવશે તો હું તમને સ્કૉશિયા સુધી મૂકી જઈશ. નહીં આવે તો મારે જેક સાથે અહીં ઘરમાં જ રહેવું પડશે. ક્યારેક ક્યારેક શનિવારે એ ન આવે એવું બને છે. આ દિવસોમાં તમે મારા મહેમાન છો એવું મેં એને જણાવ્યું નથી એટલે એના ન આવવાનું પણ બની શકે ખરું.'

'તો તમે એને ફોન કરો ને' ધનાભાઈએ કહ્યું.

'એ આપમેળે નહીં આવે તો વિચારીશું.'

આ અને અન્ય કેટલીક વિચારણાઓ કર્યા પછી સ્લાઇડોની સામગ્રી સમેટીને અમને અમારા માટે સૂવાના ખંડમાં લઈ જઈને શુભરાત્રિ પાઠવ્યા પછી એ એના રૂમમાં ગયો.

અને અમે આવતી કાલના એક ખાસ કાર્ય વિશે વિચારણા કરી લીધી. પ્રભાબહેનની હાજરી હતી એટલે અમને, એમની મદદની ગણતરીએ આ કામ સૂઝ્યું. ડેવિડના ઘરમાં અને ખાસ કરીને, રસોડામાં જે કંઈ ન હોય અથવા ખૂટતું હોય એ આવતી કાલે બજારમાં જઈને ખરીદી લેવાનું નક્કી કર્યું.

આવતી કાલે શનિવારનો દિવસ. ઝેનીફરના આવવાનો દિવસ. ડેવિડ કહેતો હતો કે ઝેનિફર લંચ સમય પછી પરવારીને લગભગ દોઢ વાગ્યાના સુમારે આવે છે.

ખરીદી માટે આટલો સમય પૂરતો હતો.

તત્ક્ષણે ઊંઘ આવી જાય એમ નહોતી. વાતોનો સિલસિલો ચાલુ રહ્યો. મેં કહ્યું : 'આપણે ડેવિડના ઘરમાં જેકરી માટે આનંદનો વંટોળ બનીને આવ્યા છીએ. જેકરી ખુદ વાયુરૂપ બનીને વૂડ્ઝ સુધી... અત્યારે એ આનંદ સાગરમાં ઓળઘોળ છે, પણ આપણે જઈશું ત્યારે એની શી સ્થિતિ થશે ?' આ સ્થિતિના વિચારે હું કંપી ઊઠતો હતો.

મારી બેચેનીની વાત સાંભળ્યા પછી ધનાભાઈએ કહ્યું : 'આમાં કશી ચિંતા કરવા જેવું નથી. આપણા ગયા પછી જેકરીને ચાર-પાંચ દિવસ બોજભર્યો સૂનકાર લાગશે. પછી બધું રાબેતા મુજબનું થઈ જશે.' આટલું કહી ઊંઘવા માટે એમણે રગ ઓઢી લીધો... અને હું જાગતો રહ્યો.

સવારે પરવાર્યા પછી અમે યોજના પ્રમાણે ખરીદી માટે બજારમાં ગયા.

પરત આવ્યા ત્યારે ઘર આગળ એક લાલ સ્પૉર્ટ્સ કાર પાર્ક કરેલી અમે જોઈ.

ઝેનીફર આવી ગઈ હતી.

ઉનાળામાં અમેરિકામાં સ્ત્રીઓએ ટૂંકાં વસ્ત્રો પહેરીને કાર ચલાવતી જણાય છે. ઝેનીફરે બે ટૂંકાં વસ્ત્રો પહેરેલાં હતાં એનું મોટા ભાગનું શરીર આ ટૂંકાં વસ્ત્રોના કારણે ઉઘાડું હતું. એ કંઈક અંશે માંસલ છતાં સુદૃઢ હતું. ઊંચી કાયા, વાળ બદામી રંગના આંખોમાં ચમક.

ધનાભાઈને તો એનો પરિચય હતો જ. ડેવિડે ઝેનીફરને મારો પરિચય કરાવ્યો. અમે અરસપરસ નમસ્તે કર્યા (ઝેનીફર ભારતમાં આવી હતી ત્યારે એણે કેટલાક ભારતીય શિષ્ટાચારો જાણી લીધા હતા.)

ઝેનીફર જેકરીને લઈને તરત નીકળી જવા ઇચ્છતી હતી, પણ અમારા તરફથી જમ્યા પછી જવાનો આગ્રહ થતાં એ રોકાઈ ગઈ.

જમતી વખતે ડાઇનિંગ ટેબલ આગળ ઝેનીફર જેકરી સાથે બેઠી. ડેવિડ સામેની બાજુએ હતો. ઝેનીફર અને ડેવિડ સામૂહિક વાતો કે ચર્ચામાં ભાગ લેતાં હતાં, પણ એમની વચ્ચે અંગત સંવાદ થતો નહોતો.

બપોર પછી સૌ વિખરાવાનાં હતાં. વિદાયની પળ જેમ જેમ નજીક આવતી ગઈ તેમ તેમ ઘરનું વાતાવરણ શુષ્ક અને બોજભર્યું થવા લાગ્યું. એની જેકરી ઉપર ચોખ્ખી અસર જોઈ શકાતી હતી. ગઈ કાલે એના વર્તનમાં જે ઉછાળ હતો તે અત્યારે શમી ગયો હતો. માનવમેળાનો ભૂખ્યો આ છોકરો જાણે વિલાવા લાગ્યો હતો.

તૈયારીઓ થવા લાગી. તૈયારીઓમાં તો બીજું શું ? પેટી-પટારા બંધ કરવાના નહોતા. ભોજન સમયની પ્લેટો, ચમચા, કાંટા, મગ, બાઉલ, જાર વગેરેનો સિંકમાં ખડકલો કરી દેવાનો હતો. બેચાર વસ્તુઓ આમતેમ ઠેકાણે મૂકી દેવાની હતી. મુખ્ય કામ મરઘાંને એમના શેડમાં પૂરી દેવાનું હતું. એ કામ ઝેનીફરે ઉપાડી લીધું. અગાઉની આદત ખરીને ! મરઘાં કેદ થઈ ગયાં અને ઝેનીફર ઘરમાં ગઈ.

સૌ નીકળતાં પહેલાં પોતપોતાની તૈયારીમાં પરોવાયાં હતાં. મારે કશી તૈયારી કરવાની નહોતી. આમતેમ આઘોપાછો થયા કરતો હતો. એ હલનચલનમાં હું સ્ટોરના દરવાજે પહોંચ્યો. દરવાજાનું રોલિંગ શટર હજુ અધ્ધર હતું. દરવાજો ખુલ્લો હતો એટલે હું અંદર જવા

વિચારતો હતો ત્યાં મારી નજર ત્યાં ઊભેલાં ડેવિડ અને ઝેનીફર ઉપર પડી.

કેવું ઉદ્વેગકર દશ્ય હતું ! કોઈ સમજદાર પુરુષ પરાઈ સ્ત્રી સાથે વાત કરતી વખતે જેટલું અંતર રાખે તેટલું અંતર જાળવી રાખીને ડેવિડ ઝેનીફર સન્મુખ ઊભો હતો. બંને વચ્ચે સંવાદ થતો હતો. ડેવિડની નજર ભોંય ઉપર મંડાયેલી હતી, પણ કશોક જવાબ માગતી હોય એવી વેધક નજર સાથે ઝેનિફર ડેવિડના મુખ સામે તાકી રહી હતી. આ ભૂતપૂર્વ દંપતી વચ્ચેનો સંવાદ હું સાંભળી શકતો નહોતો પણ એનું સ્વરૂપ હું જોઈ-સમજી શકતો હતો. મારે મારી જગ્યા પરથી તત્ક્ષણ ખસી જવું જોઈતું હતું પણ કોઈ માનવીય આવેગ મને એમ કરતાં રોકી રહ્યો.

થોડી ક્ષણોના સંવાદ પછી ઝેનીફર રોફભેર ત્યાંથી ચાલી ગઈ અને ડેવિડ સ્તબ્ધ બનીને જડ મૂર્તિશો ત્યાં ઊભો રહ્યો.

શું છે ડેવિડના મનમાં ? એ પ્રતિકારાત્મક વલણ કેમ દાખવતો નથી ? ઝેનીફરનો કયો પ્રભાવ એને પરવશ બનાવી રહ્યો છે ? એ એના મનની વાત મનમાં ઢબુરી રહ્યો છે ? ગઈ રાત્રે મોડા સુધી વાતો કરી એમાં એણે કોઈ બરડ ધાતુની જેમ અનેકધા વિદિર્ણ થઈ ગયેલા એના દામ્પત્ય વિશે એણે કશું કહ્યું નહીં. ક્યાંય ઝેનીફરના વિરુદ્ધમાં એણે એક હરફ પણ ઉચ્ચાર્યો નહીં. અરે, રાત્રે અમને એ સ્લાઇડો બતાવી રહ્યો હતો એ વખતે, કોઈ ભગ્નહૃદયી માણસ જેને બાળી નાખે અથવા કૂવા, તળાવ કે નદીમાં પધરાવી દે એ સ્લાઇડોને એ અમારા કરતાં પણ વધારે રસપૂર્વક જોઈ રહ્યો હતો ! શું સમજવું ?

જેકરી સામે આવીને ઊભો રહ્યો અને મારી વિચારધારા અટકી. જેકરીએ ટૂંકા સમયમાં બંધાઈ ગયેલી એની ટેવ પ્રમાણે એણે મારો હાથ પકડીને હલાવવા માંડ્યો.

મને કહેવાનું મન થયું : 'જેક, હું ભારત જઈશ ત્યારે તું મને ખૂબ સાંભરીશ.' પણ એનો પડેલો ચહેરો જોઈ હું આવું ન બોલી શક્યો. એણે હાથ હલાવતાં હલાવતાં મને પૂછ્યું : 'શિયાળામાં સ્કીઈંગ માટે તમે આવશો ?'

હું શો જવાબ આપું ? જવાબ આપવાના બદલે મેં મારી નજર નીચે કરી. એ નજર દરવાજાના પ્રવેશના એક ખૂણા પર કોઈ અણઘડ હાથે થયેલા પ્લાસ્ટર ઉપર ઠરી. પ્લાસ્ટર ઉપર કેટલાક અક્ષર કોતરેલા હતા. એ અક્ષરોના મથાળે ૐ કોતરેલો હતો. જેકરીના પ્રશ્નનો જવાબ ટાળવા મેં પેલા અક્ષરો તરફ આંગળી કરીને એને પૂછ્યું : 'આ બધું શું છે ?'

જેકરીએ જવાબ આપ્યો : 'ડેડે અમારાં નામ લખ્યાં છે.'

એ નામના અક્ષરો આ પ્રમાણે હતા :

Z.D.B. (ઝેનીફર ડેવિડ બ્રેન્ડલી)

D.B. (ડેવિડ બ્રેન્ડલી)

J.D.B. (જેકરી ડેવિડ બ્રેન્ડલી)

કેટલા ઉમળકાથી કોતરાયાં હશે એ નામ ?! અને આજે ? છિન્ન પરિવાર વિશે હું વધારે વિચાર કરું એ પહેલાં જેકરીએ એનો પ્રશ્ન દોહરાવ્યો : 'કહોને, સ્કીઇંગ માટે તમે આવશો ?'

હું કશાક જવાબની શોધમાં હતો ત્યાં જેકરીને ઉદ્દેશીને ઝેનીફરનો સાદ સંભળાયો : 'જેક, ચાલ આવી જા.'

કોઈ દમામદાર વ્યક્તિનો સાદ થયો હોય એમ જેકરી ઊંચા જીવે એ તરફ ભાગ્યો.

આ ક્ષણે મને એક લાગણી થઈ – મારે અસત્ય બોલવું જોઈતું હતું.

ચૂકી જવાયું એનો એક ડંખ લાગ્યો. મારું મન અત્યંત ઉદ્વિગ્ન થયું.

સ્પોર્ટ્સ કારે ગતિ કરી. જેકરી અમારી દિશામાં જોઈ રહ્યો હતો. આ ઉંમરમાં બાળકો વિદાય થતી વખતે 'બાય' પાઠવવા ક્યાંય સુધી હાથ હલાવતાં રહે છે. પણ અત્યારે જેકરીએ એવું કંઈ ન કર્યું. એ દિઙ્મૂઢ થઈ ગયો હોય એમ એને કશું સૂઝ્યું નહીં હોય. બાકી આમ તો, જેકરી અત્યંત સ્માર્ટ છોકરો હતો. એ કશું ચૂકે નહીં. એની ગાડી નજરથી ઓઝલ થઈ ત્યાં સુધી એ અમારી તરફ જોતો રહ્યો.

ડેવિડે એની મોટરબાઈક સ્ટોર બહાર કાઢી અને સ્ટોરનું રોલિંગ શટર એક જબરદસ્ત આંચકા વડે ખેંચીને બંધ કર્યું. સારાયે જંગલના મૌનને ચીરતો અને આત્મા પર ઉઝરડા કરતો અવાજ વાતાવરણમાં ફેલાયો.

ડેવિડે મોટરબાઈકને કીક મારી.

જીવનમાં પહેલી વાર મેં કીકને બોલતી જોઈ. અને આ હતો મારો સ્વગત ઉચ્ચાર : 'આમાં મોટરબાઈકનો કોઈ વાંક નથી દોસ્ત, ડેવિડ !!'

**૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫**
**મો. ૯૯૦૪૪૮૦૫૨૨**

# ચંદ્રની સફરે (ચંદ્રયાન)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

જૂના જમાનામાં પૃથ્વી ઉપરના જુદાજુદા ભાગોના નકશાઓ તૈયાર કરવામાં ઘણા બધાએ ખૂબ જ મહેનત કરી છે. પૃથ્વીનું કામ પૂરું થતાં માનવજાતને પૃથ્વીની નજીકના ઉપગ્રહ ચંદ્ર વિશે જાણવાની ઇંતેજારી થઈ. સાથેસાથે ચંદ્ર ઉપર મોકલવા માટે જરૂરી ટેક્નૉલૉજીની શોધો થઈ અને થયે જાય છે. સૌથી પહેલો સ્પુટનિક આકાશમાં રશિયાએ ઑક્ટોબર ૪, ૧૯૫૭માં અવકાશમાં મૂકેલો. આ પછી તો રશિયા, અમેરિકા અને ચીને ચંદ્ર ઉપર માનવો મોકલીને ચંદ્રનો બને તેટલો અભ્યાસ કર્યો છે, છતાંયે ઘણું બધું બાકી છે. ૧૯૯૯ની ઇન્ડિયન સાયંસની (Indian Science) સભામાં ચંદ્રના અભ્યાસના વિચારનો મુદ્દો ચર્ચાયો. ઇન્ડિયન એસ્ટ્રોનોમિકલ સોસાયટીએ (Indian Astronomical Society) ૨૦૦૦માં આ વિચારને આગળ ધપાવ્યો. આ પછી તુરત જ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનિશને (Indian Space Research Organi sation, ISRO) નૅશનલ લુનર મિશન ટાસ્ક ફોર્સની સ્થાપના કરી. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનિશન ટૂંકમાં ઈસરો તરીકે ઓળખાય છે. નૅશનલ લુનર મિશન ટાસ્ક ફોર્સે (National Lunar Misson Task Force) અભ્યાસ કરીને જણાવ્યું કે ઈસરો પાસે ચંદ્ર ઉપર તપાસ કરવા મોકલી શકાય તેવાં જરૂરી સાધનો બનાવી શકે તેવો સ્ટાફ હોઈને ચંદ્ર ઉપર અભ્યાસ કરવાના (પ્રોબ) પ્રોજેક્ટને લીલી ઝંડી આપી. આથી એપ્રિલ, ૨૦૦૩માં ભારતનાં જુદાં જુદાં ક્ષેત્રોના (જેવા કે પ્લેનેટરી અને સ્પેસ, અર્થ સાયંસ, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, એન્જિનિયરિંગ અને કૉમ્પ્યુનિકેશન વગેરે) ૧૦૦ પ્રખર વૈજ્ઞાનિકોએ આ પ્રોજેક્ટની બરાબર ચર્ચા કરીને નૅશનલ લુનર મિશન ટાસ્ક ફૉર્સની ભલામણને ટેકો આપ્યો જે ચંદ્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાના ચંદ્ર ઉપર પ્રોબ (Probe) મોકલવાનો હતો. છ મહિના પછી એટલે કે નવેમ્બરમાં ભારત સરકારે પણ ટેકો આપ્યો.

આપણા વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈએ સ્વાતંત્ર્યદિન ૧૫ ઑગસ્ટ, ૨૦૦૩ના રોજ ચંદ્ર ઉપર ચંદ્રયાન-૧ને (Chandrayan) મોકલવાના પ્રોજેક્ટની જાહેરાત કરી.

**ચંદ્રયાન-૧ (Chandrayan-1)**

પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર ૩૮૪, ૪૦૦ કિલોમીટર (૨૪૦,૦૦૦ માઈલ) છે. અવકાશયાનને પૃથ્વીથી ચંદ્ર ઉપર જતાં લગભગ ત્રણ દિવસ થાય છે, જોકે કયા રસ્તે અવકાશયાન જાય છે તેના ઉપર પણ આધાર રાખે. આશરે કલાકના ૧૦૦ કિલોમીટરની ઝડપે મોટર જતી હોય તો ૩૮૪૪ કલાક જોઈએ એટલે કે જો રાતદિવસ ચલાવતા હોઈએ તો ૧૬૧ દિવસ થાય.

ચંદ્રયાન-૧ને ૨૨ ઑક્ટોબર, ૨૦૦૪માં સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટા, આંધ્રપ્રદેશથી ભારતીય લૉન્ચ વેહિકલ PSLV-C11ની મદદથી અવકાશમાં મોકલવામાં આવ્યું. ચંદ્રયાન-૧ ઉપર ભાતભાતના કામ માટે ૧૧ વૈજ્ઞાનિક સાધનો હતાં. આ અગિયારમાંથી પાંચ ભારતમાં બનાવેલાં હતાં, જ્યારે બાકીનાં છ અન્ય દેશોમાં બનાવેલાં હતાં. ચંદ્રની આબોહવા, ચંદ્રની ધરતીમાં રહેલાં રસાયણિક તત્ત્વો વગેરેની જાણકારી મેળવવા માટે આઠ જ વૈજ્ઞાનિક સાધનો હતાં.

ચંદ્રની ધરતી સાથે જ્યારે ભારે અને મોટાં સાધનો અથડાય તે સમયે બધાની પરિસ્થિતિ કેવી થાય છે તેની માહિતી મેળવવા માટે ઇમ્પેક્ટ પ્રોબ (Impact Probe) પણ મોકલવામાં આવેલો. ૧૪ નવેમ્બર, ૨૦૦૮ના રોજ

છૂટો પડીને ચંદ્રના દક્ષિણ ધ્રુવની આસપાસની ચંદ્રની સપાટીને અથડાય છે અને ત્યાં ચંદ્રની સપાટી ઉપર પાણીના કણો છે તે પાકું કરે છે. ૨૮ ઑગસ્ટ, ૨૦૦૯ના રોજ ચંદ્રયાન-૧નો અંત આવ્યો.

ચંદ્ર ઉપર પાણી છે કે નહિ તેનો જવાબ ચંદ્રયાન-૧ આપી શક્યું તે માટે તેને દરેકે યાદ કરવાનું રહેશે. આ ઉપરાંત ચંદ્રના ઉત્તર ધ્રુવ પર થીજેલું પાણી (Water Ice) છે તે પણ ચંદ્રયાન-૧એ બતાવ્યું. આ ઉપરાંત ચંદ્રની સપાટીની નીચે મેગ્નેશિયમ, એલ્યુમિનિયમ અને સીલીકોન પણ છે તે ચંદ્રયાન-૧ એ શોધી બતાવ્યું છે. આખાયે ચંદ્રના લગભગ ઘણાય ફોટાઓ ચંદ્રયાન-૧એ લીધા છે. આથી ચંદ્રયાન-૧નો અંદાજે ખર્ચ રૂ. ૩૬૦ કરોડ (US $ 56 million) યોગ્ય રીતે વપરાયા ગણી શકાય.


### ચંદ્રયાન-૨

૧૨ નવેમ્બર, ૨૦૦૭ના રોજ રશિયન ફેડરલ સ્પેસ એજન્સી (Roscosmos) અને ઈસરો (ISRO)ના પ્રતિનિધિઓએ કરારપત્ર ઉપર સહીઓ કરી. આ કરાર પ્રમાણે બંને એજન્સીઓ સાથે મળીને ચંદ્રયાન-૨ના પ્રોજેક્ટ ઉપર કામ કરશે. ઈસરોની જવાબદારી ચંદ્રની ધરતી ઉપર ભટકનાર રોવર (Rover) અને ચંદ્રની આસપાસ ભ્રમણ કરનાર ઑર્બિટરની (Orbiter) હતી, જ્યારે રોસકોસમોસની જવાબદારી ઊતરનારની લેન્ડરની (Lander) હતી. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૮માં ભારતના વડાપ્રધાન મનમોહનના પ્રમુખ સ્થાને મળેલા પ્રધાનમંડળે આના લગતો ઠરાવ પસાર કરેલો. આ ચંદ્રયાન-૨ની રૂપરેખા (Design) ઑગસ્ટ ૨૦૦૯માં પૂરી થઈ. ૨૦૧૫માં રોસકોસમોસે તેના ભાગનું કામ કરવાની અશક્તિ દર્શાવી. આથી ઈસરોએ કોઈનીયે મદદ વગર પોતે જ આ કામ પૂરું કરવાનો નિર્ણય કર્યો. આમાં ચંદ્રની આસપાસ ભ્રમણ કરતી યાન, ચંદ્ર ઉપર ઊતરનાર લેન્ડર અને ચંદ્રની ધરતી પર ભટકનાર રોવરનો સમાવેશ થાય છે.

### હેતુઓ

ચંદ્રાયન-૨નો આશય ચંદ્રની સપાટી ઉપર દક્ષિણ ધ્રુવના નજીકના ભાગમાં સૌમ્ય રીતે વિક્રમ લેન્ડર ઉતારી શકાય છે અને રોબોટિક ભટકનાર પ્રજ્ઞાન ચંદ્રની સપાટી ઉપર સરળતાથી ફેરવી શકાય છે તે જોવાનો છે. અત્યારસુધી ચંદ્રના દક્ષિણધ્રુવના વિસ્તારમાં કોઈ ગયું નથી, આપણે પહેલા છીએ. ચંદ્રની ભ્રમણકક્ષામાં ફરતું યાન ચંદ્રની સપાટીના ફોટાઓ લેશે અને 3Dના ફોટાઓ નક્કી કરવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત ચંદ્રનું વાતાવરણ, ચંદ્રની જમીનમાં રહેલાં તત્ત્વો, ખનીજો મેળવવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત ચંદ્રયાન-૧માં મેળવેલી પાણીની માહિતી અને ઉત્તરધ્રુવ પર રહેલા થીજેલા પાણીની (Iced Water) ઊંડાણથી તપાસ કરવાની રહેશે.


ઘણાં ભાતભાતનાં કારણોને લીધે ચંદ્રયાન-૨નું ચંદ્ર ઉપર મોકલવાનું લંબાવે રાખતા.




આકૃતિ૧

### ભ્રમણકક્ષામાં મૂકનાર શક્તિશાળી લૉન્ચર (Launchar)

૨૨ જુલાઈ, ૨૦૧૯ના રોજ જીઓસીન્ક્રોનસ સેટેલાઈટ લૉન્ચ વેહિકલ માર્ક-III (Geosynchronous Satellite Launch Vehicle Mark-III, GSLV Mk-III) જે આકૃતિ ૧માં આપ્યું છે તેનાથી ચંદ્રયાન-૨ને પૃથ્વીની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું. આની ઊંચાઈ ૪૩.૪૩ મીટર અને વજન ૬૪૦ ટન હતું. આ સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટ, આંધ્રપ્રદેશથી અવકાશમાં મોકલ્યું. આ લૉન્ચર આજ સુધીનું ભારતનું ત્રણ તબક્કાનું શક્તિશાળી લૉન્ચર છે. આકૃતિ ૨માં GSLV Mk-IIIનો રસ્તો બતાવ્યો છે અને ક્યારે બધા ભાગો છૂટા પડે છે તે બતાવ્યું છે.





| Events | Time (s) | Altitude (km) | Initial velocity (m/s) |
|---|---|---|---|
| S200 Strap-ons Ignition | 0.0 | 0.024 | 451.91 |
| L110 Core Stage Ignition | 110.84 | 43.939 | 1744.54 |
| S200 Strap-ons Separation | 131.30 | 61.995 | 1956.40 |
| Payload Fairing Separation | 203.94 | 114.511 | 2620.05 |
| L110 Core Stage Shutoff | 305.72 | 169.079 | 4574.12 |
| L110 Core Stage Separation | 308.82 | 170.783 | 4610.15 |
| C25 Cryo Stage Ignition | 311.22 | 172.072 | 4607.55 |
| C25 Cryo Stage Shutoff | 959.30 | 176.415 | 10297.19 |
| Chandrayaan 2 Separation | 974.30 | 181.656 | 10305.78 |

આકૃતિ૨

**ભ્રમણકક્ષામાં ફરતું યાન (Orbiter)**

હાલમાં આ યાન યંત્રની આસપાસ ફરે છે જે આકૃતિ ૩માં બતાવ્યું છે. આ ચંદ્રની ઉપર સો કિલોમીટરે તેની ભ્રમણકક્ષામાં ફરે છે. આમાં આઠ વિજ્ઞાનનાં સાધનો છે જેમાંનો એક ઉચ્ચ રીઝોલ્યુશનવાળો કૅમેરા પણ છે જે ચંદ્રની ધરતી ઉપર ઉતરનાર વિક્રમ લેન્ડર માટેની જગ્યાની બરાબર તપાસ આ યાનનું માળખું હિંદુસ્તાન એરોનૉટિક્સ લિમિટેડે (Hindustan Aeronautics Limited) બનાવેલું અને ઈસરોને ૨૨ જૂન, ૨૦૧૫ના રોજ સોંપેલું. આનું આયુષ્ય ૭.૫ વર્ષ છે.



આકૃતિ૩


**ચંદ્રની ધરતી ઉપર ઉતરનાર વિક્રમ લેન્ડર (Vikram Lander)**

આ ચંદ્રની ધરતી ઉપર ઊતરનારનું નામ ભારતના સ્પેસ પ્રોગ્રામની શરૂઆત કરનાર ડૉ. વિક્રમભાઈ સારાભાઈની (૧૯૧૯-૧૯૭૧) યાદમાં વિક્રમ લેન્ડર તરીકે ઓળખાય છે. વિક્રમભાઈ અમદાવાદના કેલિકો મિલના માલિક અંબાલાલ સારાભાઈના પુત્ર અને તેમણે ગુજરાત યુનિવર્સિટીની પાસે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (Physical Research Laboratary) બાંધવામાં અને શરૂ કરવામાં ખૂબ જ મોટો ફાળો આપેલો. હાલમાં આ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી ઈસરોના (ISRO) નામે ઓળખાય છે. ચંદ્રયાન-૨ જે ચંદ્રની આસપાસ ફરે છે તેમાંથી છૂટું પડીને વિક્રમ લેન્ડર ચંદ્રની નીચેની ભ્રમણકક્ષામાં ૩૦ કિમી x ૧૦૦ કિમીમાં આવ્યું જે આકૃતિ ૪માં બતાવ્યું છે. આની અંદર રોબોટથી ભટકનાર રોવર પણ છે જે આકૃતિ ૫માં બતાવ્યું છે. અહીં આ ભ્રમણકક્ષામાં આ બધી વ્યવસ્થા બરાબર તપાસી લીધી. આ ભટકનાર રોવર ગાડી અને વિક્રમ લેન્ડર ફક્ત એક જ ચંદ્રદિવસ (જેના બરાબર પૃથ્વી ઉપરના ચૌદ દિવસો થાય) બરાબર કામ કરે તે રીતે તૈયાર કર્યા છે. ચંદ્ર ઉપર રાતના ખૂબ જ ઠંડી હોઈને કામ ન પણ આપે. જો ચંદ્રના રાતદિવસ કામ કરે તેવા લેન્ડર અને રોવર તૈયાર કરવામાં આવે તો મશીનરી ભારે બનતાં ચંદ્ર ઉપર લાવવા માટે પણ ભારે મશીનરી જોઈએ. આથી આ બધાનો વિચાર કરીને આ બધું બનાવવામાં આવ્યું છે.

ઑક્ટોબર, ૨૦૧૬માં આ બધાને કઈ જગ્યા પસંદ કરવી અને વિક્રમ લેન્ડરે ક્યાં ઊતરવું તેને લગતા અખતરાઓ ઈસરોએ પ્યાલાના આકારની દસ ખાડીઓ કરીને કરેલા. આ ભટકનાર ગાડીને પ્રજ્ઞાન (ડહાપણ) રોવર તરીકે ઓળખતા. તેને છ પૈડાં હતાં અને તેનું વજન ૨૭ કિલોગ્રામ હતું. આ ૧ સેમી / સેકંડની ઝડપે ૫૦૦ મીટર સુધી જ જઈ શકે. વિક્રમ લેન્ડર સાથે વાત કરી શકે.




આકૃતિ૪




આકૃતિ૫

**અંતસમય**

ચંદ્રાયન-૨ કે ઑરબિટરમાંથી છૂટા પડીને વિક્રમ લેન્ડર ચંદ્રની ધરતી ઉપર ઊતરવા માટે આવી રહ્યું હતું. ત્યારે ચંદ્રની ધરતી ઉપર ઊતરતી વખતે કોઈ કારણસર ધારવા પ્રમાણે ન બન્યું. 'ઇન્ડિયા ટુડે'નું (India Today) વિક્રમ લેન્ડરે મોકલેલી માહિતીમાંથી તારણ નીચે મુજબ છે :

| ઊતરવાનું શરૂ કર્યું ત્યારનો સમય | ઊભો વેગ Vertical Velocity | આડો વેગ Horizontal veocity. | ધરતીથી ઊંચાઈ |
|---|---|---|---|
| .06 min 16 Sec | 0 | 841.5 m/s | 20 km |
| 11 min 28 Sec | 42.9 m/s | 65 m/s | 5 km |
| 12 min 56 Sec | 58.9 m/s | 48.1 m/s | 2.1 km |

વિક્રમ લેન્ડરને કોઈ એક જગ્યાએ ઊતરવાની જગ્યા નક્કી કરવા માટે ફોટો લેવા માટે સહેજ ગોળ ફરવાની જરૂર હતી. આ અગત્યની ક્ષણે બ્રેક લગાવીને સહેજ ગોળ ફેરવવા જતાં વિક્રમ લેન્ડર અણધાર્યું અને સમજી ન શકાય તેવાં કારણોથી આખુંયે ગુલાંટ ખાઈ ગયું. આના કારણે ઊભો વેગ ૪૨.૯m/s ઘટવાને બદલે વધ્યો અને ૫૮.૯ m/s બન્યો. આ જ સમયે વિક્રમ લેન્ડર સાથેનો સંપર્ક તૂટી ગયો અને સાથે વિક્રમ લેન્ડરે યોજના મુજબના રસ્તાથી રસ્તો થોડોક બદલ્યો. આજે લગભગ બે અઠવાડિયાથી ઈસરો કે નાસા (Nasa) વિક્રમ લેન્ડર સાથે કોઈ જાતનો સંપર્ક સાધી શક્યા નથી. આ સપ્ટેમ્બર ૭, ૨૦૧૯ના રોજ બન્યું. આ બન્યાના બીજા દિવસે ઈસરોએ જણાવ્યું કે ચંદ્રની ધરતી પર વિક્રમ લેન્ડર ક્યાં છે તે સ્થાન નક્કી કરી શક્યા છીએ. નાસાનું યાન જ્યાં વિક્રમ લેન્ડર છે તે વિસ્તારમાંથી પસાર થશે ત્યારે શક્ય હશે તો વિક્રમ લેન્ડરનાં ચિત્રો લેશે.

જૂન, ૨૦૧૯ના અંત સુધીમાં આ પ્રોજેક્ટમાં રૂ. ૯૭૮ કરોડ વપરાઈ ગયા છે. તેમાં રૂ. ૩૭૫ કરોડ GSLVIII માટે અને રૂ. ૬૦૩ કરોડ બાકીના કામમાં વપરાયા છે.

આ લેખ લખવામાં નીચેના સ્રોતો ઉપયોગી થયા છે.

(૧) website : Isro. gov. inમાંથી ચિત્રો લીધાં છે. આ માટે ઈસરોનો આભાર.

(૨) Chandrayan-2 : How a Somersault did Vikram lander in. India Today Exclusive, India Today, Sept. ૧૪, ૨૦૧૯.

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
**'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે,**
**ઉવારસદ રોડ, મુ. પો. શેરથા,**
**તા. જિ. ગાંધીનગર**
**મો. ૯૪૨૮૦ ૧૯૦૪૨**

# ડૉ. વિક્રમ સારાભાઈ : સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાની

**પદ્મનાભ જોષી**

(લેખકે ડૉ. વિક્રમ સારાભાઈની નેતૃત્વશક્તિ અને વિવિધ સંસ્થાઓની સ્થાપનાનાં કાર્યો પર પોતાની પીએચ.ડી. થીસિસ લખી હતી. આજે તેઓ નહેરુ ફાઉન્ડેશન, અમદાવાદમાં 'વિક્રમ સારાભાઈ આર્કાઈવ્ઝ'ના નિયામક છે. ડૉ. વિક્રમ સારાભાઈનાં જીવન અને કાર્યોની ઝાંખી કરાવતાં પુસ્તકો તેમજ ઘણા લેખો લખેલ છે.)

ઈ. સ. ૧૯૧૯ના ઑગસ્ટ માસની ૧૨મી તારીખે અમદાવાદના સારાભાઈ પરિવારમાં એક પુત્રનો જન્મ થયો. આ બાળક તે જ ભવિષ્યના મહાન સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈ.

પિતા અંબાલાલ તથા માતા સરલાદેવી બાળકોના અભ્યાસ અંગે ખૂબ જ ઊંચા વિચારો ધરાવતાં હતા. તે સમયે દેશમાં ઉપલબ્ધ શિક્ષણ પદ્ધતિથી તેઓ અસંતુષ્ટ હોવાથી તેઓ આ વિષય અંગે ખૂબ જ ચિંતિત હતાં. ઇટાલીનાં શ્રીમતી મારીયા મોન્ટેસરી નામનાં શિક્ષણવિદે શિક્ષણ વિષયક આધુનિક વિચારો પુસ્તક રૂપે પ્રગટ કર્યા હતા.

શ્રીમતી અને શ્રી સારાભાઈએ આ પુસ્તક વાંચતાં તેઓ શ્રીમતી મોન્ટેસરીનાં શિક્ષણ વિષયક વિચારો સાથે સંમત થયાં તેટલું જ નહીં પરંતુ તેઓ સહપરિવાર ઇંગ્લૅન્ડ ગયાં અને ડૉ. મોન્ટેસરીને મળીને આ અંગે ચર્ચા કરી. અંતે નક્કી થયું કે, ડૉ. મોન્ટેસરી અમદાવાદ આવે અને શિક્ષણની આધુનિક પદ્ધતિ મુજબની શાળા શરૂ કરે જ્યાં સારાભાઈનાં બાળકો અભ્યાસ કરશે. ડૉ. મોન્ટેસરીએ અમદાવાદ આવીને સારાભાઈના નિવાસસ્થાન "રિટ્રિટ" (Retreat)માં નવી પદ્ધતિ મુજબની શાળા શરૂ કરી. અને આ મોન્ટેસરી પદ્ધતિ પ્રમાણે શરૂ કરવામાં આવેલી શાળામાં સારાભાઈનાં બાળકોએ શિક્ષણ મેળવવાનું શરૂ કર્યું. આ શાળામાં દેશ-પરદેશથી વિવિધ વિષયોમાં પારંગત શિક્ષકો નિમવામાં આવ્યા હતા. બાળકોના વિવિધ શોખ તથા રસને ધ્યાનમાં રાખીને તેઓ તે દિશામાં માર્ગદર્શન મેળવી શકે તેનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો હતો. દરેક બાળક પોતાના રસ મુજબનાં વિષયમાં આગળ વધી શકે અને તે મુજબ તેમનું વ્યક્તિત્વ વિકસી શકે તે આ પદ્ધતિનું મહત્ત્વનું પાસું હતું.

અંગ્રેજી, ગુજરાતી, હિંદી, સંસ્કૃત, બંગાળી, વિજ્ઞાન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, નૃત્ય, સંગીત, શિલ્પકામ, બાગકામ વગેરે અનેક વિષયોનાં નિષ્ણાતો આ શાળામાં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર જેવી મહાન વિભૂતિનું માર્ગદર્શન પણ લેવામાં આવ્યું હતું. નીતિ-નિયમો ને વ્યક્તિઘડતરના ભાગરૂપ ગણવામાં આવ્યા હતા. ઉનાળાના વૅકેશનમાં આખું કુટુંબ તથા શિક્ષકો જુદાં જુદાં રમણીય સ્થળોએ પશુ, પક્ષી તથા કુદરતી સૌંદર્ય વિશે જાણવા તથા અનુભવવા જતાં હતાં. સંપૂર્ણ સ્વતંત્રતા, નિષ્ણાતોની દેખરેખ અને યોગ્ય માર્ગદર્શન તથા મા-બાપની હૂંફ બાળકોના શિક્ષણનો મહત્ત્વનો ભાગ બન્યા હતા. આવા કુદરતી અને સ્વતંત્ર વાતાવરણમાં મા-બાપની હૂંફ, શિક્ષકોનું માર્ગદર્શનમાં પાંચ બહેનો તથા બે ભાઈઓની સાથે વિક્રમભાઈનો ઉછેર થયો.

શાહીબાગ વિસ્તારમાં તે સમયે ૨૧ એકર જમીનમાં સારાભાઈ પરિવારનાં નિવાસસ્થાન ઉપરાંત અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી. ઇંગ્લૅન્ડથી લાવવામાં આવેલ ઐતિહાસિક પ્રતિમાઓ, ગ્રીસની પ્રતિકૃતિઓ વિનસ ડ મેલો, રિટ્રિટના વિશાળ બાગમાં ગોઠવવામાં આવ્યાં હતાં. આ બાગમાં ગુલાબ બાગ તથા સંતરા વાડી પણ હતી. અહીં અસંખ્ય જાતનાં કમળ, પદ્મ અને પોયણીઓ, વિવિધ વાંસ અને દેશવિદેશની અસાધારણ જાતની વનસ્પતિ અંબાલાલભાઈએ મંગાવેલી. તેઓ તે વિશે વાંચતા, અભ્યાસ કરીને મંગાવતા અને જાતસંભાળ લઈને ઉછેરતા. ફળ, ફૂલ અને વૃક્ષો ઉપર શાસ્ત્રીય નામોનાં લેબલ લગાડવામાં આવતાં અને પૂનાથી તાલીમ પામેલા નિષ્ણાત ગાર્ડન સુપરિન્ટેન્ડન્ટ બાગની દેખભાળ રાખતા. આમ 'રિટ્રિટ'નો બાગ એક અજોડ

બોટનિકલ ગાર્ડન બની ગયું હતું.

આવો અજોડ બાગ તૈયાર થતાં તેમણે પશુ-પક્ષી, પ્રાણી પાળવા માંડ્યાં. કાળિયાર મૃગ, હરણીઓ, હરણનાં બચ્ચાં, માઉસ ડિઅર, નીલગાય, માંકડાં, સસલાં, ઈરાની બિલાડીઓ, કૂતરા અને જાતજાતનાં કબૂતરો ! તે સમયનાં અરબી ઘોડા અને જંગલીવેલર ઘોડીઓ અને કાળિયાર મૃગો છૂટી જતાં અને તેમની નાસભાગ બાળકોને ગભરાવી મૂકતી. સારસ અને ફુવારામાં નહાતી અને નાચતી કાળા અને સફેદ રંગની હંસની બેલડીઓ, બ્રહ્મદેશ, મિસર અને જર્મનીથી આવેલા શ્વેત અને રંગબેરંગી ભાતીગળ મોર, સતત ચિત્કાર કરતા કાકાકૌઆ અને ગંજાવર મેકો જાતના પોપટ, આલ્સેશિયન બેલ અને પિકેનીસ કૂતરા – પશુપક્ષીઓથી રિટ્રિટનો બાગ અજોડ બન્યો હતો. આ સિવાય અંબાલાલભાઈનો પોપટોનો સંગ્રહ ભારતભરમાં શ્રેષ્ઠ ગણાતો. ૧૯૩૭થી ૧૯૪૨ એ પાંચ વર્ષમાં જાતજાતનાં જળાશયી પક્ષીઓ તથા ઑસ્ટ્રેલિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાનાં અપ્રાપ્ય પશુ પક્ષીઓ તેમણે પાળ્યાં હતાં. આ પશુ-પક્ષીને શક્ય તેટલા કુદરતી વાતાવરણમાં રાખવાનો અંબાલાલભાઈ પ્રયત્ન કરતા હતા. આ ઉપરાંત રિટ્રિટમાં સ્વિમિંગ પૂલ, ટેનિસ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ અને ક્રિકેટનું મેદાન પણ હતાં. કુટુંબનાં દરેક સભ્ય માટે ઘોડા પણ હતા. ૧૯૨૪માં પ્રથમ વખત ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર 'રિટ્રિટ'માં રહેવા આવ્યા હતા. તેઓની સાથે દીનબંધુ એન્ડ્રુઝ અને ક્ષિતિમોહન સેન આવ્યા હતા. આ મુલાકાત સારાભાઈ કુટુંબ સાથે એક ગાઢ સંબંધમાં પરિણમી હતી. આવા મહાનુભાવોની સંનિધિ દ્વારા બાળકોમાં સંસ્કાર સિંચનનો ઉદ્દેશ હતો. આ વાતાવરણમાં વિક્રમભાઈની બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રતિભાના પાયા નંખાયા હતા.

રિટ્રિટ શાળાના વિવિધ વિષયો પ્રત્યે તેમનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. વિક્રમભાઈ સર્વકાર્યમાં નિપુણ હતા. તેઓની ગ્રહણશક્તિ ખૂબ જ ત્વરિત હતી તેમજ તેમનામાં ઊંડી સમજણશક્તિ તથા યાદશક્તિ હતાં. તેઓનો યાંત્રિક વસ્તુઓ પ્રત્યેનો રસ જોઈને શાળામાં એક નાની પણ ઉપયોગી સાધનોથી સુસજ્જ એવી યંત્રશાળાનો પણ ઉમેરો કરવામાં આવ્યો. આ યંત્રશાળાની દેખરેખ માટે એક શિક્ષક પણ નિમવામાં આવ્યા હતા. આ પછી ભૌતિકશાસ્ત્ર તથા રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા પણ સ્થાપવામાં આવી હતી.

વિક્રમભાઈ આ યંત્રશાળામાં ઘણો સમય ગાળતા. આ યંત્રો તેમને રોમાંચ આપતાં. અહીં ભવિષ્યના વિજ્ઞાનીને પોતાની બુદ્ધિ અને સંશોધનવૃત્તિ કસવાની તક મળતી. આ રિટ્રિટ શાળામાં જ બાળક વિક્રમની તેજસ્વી કારકિર્દીના પાયા નંખાયા. તેમની પાસે ભાષાઓ, ગણિતશાસ્ત્ર અને કળાનું ભરપૂર જ્ઞાન હતું. તેઓએ ઘણી જ સારી શિક્ષણ આદતો પાડી હતી અને ખંતથી સતત કામ કર્યું હતું. આ ઉપરાંત તેઓ જે કંઈ વાંચતા કે કરતા તેમાં ઊંડી સમજશક્તિ દેખાતી. તેઓની પસંદગીનો વિષય વિજ્ઞાન હતો. આવા વાતાવરણમાં વિક્રમના વ્યક્તિત્વનું ઘડતર થયું હતું અને યોગ્ય કેળવણીના પાયા નાખવામાં આવ્યા હતા.

આ સમયે દેશની સ્વાતંત્ર્ય ચળવળ ચાલતી હોવાથી મહાત્મા ગાંધીજી, પંડિત મોતીલાલ તથા જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, એની બેસન્ટ, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર, મૌલાના આઝાદ, સરોજીની નાયડુ, સર સી. વી. રામન જેવી વ્યક્તિઓ અમદાવાદની મુલાકાતે આવતી, તેઓ સારાભાઈ કુટુંબની મહેમાનગતિ માણતા. આમ વિદ્યાર્થી અવસ્થામાં વિક્રમભાઈ અસાધારણ વ્યક્તિઓના સહવાસમાં રહી શક્યા હતા. ગુરુદેવ રવીન્દ્રનાથ ફક્ત ચિત્રકાર તથા કવિ જ નહોતા પરંતુ મસ્તકનાં અવલોકન દ્વારા તેઓ વ્યક્તિનું ભવિષ્ય કહી શકતા હતા. વિક્રમભાઈના મસ્તકનું અવલોકન કરીને તેઓએ જણાવ્યું હતું કે, 'આ બાળક ભવિષ્યમાં મહાન વિભૂતિ બનશે.'

૧૯૩૭માં આર. સી. ટૅક્નિકલ હાઈસ્કૂલ દ્વારા મૅટ્રિકની પરીક્ષામાં પાસ થઈને ગુજરાત કૉલેજમાં ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ પૂરો કરીને વિક્રમભાઈ ઇંગ્લૅન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીની સેંટ જ્હોન્સ કૉલેજમાં વધુ અભ્યાસ માટે દાખલ થયા હતા. આ સમય દરમિયાન વિદ્યાર્થી તરીકે વિક્રમભાઈએ ગણિત અને વિજ્ઞાનના વિષયોમાં ઘણો જ રસ બતાવ્યો હતો. અને હંમેશાં ખૂબ જ હોશિયાર વિદ્યાર્થી તરીકે તેઓ જાણીતા હતા.

૧૯૪૦માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ગણિત અને વિજ્ઞાનના વિષયો લઈને તેઓ ''ટ્રિપોસ'' મેળવીને આગળ અભ્યાસ કરતા હતા ત્યાં જ બીજું વિશ્વયુદ્ધ શરૂ થવાથી તેઓએ ભારત પાછા ફરવું પડ્યું. ભારત આવીને તેઓએ બેંગ્લોરની જાણીતી વિજ્ઞાન સંસ્થા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં નોબેલ પારિતોષિક વિજેતા સર સી.વી.

રામનના માર્ગદર્શન હેઠળ અભ્યાસ ચાલુ રાખ્યો હતો. તેઓએ અનુસ્નાતક તથા પીએચ.ડી.ના અભ્યાસ માટે વૈશ્વિક કિરણો અર્થાત્ cosmic rays વિષય પસંદ કર્યો હતો.

કોસ્મિક કિરણોના સંશોધન કાર્ય માટે તે સમયે જરૂરી સાધનો તથા ઉપકરણો ઉપલબ્ધ ન હોવાથી વિક્રમભાઈ દેશની વિવિધ વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાઓની મુલાકાત લેતા. કેટલાંક સાધનો તો તેમણે પોતે બનાવવાં પડેલાં. આમ વૈજ્ઞાનિક સંશોધન પ્રત્યેનો પ્રેમ તથા ધગશ હોવાથી તેઓએ વૈજ્ઞાનિક સંશોધનને જ પોતાના જીવનનું ધ્યેય માન્યું હતું. બેંગ્લોરમાં સંશોધન કાર્ય કરી રહ્યા હતા તે દરમિયાન તેઓ બે વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હતા. જે બંને વ્યક્તિઓની વિક્રમભાઈની કારકિર્દી ઉપર ખૂબ જ ઊંડી અસર પડી હતી. ડૉ. હોમી ભાભા પણ કેમ્બ્રિજમાં ભૌતિકશાસ્ત્રમાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવીને ડૉ. રામનની સંસ્થામાં સંશોધન કાર્ય કરી રહ્યા હતા. વિક્રમભાઈને ડૉ. ભાભા તરફ એક અનેરું આકર્ષણ હતું. કુમારી મૃણાલિની સ્વામીનાથન એક યુવા નૃત્યાંગના રૂપે વિક્રમભાઈના સંપર્કમાં આવ્યાં. તેઓ બેંગ્લોરમાં તેમની નૃત્ય સાધનામાં વ્યસ્ત હતાં અને કેટલીક વાર તેમના જાહેર નૃત્યનો કાર્યક્રમ પણ યોજાતો. વિક્રમભાઈને સંગીત અને નૃત્યમાં બાળપણથી રસ હતો. આથી તેઓ સંગીત અને નૃત્યના કાર્યક્રમોમાં અચૂક હાજરી આપતા. યુવાન વિક્રમભાઈનું વ્યક્તિત્વ એટલું ખીલી ઊઠ્યું હતું કે કોઈ પણ કાર્યક્રમમાં તેમની હાજરી છુપાઈ શકતી નહોતી. વિક્રમભાઈ અને મૃણાલિનીને સંગીત તથા નૃત્યમાં ઊંડો રસ હોવાથી બંને મળતાં, ટાગોર અને શેક્સપીઅરની કાવ્યરચનાઓ વાંચીને આનંદ અનુભવતાં અને આમ આ પરિચય લગ્નમાં પરિણમ્યો. બંનેનાં કુટુંબો સમાજ સેવા સાથે સંકળાયેલાં હોવાથી એકબીજાથી પરિચિત હતાં.

વિક્રમભાઈ સંશોધનકાર્ય દરમિયાન એક વિરલ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા. સંશોધનકાર્ય અને પ્રયોગો માટે તેઓ વિવિધ વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાની મુલાકાત લેતા હતા. તે દરમિયાન પૂના ખાતે આવેલ ઇન્ડિયન મીટિઓરોલૉજિકલ ડિપાર્ટમેન્ટનાં વડા ડૉ. રામનાથનને તેઓ મળ્યા. ડૉ. રામનાથનના વૈજ્ઞાનિક સંશોધન અને માનવીય અભિગમે વિક્રમભાઈને તેમના તરફ આકર્ષિત કર્યા. તેઓનો વૈજ્ઞાનિક સંશોધનમાં અતિશય રસ હોવાથી ભવિષ્યમાં અમદાવાદમાં તેઓ એક વૈજ્ઞાનિક સંશોધન સંસ્થા સ્થાપવાની ઇચ્છા રાખતા હતા. તેઓએ આ અંગેના તેઓનાં વિચારો ડૉ. રામનાથનને જણાવ્યા હતા. અને તે અંગે ચર્ચા કર્યા બાદ તેઓએ ડૉ. રામનાથનને આ પ્રયોગશાળામાં નિયામક તરીકે જોડાવા નિમંત્રણ આપ્યું. ડૉ. રામનાથને ૧૯૪૮માં પોતાની નિવૃત્તિ બાદ આ નવી સંસ્થામાં જોડાવા અંગેના વિક્રમભાઈના આમંત્રણનો સ્વીકાર કર્યો હતો.

૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યા બાદ વિક્રમભાઈ કેમ્બ્રિજ જઈને પીએચ.ડી. સંશોધન કાર્ય પૂરું કરવાના કામમાં પરોવાઈ ગયા. ૧૯૪૭માં કોસ્મિક કિરણો વિષયમાં વિક્રમભાઈને પીએચ.ડી.ની ડિગ્રી મળી. અને ડૉ. વિક્રમ સારાભાઈ ૨૮ વર્ષની વયે ભારત પાછા ફર્યા.

**સ્વપ્નદ્રષ્ટા વિજ્ઞાની :**

ભારત પાછા ફરીને ડૉ. વિક્રમભાઈએ વૈજ્ઞાનિક અને સંસ્થા સ્થાપક તરીકેની કારકિર્દી શરૂ કરી. ડૉ. વિક્રમ સારાભાઈની વિજ્ઞાની તરીકેની કારકિર્દી તથા તેઓએ અમદાવાદમાં વૈજ્ઞાનિક સંશોધન માટે સ્થાપેલી સંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL)ની વિકાસગાથા એકબીજા સાથે ગૂંથાયેલી છે. ભારતને સ્વતંત્રતા મળ્યા પહેલાં બ્રિટિશ સરકારના વ્યાપક શોષણને કારણે વિજ્ઞાનીઓ, વેપારીઓ તથા ઉદ્યોગપતિઓ તેઓના વ્યવસાયમાં નવું કંઈ કરી શકતા નહોતા; પરંતુ સ્વતંત્રતા મળ્યા બાદ ભારત સરકારે દેશના ઔદ્યોગિક વિકાસ તથા આધુનિકરણ માટે વિજ્ઞાન અને ટેક્નૉલૉજી દ્વારા રાષ્ટ્ર ઘડતરના કાર્ય માટે અનેક સવલતો તથા નાણાકીય સહાય આપવાની ઇચ્છા દર્શાવી હતી.

ડૉ. સારાભાઈ માટે આ એક ઉમદા તક હતી અને તેઓએ પણ રાષ્ટ્ર-ઘડતરના કાર્યમાં ઝંપલાવ્યું. ૧૯૪૭થી ૧૯૭૧ના ૨૪ વર્ષનાં ગાળા દરમિયાન ડૉ. વિક્રમ સારાભાઈએ ૩૫થી પણ વધારે સંસ્થાઓ સ્થાપી. વૈજ્ઞાનિક સંશોધન, મિલ ઉદ્યોગનાં આધુનિકરણ માટે સંશોધન, અવકાશ વિજ્ઞાન, પરમાણુશક્તિ સંશોધન, રાસાયણિક અને દવા ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થા, વહીવટ વિષયક સંસ્થાઓ, કમ્પ્યૂટર ઉદ્યોગ, ઇલેક્ટ્રોનિક્સ તથા નૃત્ય અને સંગીતની સંસ્થાઓનો આમાં સમાવેશ થતો હતો. આ બધી સંસ્થાઓ સ્થાપવા પાછળનો ડૉ. વિક્રમ સારાભાઈનો એક ખૂબ જ મહત્ત્વનો ઉદ્દેશ હતો કે, દેશને સ્વતંત્રતા મળ્યા

બાદ ભારત દેશને વિકસિત દેશોની હરોળમાં ઊભો રાખવા માટે આપણે સ્વનિર્ભર બનવું જોઈએ. આ ઉદ્દેશને કેન્દ્રમાં રાખીને તેઓએ તાલીમ વિષયક સંસ્થાઓ ઊભી કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરદેશમાં તાલીમ લેવા આપણા વિજ્ઞાનીઓ, ટેક્નૉલૉજિસ્ટો, ઇજનેરો, ડૉક્ટરો, વહીવટી અધિકારીઓ, શિક્ષકોને મોકલવામાં તેઓ માનતા હતા, પરંતુ આ તાલીમ પામેલા નિષ્ણાતોએ યુવાનોને તાલીમ દ્વારા રાષ્ટ્ર-નિર્માણનાં કાર્ય માટે તૈયાર કરવાની જવાબદારી લેવાના વિચારને કેન્દ્રમાં રાખીને જ તેઓએ આ સંસ્થાઓ સ્થાપી હતી.

૧૯૪૭માં પોતાનાં માતા-પિતા દ્વારા સ્થાપવામાં આવેલ કર્મક્ષેત્ર એજ્યુકેશનલ ફાઉન્ડેશન તથા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સહયોગથી ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ યુનિવર્સિટી વિસ્તારમાં લેબોરેટરી બાંધવા માટે જમીન આપી. ભારત સરકારના પરમાણુ ઊર્જા ખાતું, કાઉન્સિલ ફોર સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ, મુંબઈ સરકાર, ભારત સરકાર તથા આ બે ટ્રસ્ટોએ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી માટે જરૂરી સવલતો, નાણાકીય સાધનો તથા બિલ્ડિંગ બાંધવાની જવાબદારી ઉપાડી લીધી. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા સ્થાપવામાં આવેલ એમ. જી. સાયન્સ કૉલેજનાં બે ઓરડાઓમાં લેબોરેટરીની શરૂઆત કરવામાં આવી. ૧૯૪૮માં પૂનાની ઇન્ડિયન મીટિઓરોલોજિકલ ડિપાર્ટમેન્ટમાંથી નિવૃત્ત થયેલા ડૉ. કે. આર. રામનાથન આ નવી લેબોરેટરીના પ્રથમ નિયામક તરીકે જોડાયા અને આ રીતે ડૉ. વિક્રમ સારાભાઈનું પ્રથમ સ્વપ્ન સાકાર થવાની શુભ શરૂઆત થઈ.

ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી(PRL)માં શરૂઆતમાં બે વિભાગો શરૂ કરવામાં આવ્યા. ૧. હવામાન વિષયક ભૌતિક વિજ્ઞાન. ૨. કોસ્મિક કિરણો વિષયક વૈજ્ઞાનિક સંશોધન. ડૉ. રામનાથન પ્રથમ વિભાગના વડા અને ડૉ. સારાભાઈ દ્વિતીય વિભાગના વડા નિમાયા. શરૂઆતમાં મર્યાદિત નાણાકીય સાધનો તથા સવલતોને કારણે ઓછી સંખ્યામાં વૈજ્ઞાનિક સાધનો વસાવી શક્યા હતા.

ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતક તથા અનુસ્નાતક તથા પીએચ.ડી. ડિગ્રીની ઇચ્છા રાખતા હોશિયાર વિદ્યાર્થીઓને આ બે વિષયોમાં ઉચ્ચ અભ્યાસાર્થે લેવામાં આવતા. આ સમય દરમિયાન ડૉ. રામનાથન તથા ડૉ. સારાભાઈ વ્યક્તિગત રીતે તેઓનું વૈજ્ઞાનિક સંશોધન કાર્ય પણ કરતા હતા.

ડૉ. રામનાથન PRLના નિયામક તરીકે જોડાયા બાદ ડૉ. સારાભાઈએ ડૉ. રામનાથનને યુરોપના દેશોની મુલાકાત લેવા જણાવ્યું હતું. જેથી કરીને તે વખતે દુનિયાના દેશોમાં આ વિષયોમાં ચાલી રહેલા વૈજ્ઞાનિક સંશોધન અંગે જાણી શકાય; અને PRLમાં થઈ રહેલા સંશોધન કાર્યથી અનેક દેશોનાં વિજ્ઞાનીઓને વાકેફ કરી શકાય. ડૉ. રામનાથનના જીવનની આ પ્રથમ વિદેશયાત્રા હતી. આ સમય દરમિયાન દેશના તથા પરદેશના વિજ્ઞાનીઓ પણ PRLની મુલાકાત લેતા હતા. આ બધાં કારણોથી બહુ જ ટૂંકા ગાળામાં PRL ભૌતિકશાસ્ત્રમાં સંશોધન માટેની સંસ્થા તરીકે ફક્ત દેશમાં જ નહીં; પરંતુ વિદેશમાં પણ જાણીતી બની.

એ દરમિયાન ઇન્ટરનેશનલ જીઓફિઝિકલ યર IGYની તૈયારી ચાલતી હતી. આ માટે ડૉ. સારાભાઈ તથા ડૉ. રામનાથને આ વિષયને લગતા વૈજ્ઞાનિક સંશોધન કાર્ય હાથ ધરવાની એક દરખાસ્ત રજૂ કરી. આંતરરાષ્ટ્રીય સમિતિએ આ દરખાસ્ત સ્વીકારી અને PRL આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંશોધન માટેનું એક મહત્ત્વનું કેન્દ્ર બન્યું.

૧૯૫૪માં PRLના નવા મકાનનું વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ વર્ષો ઇન્ટરનેશનલ જીઓફિઝિકલ યર (IGY)ની તૈયારીનાં હતા. ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક યુનિયન દ્વારા દુનિયાના બધા વિજ્ઞાનીઓએ જુલાઈ ૧૯૫૭થી ડિસેમ્બર ૧૯૫૮ સુધીના દોઢ વર્ષના સમયગાળા દરમિયાન સાથે મળી સમુદ્ર, પૃથ્વી, પૃથ્વીના વાતાવરણના ઉચ્ચ સ્તર, બહારથી આવતા બધી જાતનાં કિરણો સાથે વાતાવરણની પ્રક્રિયાઓ તેમજ સૂર્યનું બહુલક્ષી અવલોકન કરવાનું નક્કી કર્યું. દરેક પ્રકારના અવલોકન માટે એક સરખા પ્રમાણભૂત અવલોકન યંત્રો બનાવી દુનિયાના લગભગ બધા જ દેશની પ્રયોગશાળાઓએ આ વૈજ્ઞાનિક અભિગમમાં ભાગ લીધો. PRL પણ આ આંતરરાષ્ટ્રીય સામૂહિક કાર્યક્રમમાં જોડાઈ. અને ડૉ. રામનાથન ભારતની IGY સમિતિના અધ્યક્ષ નિમાયા.

તે દરમિયાન આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક અતિ મહત્ત્વની ઘટના બની. ૧૯૫૭માં સોવિયેટ રશિયાએ અવકાશમાં કૃત્રિમ ઉપગ્રહ સ્પુટનિક તરતો મૂક્યો. અને

વિશ્વમાં અવકાશ કાર્યક્રમની શરૂઆત થઈ. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે અવકાશ કાર્યક્રમો શરૂ કરવા અનેક વિકસિત દેશોને આગળ કર્યા. અને અવકાશમાં પહોંચવાની તીવ્ર સ્પર્ધાની શરૂઆત થઈ. ડૉ. વિક્રમ સારાભાઈએ શરૂ કરેલું કોસ્મિક કિરણો વિષયક વૈજ્ઞાનિક સંશોધન પણ આ જ વિષયમાં હતું. ૧૯૬૦માં ડૉ. વિક્રમ સારાભાઈએ ભારત સરકાર સમક્ષ ભારતીય અવકાશ કાર્યક્રમ શરૂ કરવાની દરખાસ્ત મૂકી. ભારત સરકારે પરમાણુશક્તિ પંચના વડા ડૉ. ભાભાને આ અંગે અભિપ્રાય આપવા જણાવ્યું. ડૉ. ભાભાએ આ અંગે તપાસ કરીને ભારત સરકારને આ દરખાસ્ત સ્વીકારવા જણાવ્યું. ૧૯૬૨માં પરમાણુ ઊર્જા મંત્રાલય હેઠળ ઇન્ડિયન નૅશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ – INCOSPARની સ્થાપના થઈ. ડૉ. વિક્રમ સારાભાઈને આ રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ નિમવામાં આવ્યા. PRLને INCOSPARનું વડું મથક ગણવામાં આવ્યું. ૧૯૬૩નાં નવેમ્બરની ૨૧મી તારીખે ભારતની ધરતી પરથી પ્રથમ રૉકેટ સફળતાપૂર્વક છોડવામાં આવ્યું અને ભારતે અવકાશ યુગમાં પ્રવેશ કર્યો.

ભારતના પશ્ચિમ કિનારા ઉપર આવેલ કેરળના થુમ્બા નામના સ્થળને રૉકેટ અવકાશમાં છોડીને વાતાવરણ અંગેના વૈજ્ઞાનિક પ્રયોગો કરવા માટેના સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું. થુમ્બા એ ભૂ-ચુંબકીય વિષુવવૃત્તની નજીક આવેલું સ્થળ છે. વિષુવવૃત્તની નજીકના અક્ષાંશ ઉપરના પૃથ્વીના ઉચ્ચ સ્તરના વાતાવરણ તથા અયનાવરણની ઘટનાઓનો અભ્યાસ ભૂ-ચુંબકીય વિષુવવૃત્તિય પ્રદેશો માટે મહત્ત્વનો ગણાય છે. એટલે આ દૃષ્ટિએ થુમ્બા ઇક્વેટોરિયલ રૉકેટ લૉંચિંગ સ્ટેશન TERLSનું સ્થાન ત્યાં હોય તે યોગ્ય છે. નવેમ્બર, ૧૯૬૩માં જ્યારે આ મથક કાર્યરત થયું ત્યારથી અત્યાર સુધીમાં હવામાન, અયનાવરણ, ઉચ્ચસ્તરના વાતાવરણ તથા ખગોળ-ભૌતિકશાસ્ત્રના પ્રાયોગિક અભ્યાસ અને સંશોધન માટે જુદી જુદી બનાવટના અસંખ્ય સાઉન્ડીંગ રૉકેટ અવકાશમાં છોડવામાં આવ્યાં છે. આમાંના ઘણા પ્રયોગોમાં ભારતીય વિજ્ઞાનીઓ સાથે ફ્રાન્સ, જર્મની, જાપાન, બ્રિટન, અમેરિકા અને રશિયાના વિજ્ઞાનીઓએ પણ ભાગ લીધો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી TERLSને સાઉન્ડિંગ રૉકેટના પ્રયોગો માટેની આંતરરાષ્ટ્રીય સુવિધા તરીકે માન્યતા મળી છે. ૧૯૬૮માં ફેબ્રુઆરીમાં ભારતના વડાપ્રધાને આ મથક સંયુક્ત રાષ્ટ્રસંઘને અર્પણ કર્યું હતું.

ત્યારબાદ ત્રિવેન્દ્રમ ખાતે સ્પેસ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી સેન્ટરની ડૉ. સારાભાઈએ સ્થાપના કરી. આ બંને સંસ્થાઓમાં PRLમાં ડૉ. સારાભાઈના માર્ગદર્શન હેઠળ અનુસ્નાતક તથા પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર નિષ્ણાત યુવાન વિજ્ઞાનીઓ તથા ટૅક્નૉલૉજિસ્ટોને વિવિધ જવાબદારી સોંપવામાં આવી હતી. તે પહેલાં આ યુવાન વિજ્ઞાનીઓને આ વિષયમાં આધુનિક સંશોધન અંગેની તાલીમ મળે તે માટે યુરોપ તથા અમેરિકા મોકલવામાં આવ્યા હતા. ૧૯૬૭માં અમદાવાદમાં એક્સપેરિમેન્ટલ સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ અર્થ સ્ટેશન ESCES યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ UNDPની સહાયથી સ્થાપવામાં આવ્યું. અહીં કૃત્રિમ ઉપગ્રહ સાથે સીધા સંપર્કમાં રહીને સંદેશાવ્યવહારના પ્રયોગો કરવામાં આવતા હતા.

ત્યારબાદ શ્રી હરિકોટા નામના સ્થળે શ્રી હરિકોટા રેન્જ નામની સંસ્થાની શરૂઆત કરવામાં આવી જ્યાંથી ઉપગ્રહ પ્રક્ષેપક વાહક અર્થાત્ સેટેલાઈટ લૉંચિગ વેહીકલ વિષયક સંશોધન અને પ્રયોગો કરવામાં આવે છે.

૧૯૬૯માં ભારતીય અવકાશ કાર્યક્રમના ઝડપી વિકાસને કારણે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના કરવામાં આવી અને ભારત સરકારે આ સંસ્થાના અધ્યક્ષ તરીકે ડૉ. વિક્રમ સારાભાઈની નિમણૂક કરી. PRLને ઈસરોનું વડું મથક બનાવવામાં આવ્યું.

ડૉ. વિક્રમ સારાભાઈએ જ્યારે ભારતીય અવકાશ કાર્યક્રમ તૈયાર કર્યો ત્યારે આ કાર્યક્રમના મુખ્યત્વે બે ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા હતા. ૧. ઉપગ્રહની રચના તથા નિર્માણ ૨. ઉપગ્રહ અવકાશમાં તરતો મૂકવા માટેના રૉકેટ કે વાહકની રચના, નિર્માણ તથા સફળ ઉડ્ડયન. આ બંને બાબતોમાં ભારતીય વિજ્ઞાનીઓ તથા ઇજનેરો સ્વાવલંબી બને તે ડૉ. સારાભાઈની યોજના હતી. ડૉ. સારાભાઈ માટે ઉપગ્રહ એ વિકાસનાં એક સાધન રૂપ હતો. ઉપગ્રહ દ્વારા તેઓ મુખ્યત્વે ત્રણ ક્ષેત્રોમાં આગળ વધવા માંગતા હતા. ૧. ઝડપી સંદેશાવ્યવહાર ૨. ટેલિવિઝન અને તે દ્વારા શિક્ષણ તથા ૩. હવામાન વિષયક આગાહી. અવકાશના શાંતિમય ઉપયોગો દ્વારા તેઓ ભારતને અલ્પવિકસિત જૂથમાંથી વિકસિત દેશોની હરોળમાં મૂકવા માંગતા હતા.

લગભગ ૧૯૬૮-૬૯માં તેઓની જાણમાં આવ્યું કે, અમેરિકા એક ખૂબ જ શક્તિશાળી ઉપગ્રહ વિવિધ

વૈજ્ઞાનિક પ્રયોગો અને માહિતી એકઠી કરવા અવકાશમાં તરતો મૂકવા વિચારી રહ્યું છે. તેઓ અમેરિકા ગયા અને અમેરિકાની અવકાશ સંસ્થા NASA નૅશનલ એરોનોટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન સાથે વાટાઘાટ શરૂ કરી. તેઓએ નાસાના અધિકારીઓને સમજાવીને અતિ શક્તિશાળી ઉપગ્રહ ATS-૬ (એપ્લીકેશન્સ ટૅક્નૉલૉજી સેટેલાઈટ નં. ૬) ભારતને એક વર્ષ માટે શિક્ષણાત્મક પ્રયોગ માટે મળે તે અંગેની સમજૂતી ઉપર સહી-સિક્કા કરીને પાછા ફર્યા.

ડૉ. વિક્રમ સારાભાઈ માટે આ તક અતિ મહત્ત્વની હતી. તેઓએ કહ્યું હતું : "હું એક સ્વપ્નદ્રષ્ટા છું અને હું એ દિવસની કલ્પના કરું છું કે, ભારતનો પ્રત્યેક નાગરિક ટેલિવિઝન મારફત શિક્ષણ પ્રાપ્ત કરી શકે અને દેશના ખૂણે ખૂણે વસતા પ્રત્યેક માનવી સુધી જ્ઞાનનો સંદેશ પહોંચાડવાનો આ એક જ ઉપાય છે. આપણે ઉપગ્રહો મારફતે કદાચ તે કરીશું." આ યોજનાને તેઓએ SITE – સેટેલાઈટ ઇન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપેરિમેન્ટ અર્થાત્ ઉપગ્રહ શૈક્ષણિક દૂરદર્શન પ્રયોગ નામ આપ્યું હતું. એક પ્રયોગરૂપે દેશના અલ્પવિકસિત લગભગ ૩૦૦૦ ગામડાંઓમાં ઉપગ્રહ દ્વારા સીધા પ્રસારણથી ટેલિવિઝન કાર્યક્રમ દ્વારા શિક્ષણ પહોંચાડવાની આ અદ્ભુત યોજના હતી. ભારતનાં ૬ રાજ્યો – આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, કર્ણાટક, ઓરિસ્સા અને રાજસ્થાન રાજ્યોમાં સમાન દશ્ય અને જે તે રાજ્યની પ્રાદેશિક ભાષાને આવરી લેતો આ અભૂતપૂર્વ પ્રયોગ હતો. ૧૯૭૧માં તેઓની ઓચિંતી વિદાય બાદ ૧૯૭૫માં આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો અને તે સફળ થયો હતો.

૧૯૬૬માં ભારતમાં એક અઘટિત બનાવ બન્યો. ભારતના જાણીતા વિજ્ઞાની પરમાણુ ઊર્જા પંચના અધ્યક્ષ ડૉ. હોમી ભાભાનું વિમાન અકસ્માતમાં અવસાન થયું. ભારત સરકારે આ સ્થાન માટે ડૉ. વિક્રમ સારાભાઈની પસંદગી કરી. ૧૯૬૩માં ભારત સરકારે ઇલેક્ટ્રોનિક્સ સમિતિ બનાવી હતી. તેના અધ્યક્ષ ડૉ. ભાભા હતા અને સમિતિના એક સભ્ય ડૉ. સારાભાઈ હતા.

આ જવાબદારી પણ ડૉ. સારાભાઈ ઉપર આવી. આમ ૧૯૬૬માં ડૉ. વિક્રમ સારાભાઈ ફક્ત ભારતીય અવકાશ કાર્યક્રમમાં વડા જ નહીં પરંતુ ભારતીય પરમાણુ ઊર્જા પંચ તથા ઇલેક્ટ્રોનિક્સ સમિતિના પણ અધ્યક્ષ બન્યા.

પરમાણુઊર્જા વિભાગ સાથે સંકળાયેલા વિજ્ઞાનીઓ માનતા હતા કે, ડૉ. સારાભાઈ ડૉ. ભાભાનાં અધૂરા કાર્યો પૂરાં કરવામાં વહીવટી માર્ગદર્શન આપશે; પરંતુ થોડા જ સમયમાં તે વિભાગનાં વિજ્ઞાનીઓ તથા ટૅક્નૉલૉજિસ્ટો આશ્ચર્યમાં પડી ગયાં કારણ કે, ડૉ. સારાભાઈ ફક્ત ડૉ. ભાભાનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાની જ જવાબદારી નહીં પરંતુ પોતાનું આગવું પ્રદાન કરવા માટે પણ તૈયારી કરી ચૂક્યા હતા.

૧૯૬૮માં સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉપક્રમે અવકાશનાં શાંતિમય ઉપયોગ અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. વિયેના ખાતે મળેલી આ પ્રથમ પરિષદના અધ્યક્ષસ્થાને ડૉ. વિક્રમ સારાભાઈની વરણી કરવામાં આવી. આ પરિષદના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં ડૉ. સારાભાઈએ ભારતીય અવકાશ કાર્યક્રમના હેતુ અંગે વિગતવાર સમજણ આપી હતી. ખાસ તો અલ્પવિકસિત દેશોને અવકાશ કાર્યક્રમ રાષ્ટ્રીય વિકાસના એક મહત્ત્વના ભાગરૂપે ગણવા તેઓએ ભાર મૂક્યો હતો. અલ્પવિકસિત દેશોએ આધુનિક પદ્ધતિઓ સ્વીકારીને આગળ વધવું જોઈએ અને આધુનિક ટૅક્નૉલૉજી સ્વીકારવી જોઈએ. આમ થશે તો જ વિકસિત અને અલ્પવિકસિત દેશો વચ્ચેના વિકાસનું અંતર ઘટશે અને તો જ અલ્પવિકસિત દેશો આત્મનિર્ભર થઈ શકશે.

૧૯૭૦માં સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉપક્રમે પરમાણુઊર્જાના શાંતિમય ઉપયોગો અંગે વિયેના ખાતે મળેલી પરિષદના અધ્યક્ષપદે ડૉ. વિક્રમ સારાભાઈની વરણી કરવામાં આવી હતી. આ પરિષદના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં તેઓએ અલ્પવિકસિત દેશોને પરમાણુઊર્જાના શાંતિમય ઉપયોગ માટે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

નિઃશસ્ત્રીકરણના પ્રખર હિમાયતી ડૉ. વિક્રમ સારાભાઈ ઇંગ્લૅન્ડના પ્રખ્યાત ચિંતક લોર્ડ રસેલે સ્થાપેલી પગવાશ PUG-WASH કન્ટીન્યૂઈંગ કમિટીમાં નિયમિત ભાગ લેતા. તેઓ કહેતા કે પરમાણુઊર્જાના ઉપયોગ દ્વારા મારે મહાત્મા ગાંધીનું વિકેન્દ્રિત સમાજરચનાનું સ્વપ્ન સાકાર કરવું છે.

ડૉ. હોમી ભાભાએ ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ સંસ્થાને ભારતીય પરમાણુઊર્જા કાર્યક્રમની માતૃસંસ્થા બનાવી તેવી જ રીતે ડૉ. વિક્રમ સારાભાઈએ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને ભારતીય

અવકાશ કાર્યક્રમની માતૃસંસ્થા બનાવી.

ડૉ. વિક્રમ સારાભાઈએ તેઓનું કાર્યક્ષેત્ર ફક્ત વૈજ્ઞાનિક સંશોધન અને રાષ્ટ્રીય વિકાસ કાર્યમાં પ્રદાન કરતી સંશોધન સંસ્થાઓ સ્થાપવામાં જ મર્યાદિત નહોતું રાખ્યું. તેઓના પિતા શ્રી અંબાલાલ સારાભાઈ પ્રખ્યાત ઉદ્યોગપતિ હતા. કુટુંબનો ઉદ્યોગપતિ તરીકેનો વારસો પણ ડૉ. સારાભાઈએ જાળવ્યો હતો. દેશના પ્રણાલિકાગત ઔદ્યોગિક માળખાને આધુનિકરણ દ્વારા પ્રગતિના પંથે દોરવાના કાર્યમાં પણ વિક્રમભાઈનો અમૂલ્ય ફાળો હતો. આપણા દેશમાં રાસાયણિક અને દવા ઉદ્યોગ ઊભો કરવામાં ડૉ. સારાભાઈએ અગત્યનું પ્રદાન કર્યું હતું. વડોદરામાં સારાભાઈ કેમિકલ્સ નામે ઔદ્યોગિક એકમની સ્થાપના એ સ્વતંત્ર ભારતમાં દવા ઉદ્યોગની શરૂઆત થઈ હતી એમ કહી શકાય. અત્યાર સુધી અનેક અગત્યની દવાઓ વિદેશમાંથી આયાત કરવી પડતી તે હવે સારાભાઈ કેમિકલ્સની સ્થાપનાથી દેશમાં જ બનવા માંડી. અને તેઓએ દવા ઉદ્યોગને લગતા અનેક ઔદ્યોગિક એકમો સ્થાપ્યા. આ પ્રકારના ઔદ્યોગિક એકમો ઉત્પાદિત માલનું ધોરણ શ્રેષ્ઠ રહે તેવો ડૉ. વિક્રમ સારાભાઈ હંમેશાં આગ્રહ રાખતા. વળી આ ઉદ્યોગમાં EDP અર્થાત ઇલેક્ટ્રોનિક ડેટા પ્રોસેસિંગ અને વૈજ્ઞાનિક સંશોધનની પદ્ધતિ શરૂ કરનાર ડૉ. વિક્રમ સારાભાઈ પ્રથમ હતા.

ડૉ. વિક્રમ સારાભાઈએ વિવિધ સંસ્થાઓના સ્થાપક તરીકેની તેઓની કારકિર્દી અમદાવાદમાંથી શરૂ કરી હતી. આજે અમદાવાદમાં વિવિધ વિષયોને લગતી જેટલી સંસ્થાઓ છે તેટલી સંસ્થાઓ દેશનાં બીજા શહેરોમાં ભાગ્યે જ હશે. અમદાવાદ શહેરે નવી સંસ્થાઓ અને નવા વિચારો સહેલાઈથી સ્વીકાર્યા છે તે અંગે ડૉ. સારાભાઈએ જણાવ્યું હતું કે, ‘‘અમદાવાદની રચના જ એવી છે કે તે નવા વિચારોને આવકારે છે, તક આપે છે, મતમતાંતરોને પણ આ શહેર અનુકૂળ રહે છે. મહાત્મા ગાંધીજી જેવા તદ્દન નવા વિચાર લઈને આવ્યા અને આ શહેરે તેમને પૂરતો સાથ આપ્યો. મારા મૂળને પોષનારું કોઈ હોય તો અમદાવાદે આપેલું આ નવા વિચારોને સમર્થન !’’

સંસ્થાના વડાએ સંસ્થાના સભ્યોની સર્જનશક્તિ યોગ્ય રીતે ખીલી શકે અને તેનો યોગ્ય ઉપયોગ થઈ શકે તે માટે વિશ્વાસ અને સ્વતંત્ર રીતે કામ કરી શકાય તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. ટૂંકમાં, સંસ્થાના વડાની લાયકાતમાં માનવીય અભિગમની જરૂરિયાતને તેઓ અતિ મહત્ત્વની ગણતા હતા.

વિક્રમભાઈ તેઓની સંસ્થા સાથે સંકળાયેલા સભ્યો સાથેનો સંબંધ ફક્ત સંસ્થાના દરવાજા સુધી મર્યાદિત નહોતા રાખતા; પરંતુ તેમના ઘર, કુટુંબના સભ્યો, તેમને યોગ્ય સવલતો અને મહેનતાણું મળી રહે તેવી બધી જ બાબતોનો આ સંબંધમાં સમાવેશ થઈ જતો હતો. તેઓની સંસ્થાના સભ્યોને કદી પણ કોઈ માગણીઓ લઈને વિક્રમભાઈ પાસે જવાની જરૂર પડી નહોતી.

દરરોજ ૧૮થી ૨૦ કલાક સતત કાર્યશીલ એવા વિક્રમભાઈનું સમગ્ર જીવન એ સમય સાથેની એક તીવ્ર સ્પર્ધા સમાન હતું. તેઓ માટે કોઈ પણ કાર્ય અશક્ય નહોતું. કહેવાતા અશક્ય કાર્યને શક્યતામાં ફેરવવાની અખૂટ ધીરજ તથા આત્મવિશ્વાસ એ તેમના વિરલ વ્યક્તિત્વનાં મહત્ત્વનાં પાસાં હતાં. અતિશય કામના બોજાથી આપણે થાક અનુભવતા હોઈએ ત્યારે મોં પર સ્વચ્છ પાણીના છંટકાવથી જે પ્રફુલ્લિતતા અનુભવી શકાય તેવો અનુભવ વિક્રમભાઈને મળવાથી થતો. સદાય નમ્ર અને સાદાઈને વરેલા વિક્રમભાઈ જીવનની છેલ્લી ક્ષણ સુધી કાર્યરત રહ્યા હતા કારણ કે તેઓએ અનેક અધૂરાં સ્વપ્નો પૂરાં કરવાનાં હતાં.

૧૯૭૧ના ડિસેમ્બરની ૩૦મીની વહેલી સવારે થુમ્બા રૉકેટ મથક નજીક કોવાલમ નામના સ્થળે ડૉ. વિક્રમ સારાભાઈનું અચાનક ફક્ત ૫૨ વર્ષની વયે અવસાન થયું. આગલી રાત્રે લગભગ ૧.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેલા અને ચિરનિદ્રાની અંતિમ ક્ષણ સુધી માનવ કલ્યાણનાં કાર્યમાં ડૂબેલા ડૉ. વિક્રમ સારાભાઈ એક સાચા કર્મયોગીનું જીવન જીવી ગયા.

માસાચ્યુસેટસ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજીના કોસ્મિક કિરણો અંગે સંશોધન કાર્ય કરતા જાણીતા વિજ્ઞાની ડૉ. બ્રૂનો રોસીએ સાચું જ કહ્યું હતું કે, ડૉ. વિક્રમ સારાભાઈની ઓચિંતી વિદાયથી ફક્ત ભારતમાં જ નહીં; પરંતુ સમગ્ર વિશ્વના વિજ્ઞાનીઓને ખોટ પડી છે. ખરેખર તો વિક્રમ સારાભાઈની વિદાયથી વિજ્ઞાને ઘણું ગુમાવ્યું છે.

**એ-૧૦૧, અલૌકિક ઍપાર્ટમેન્ટ્સ,**
**જજીસ બંગલા પાસે, બોડકદેવ,**
**અમદાવાદ-૩૮૦૦૧૫**
**(સૌજન્ય : વિ-વિદ્યાનગર (સપ્ટેમ્બર, ૨૦૧૯)**
**૫૭૫, ૧૭-૨૩)**

# ભારતીય બંધારણની કલમ ૩૭૦

ડૉ. કમલેશ જોશીપુરા

ભારતીય બંધારણના પ્રકરણ ૨૧ની ''અસ્થાયી – કામચલાઉ અને ખાસ જોગવાઈઓ'' શીર્ષક અંતર્ગતનાં અનુચ્છેદ ૩૭૦ રદ કરવા અર્થેની બાબત સંદર્ભનાં બંને ગૃહોએ અસરકારક અને પ્રચંડ બહુમત સાથે પસાર કરેલ છે, ૫મી ઑગસ્ટે પ્રસ્તાવિત બાબત સંસદમાં ચર્ચાયા પછી, પસાર થયા પછી રાષ્ટ્રપતિજીનાં હસ્તાક્ષર થઈ ચૂક્યા છે, અને પસાર થયેલ આ પ્રસ્તાવની બંધારણીય યોગ્યતાને સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને નોટિસ કરી સમગ્ર બાબત બંધારણીય બેંચને વિચાર કરવા માટે સુપ્રત કરેલ છે.

ભારતીય બંધારણમાં ''Separation of Power'' અંતર્ગત ધારાગૃહો અને ન્યાયતંત્રનાં ક્ષેત્રાધિકાર અને સીમામર્યાદા ખૂબ જ સ્પષ્ટ રીતે સુનિશ્ચિત થયેલ છે. સત્તાની વહેંચણી (Separation of Power) અને ન્યાયિક પુનરાવલોકન (Judicial Review) બંને બાબતો સતત ચર્ચામાં રહે છે. ધારાગૃહો (એટલે કે અહીં સંસદ) એ પસાર કરેલ કે કારોબારી (વહીવટીતંત્ર)એ લીધેલા નિર્ણયોનાં પુનરાવલોકનનો સિદ્ધાંત મૂળભૂત રીતે કોમન લૉના સિદ્ધાંત આધારિત છે – મુખ્યત્વે જોવા જઈએ તો – પ્રથમ એટલે લીધેલા નિર્ણયની પ્રમાણસરતા (Proportionality), અને કાયદેસરની અપેક્ષા (Legitimate Expectation) અને વાજબીપણું (Reasonableness) અને કુદરતી ન્યાય (Principal of Natural Justice) મુખ્ય છે. આ મૂળભૂત તત્ત્વોનાં આધારે વિશ્લેષણ કરીએ તો અનુચ્છેદ ૩૭૦ રદ કરવાના સંસદના નિર્ણય સંદર્ભે સર્વોચ્ચ અદાલતે મનાઈહુકમ ન આપી સ્પષ્ટતાપૂર્વક સિમાંકન વગેરે પ્રક્રિયા પર કોઈ જ રોક નથી તેમ સ્પષ્ટ રીતે ઠરાવેલ છે.

અનુચ્છેદ-૩૭૦ સંદર્ભે ન્યાયિક પુનરાવલોકનની બંધારણીય ચર્ચા હજુ ખૂબ જ ઓછી સાંભળવા મળે છે. જેનાં કારણો સ્વયંસ્પષ્ટ છે અને સર્વોચ્ચ અદાલતે પણ સાંભળવા અર્થે જલ્દબાજી નથી બતાવી.

કયા સંજોગોમાં, કઈ બંધારણીય જોગવાઈ હેઠળ ન્યાયિક પુનરાવલોકનની બંધારણીય વ્યવસ્થા છે તે ચર્ચા પહેલાં અનુચ્છેદ-૩૭૦ રદ કરી એટલે શું ? કયા વિદ્યમાન કાયદાઓ રદ થશે, કયા ભારતીય કાયદાઓ અમલમાં આવશે અને કયા કાયદાઓનો અમલ ચાલુ રહેશે તે જાણવું ખૂબ જ જરૂરી બનશે. આજ સુધી દેશનાં અધિકાંશ કટાર લેખકોએ રાજકીય દૃષ્ટિકોણ રાજનૈતિક પરિમાણીય છણાવટ કરી છે. ખૂબ જ ઓછા લેખકોનું ધ્યાન આ પ્રકારની કાયદાકીય પરિસ્થિતિમાં કાશ્મીરના નિવાસી લોકોના જીવનમાં કેવા પ્રકારે પરિવર્તન આવશે તેના પર ગયું છે અને ખરેખર તો તટસ્થભાવે તેનું નિરીક્ષણ કરવું જોઈએ.

સર્વપ્રથમ અને પ્રત્યક્ષ લાભ કાશ્મીરના સમાજજીવનનાં અત્યાર સુધી વંચિત એવા ત્રણ વર્ગો ઉપર પડશે. ભારતીય બંધારણમાં આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાયની સંકલ્પના કરવામાં આવેલી છે. ખરેખર જોવા જઈએ તો સંસદના આ ઠરાવથી ત્રણેય ન્યાયના ક્ષેત્રમાં કાશ્મીરના લોકોને વિધાયક દૃષ્ટિથી લાભ થશે – 'સામાજિક ન્યાય'ના ખ્યાલ અંતર્ગતનો લાભ થશે. પ્રથમ એટલે કે મહિલા-ઉદાહરણ તરીકે આ રાજ્યની મહિલા અન્યત્ર લગ્ન કરે એટલે રાજ્યનું નાગરિકત્વ સમાપ્ત થાય અને પાકિસ્તાનથી કોઈ કન્યા લગ્ન કરી અને કાશ્મીરમાં સ્થાયી થાય તો તેને તમામ પ્રકારના નાગરિકત્વના સંદર્ભેના લાભ મળે – મહિલાઓ માટે કેટલી બધી અન્યાયકારી બાબત છે. કારણ કે રાજ્યમાં સ્થાનિય કાનૂન મુજબ અને બંધારણ મુજબ આ પ્રકારની સ્થિતિ અસ્તિત્વમાં હતી.

બીજુ એટલે ૧૯૫૭ની સાલથી રાજ્યમાં વસેલા અનુસૂચિત જાતીના લોકોને લગભગ તમામ લાભોથી વંચિત રાખવામાં આવેલ અને સફાઈકામદારોની પેઢીઓ માત્ર સફાઈ કામદાર જ રહે – અન્ય વ્યવસાયમાં આગળ ન જ આવે તે પ્રકારની સ્થિતિ અનુચ્છેદ ૩૭૦ રદ થવા સુધી રહી તેનું કારણ આજ દિવસ સુધી તેઓને સ્થાયી

નિવાસી પ્રમાણપત્ર આપવામાં આવેલ ન હતું તે છે. ત્રીજું અગત્યનું પરિબળ એટલે બિનકાશ્મીરી ઉત્પાદકો અને વ્યાપારીઓને વ્યાપારની તક ન હોવાથી વિકાસ સંદર્ભે બંધીયારપણાની સ્થિતિ હતી. આ ઉપરાંત સૌથી અગત્યની બાબત એટલે સમાજજીવનનાં વંચિત વર્ગને આર્થિક અનામત સહિતના લાભો મળતા ન હતા. આ તમામ બાબતોના સંદર્ભમાં કેન્દ્ર સરકારે સંદર્ભમાં મૂકેલ કાનૂની સંરચના કરવામાં આવેલ છે તેને થોડી વાર સેક્યુલરવાદ કે અન્ય રાજકીય ચશ્માં ઉતારી જોવાની જરૂર છે.

દેશમાં રાજનૈતિક દષ્ટિકોણથી અનુચ્છેદ ૩૭૦ હટાવવા સંદર્ભમાં વ્યાપક ચર્ચા થઈ પરંતુ કાયદા અને ન્યાયમંત્રાલય દ્વારા જે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે તે મુજબ અનુચ્છેદ ૩૭૦ હટાવતા અગાઉ ભારતીય બંધારણમાં અનુચ્છેદ ૩૬૭માં ૧૯૫૪માં અમલમાં આવેલ જોગવાઈઓમાં સુધારો કરવામાં આવેલ છે તે મુજબ ''રાજ્યની સંવિધાન સભા'' (Constituent Assembly)ના સ્થાને રાજ્ય વિધાન સભા (State Assembly) એવો સુધારો આમે જ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૯૫૬ના અધ્યાદેશમાં રાજ્યમંત્રી મંડળની સલાહ પરથી 'સદર – એ રીયાસત' કાર્યરત રહેશે તેવી બંધારણીય વ્યવસ્થામાં સુધારો લાવી અને રાજ્યમત્રીમંડળની સલાહ પર રાજ્યપાલ કાર્યરત રહેશે તે પ્રકારનો સુધારો લાવવામાં આવેલ છે, સૌથી અગત્યની બાબત એટલે ''Reference to this Constitution'' – એટલે કે જમ્મુ-કાશ્મીરની ખાસ સંવૈધાનિક વ્યવસ્થાના સ્થાને Reference to the Constituion એટલે કે જે કાંઈ પણ સંવૈધાનિક સંદર્ભ હોય તે ભારતીય બંધારણ સંદર્ભે જ હવે માનવાનો રહેશે અને જમ્મુ-કાશ્મીર રાજ્યને વિશિષ્ટ બંધારણીય વ્યવસ્થા રદ કરી ભારતીય બંધારણીય વ્યવસ્થાઓ પૂર્ણ રીતે લાગુ કરવામાં આવી છે.

બંધારણીય દષ્ટિથી અને બંધારણવાદ એટલે કે Constitutionalismનાં સિદ્ધાંત મુજબ કે સમગ્ર પ્રક્રિયા ખૂબ જ કાળજીપૂર્વક અને વિચારપૂર્વક લાવવામાં આવી છે તે સ્થિતિમાં વિપરીત અર્થઘટન કે બંધારણીય યોગ્યતા ચકાસવાનો મુદ્દો જ ન ઊભો થાય.

ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૩૭૦ (૧)માં આ અસ્થાયી વ્યવસ્થા રાષ્ટ્રપતિ રદ કરી શકશે તેવી જોગવાઈ અનુચ્છેદ ૩૭૦ અસ્તિત્વમાં આવેલ ત્યારથી જ છે; પરંતુ રાષ્ટ્રપતિ રદ કરે તે પૂર્વે જમ્મુ-કાશ્મીર રાજ્ય બંધારણસભાની ભલામણ અનિવાર્ય હતી, સમગ્રપણે આ સ્થિતિમાં અનુચ્છેદ ૩૭૦ રદ કરવા માટે પહેલાં અનુચ્છેદ ૩૬૭ (અર્થઘટન) સુધારી રસ્તો સાફ કરવો અનિવાર્ય હતો, વળી જમ્મુ-કાશ્મીર વિધાનસભા મૂર્છિત સ્થિતિમાં હોય રાજ્યપાલનું સ્થાન જ ચાવીરૂપ બની ગયેલ. અનુચ્છેદ ૩૭૦ રદ કરવાના સંદર્ભમાં કાગારોળ કરતા અગ્રણીઓ કે ભારતીય બંધારણીય વ્યવસ્થા, અનુચ્છેદ ૩૭૦ સંદર્ભેનો ઇતિહાસ કે બંધારણીય જોગવાઈ વાંચ્યા કે સમજ્યા વગર દેકારો કરતા વિપક્ષને એ ખ્યાલ જ નથી કે અનુચ્છેદ ૩૭૦ (૧) (બી) અને ૩૭૦ (૧) (ડી)માં સ્પષ્ટ રીતે જમ્મુ-કાશ્મીરનું બંધારણ સુધારવા પર કોઈ જ પાબંદી નથી.

બીજું બીલ (બીલ નં. ૨૮/૨૦૧૯) જમ્મુ-કાશ્મીર રિઝર્વેશન એક્ટ ૨૦૦૪ સુધારી અને આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામતની જોગવાઈ લાગુ પાડવામાં આવેલ છે.

જમ્મુ-કાશ્મીર રાજ્ય પુનર્રચના (બીલ ૨૯-૨૦૧૯) બીલ પ્રથમ દષ્ટિએ કારગિલ અને લેહ માટે લડાખ કેન્દ્રશાસિત પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશ રચવામાં આવેલ છે, આ સુધારાથી ભારતીય બંધારણની પ્રથમ અનુસૂચિમાં ''રાજ્યો''ની યાદીમાં મૂકવામાં આવેલ છે, આ ઉપરાંત ખૂબ જ કાળજીપૂર્વક પ્રારંભે જ પાર્ટ-૧ ''વ્યાખ્યા''માં જ ચૂંટણીપંચ અંતર્ગત જ આવરી લેવાયેલ છે, બંધારણસભાના સ્થાને વિધાનસભા, અનુચ્છેદ એટલે ભારતીય બંધારણનો જ સંદર્ભ સહિતની બાબતો વાંચતાં કેન્દ્ર સરકારે બીલ લાવતા પહેલાં ખૂબ જ મહેનત કરી હોય તેવું લાગે છે. આ ઉપરાંત અનુચ્છેદ ૨૩૯(એ) અંતર્ગત પોન્ડિચેરી સ્વરૂપની વિધાનસભાની રચના કરવામાં આવશે, જેમાં કુલ ૧૦૭ બેઠકો રહેશે, બીલમાં પાકિસ્તાન કબજાગ્રસ્ત કાશ્મીરની ૨૪ જેટલી બેઠકોને ''ખાલી બેઠકો'' ગણાવી છે અને ૧૦૭ બેઠકોમાં તેનો સમાવેશ કરાયો નથી.

આંતરરાજ્ય વ્યાપાર – વ્યવસ્થાપનનાં સંદર્ભનાં અનુચ્છેદ ૨૮૬, વીજળી, પાણી વગેરે ઉપર કરવેરા ન નાખવા માટે અનુચ્છેદ ૨૮૭, ૨૮૮ ઉપર સ્થાનિક વિધાનસભા કોઈ કાયદો ઘડી નહીં શકે, ઉપરાંત નિશ્ચિત સ્વરૂપનાં નાણાંકિય ખરડો કે ઠરાવ જે પ્રવર્તમાન નાણાંકિય જવાબદારીઓમાં પરિવર્તન લાવતી બાબત લેફ્ટનન્ટ ગવર્નરની પૂર્વ મંજુરી સિવાય લાવી નહી શકાય સહિત બીલમાં મહત્ત્વપૂર્ણ અન્ય જોગવાઈઓ કરવામાં આવી છે.

એકંદરે હાલનાં કેન્દ્રશાસિત પ્રદેશો જેવી જ શાસન વ્યવસ્થા જમ્મુ-કાશ્મીર અને લડાખમાં લાવવામાં આવી છે. ચૂંટણીપંચ લગતની ડિલિમિટેશન પ્રક્રિયા માટે ભારતીય ચૂંટણીપંચની સત્તામાં આ કેન્દ્રશાસિત પ્રદેશોને લાવવામાં આવેલ છે. જમ્મુ-કાશ્મીરનાં કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની જોગવાઈ છે, લડાખમાં રાખવામાં આવેલ નથી, સ્વાભાવિક જ અન્ય સ્વરૂપની પ્રજાકિય પ્રતિનિધિત્વની રચના કરાશે.

એક અન્ય ખૂબ જ અગત્યની અને વાસ્તવિક અસર ઉપજાવનારી બાબત એટલે, બીલનાં પાર્ટ ૧, કલમ ૯૫-૯૬ અંતર્ગત આધાર ૨૦૧૬થી લઈ કેન્દ્રનાં ૧૦૬ જેટલા કાયદાઓ આ પ્રદેશમાં લાગુ કરી દેવાયેલ છે અને માત્ર જમ્મુ-કાશ્મીરમાં જ લાગુ પડતા ૧૫૩ કાયદાઓ રદ થશે અને ૧૬૬ જેટલા કાયદાઓ જે જમ્મુ-કાશ્મીર રાજ્યમાં અમલમાં હતા તે હવે તે જ સ્વરૂપે કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ યથાવત રખાયેલ છે.

જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં યથાવત રખાયેલ કેટલાક સ્થાનિક કાયદાઓનું સ્વરૂપ જોતાં રાજ્યની ઓળખ ઉપર આક્રમણ, કાશ્મીરિયત પર આઘાત જેવી વાતમાં કોઈ જ તથ્ય નથી, લાગુ કરાયેલા કેન્દ્રીય કાનૂનથી રાજ્યના લોકોને પૂર્ણ રીતે લાભ જ થશે, સવિશેષ રીતે આર્થિક બે હાલ સવર્ણોને આર્થિક પછાત અનામતનાં લાભ સહિત અનેક લાભો મળશે.

અનુચ્છેદ ૩૫(૧) પણ રદ કરાયેલ છે, ખાસ કરીને સ્થાનિક વ્યવસાય માટે ''સ્થાયી નિવાસી'' સંદર્ભેની આ જોગવાઈ છે, વાસ્તવમાં અબ્દુલગની વિરુદ્ધ સ્ટેટ ઑફ જમ્મુ-કાશ્મીર AIR ૧૯૭૧ SC ૧૨૧૭ (Para ૩) અંતર્ગત ૩૫(૧)-સી કાશ્મીરના લોકો સર્વોચ્ચ અદાલત સમક્ષ રીટના અધિકારથી વંચિત રહેતા હતા તેને સર્વોચ્ચ અદાલતે રદ કરી હતી, ૩૫ (એ) અંતર્ગત નોકરીઓ સંદર્ભે 'નિવાસી' નક્કી કરવાની સત્તા માત્ર પાર્લામેન્ટને હતી. ૩૫ (૧) ઉમેરી આવી સત્તા જમ્મુ-કાશ્મીર વિધાનસભાને આપેલ જે બંધારણીય વિભાવનાથી સંપૂર્ણ વિપરીત હતી, જે પણ રદ કરવામાં આવેલ છે, ૩૫ (સી)માં જે રીતે સર્વોચ્ચ અદાલતે ભૂતકાળમાં વલણ લીધેલ, તે જ વલણ ૩૫ (૧)માં લઈ શકે છે તેવું લાગી રહેલ છે, આમ પણ અનુચ્છેદ ૩૫ (A) (ii)ને કારણે જ ભારતનાં પ્રત્યેક નાગરિકો મૂળભૂત અધિકારો સમાન રીતે ભોગવી શકે છે, તે વિભાવના જોતાં ૩૫(૧) દાખલ કરવામાં આવેલ તે બંધારણ સમક્ષની સર્વેની સમાનતાનાં ખ્યાલથી વિપરીત બાબત હતી જે રદ કરાયેલ છે.

અનુચ્છેદ-૩૭૦ હટાવવાથી કાશ્મીર સાચા અર્થમાં રાષ્ટ્રીય પ્રવાહમાં જોડાયું છે અને કાશ્મીરના રાજકીય નેતાઓએ પણ પોતાના વ્યક્તિગત રાજકીય લાભોને એકબાજુએ મૂકી અને રાષ્ટ્ર માટે આવશ્યક એવા પગલાને ટેકો આપવો જોઈએ. રિયાસતે એ કાશ્મીર કે સદરે રિયાસત, મહારાજા હરિસિંહે પાકિસ્તાનના આક્રમણની પરિસ્થિતિમાં અને શેખ અબ્દુલાના દબાણ હેઠળ ભારત સાથેના જોડાણ સમયે આ અસ્થાયી વ્યવસ્થા અમલમાં આવે તેવી માંગણી કરેલી અલબત્ત ત્યારની કટોકટીભરી પરિસ્થિતિમાં પણ આ બાબત યોગ્ય ન હતી. જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ દેશની અંદર દો નિશાન – દો પ્રધાન – દો વિધાન ન ચાલી શકે તે અર્થે જબરદસ્ત આંદોલન કરેલું હતું. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી વાજપેયીજીને ઇન્ડિયા બ્રિજ પાર કરી કાશ્મીરમાં પ્રવેશ કરતી વખતે જણાવ્યું કે કદાચ હું પાછો ન આવું તો કાશ્મીર સંદર્ભેની આ વાત દેશભરમાં વ્યાપક જનજાગૃતિ અર્થે ફેલાવો – શ્રી શ્યામાપ્રસાદ મુખર્જીનું શંકાસ્પદ સ્થિતિમાં અવસાન થયું અને તે પાછા ન આવી શક્યા, તેમણે તે સમયે જે-જે બાબતોના સંદર્ભમાં અવલોકનો કર્યાં હતાં તે આજે સાચા પડી રહ્યાં છે. કાશ્મીરી પ્રજાજનોના સર્વાંગી વિકાસ માટે સવિશેષ રીતે સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના ઉત્થાન માટે, કાશ્મીરી યુવાન ભાઈ-બહેનોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમજ સમગ્ર રીતે કાશ્મીરિયતના રક્ષણ અર્થે પણ સંસદે ઘનિષ્ઠ ચર્ચાને અંતે આ નિર્ણય લીધો છે તે ખાસ અભિનંદનને પાત્ર છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જે દૂરંદેશી બતાવી છે તેને કૉંગ્રેસના પણ અનેક નેતાઓએ સમર્થન આપ્યું છે અને દેશની આમજનતાએ પણ આ નિર્ણયને વધાવી લીધેલ છે તે ખૂબ જ આનંદની બાબત છે. વર્તમાનમાં લડાખ અને જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા છે તે પણ સર્વથા યોગ્ય જ છે. હવેના પાંચ વર્ષ વિકાસના એજન્ડા સાથે મોદી સરકાર પૂર્વ પરિશ્રમ કરશે તે નિશ્ચિત છે.

**– પ્રો. (ડૉ.) કમલેશ જોશીપુરા**
**પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર**
**ચૅરમેન, લિગલ રિસર્ચ ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયા**

# ઘર : મૂલ્યશિક્ષણનું ધરુવાડિયું

તુલસીભાઈ પટેલ

**મૂલ્ય એટલે શું ?**

સમાજને સુસંગઠિત બનાવવા માટે તેમજ સભ્યતા અને સંસ્કૃતિના વિકાસ માટે કેટલાક પાયાના નિયમો કે સિદ્ધાંતો ખૂબ જરૂરી છે. એના વિના સમાજ ટોળામાં બદલાઈ જાય અને સભ્યતાને સ્થાને બર્બરતા કે અરાજકતા પેદા થાય. સમાજ અને સભ્યતાને ટકાવી રાખનાર તેમજ તેનો પાયો વધુ સુદૃઢ બનાવનાર જે નીતિ-નિયમો છે એને 'મૂલ્ય' (Values) કહી શકાય. પશુ-પક્ષી અને મનુષ્ય વચ્ચે સૌથી મોટો તફાવત મૂલ્ય બાબતે છે. પશુ-પક્ષી કુદરતી પ્રેરણા અનુસાર જીવે છે; જ્યારે મનુષ્યે નીતિ-નિયમો બનાવ્યાં છે. સમાજ અને સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. ટૂંકમાં એમ કહી શકાય કે વ્યક્તિ અને સમષ્ટિને જે ધારણ કરે છે, જે બાબતો આપણને ઊર્ધ્વ દિશામાં લઈ જાય છે. જે ટેવો યા વર્તન સમાજ અને સંસારને સુખી અને સંવાદી બનાવે છે એને આપણે 'મૂલ્ય' કહી શકીએ. આ દૃષ્ટિએ વિચારતાં મૂલ્યોનો મહિમા અને એની અનિવાર્યતા સ્વયં સ્પષ્ટ છે. વિશ્વવિખ્યાત ફિલસૂફ ડૉ. રાધાકૃષ્ણન્ સાચું જ કહે છે કે : ''સંસ્કૃતિનું નિર્માણ માત્ર યંત્રો દ્વારા થતું નથી. સંસ્કૃતિનું નિર્માણ મૂલ્યોના જતન વડે થાય છે.''

**મૂલ્યશિક્ષણનું મહત્ત્વ :**

શિક્ષણના અનેક ઉદ્દેશ છે. જેમ કે, બાળકનો બૌદ્ધિક, શારીરિક, સાંવેગિક વિકાસ કરવો. આજીવિકા પ્રાપ્ત કરવાનું શિક્ષણ અને તાલીમ આપવાં; પરંતુ જો એનો નૈતિક વિકાસ થયો નહીં હોય, એનું ચારિત્ર્ય શિથિલ હશે, તો સમાજ અને સભ્યતા માટે એ ખતરારૂપ બનશે. સંસ્કૃતમાં સાચું જ કહ્યું છે : **विपरीता साक्षरा: राक्षसा भवन्ति ।** આજે આપણે જોઈ રહ્યા છીએ કે વિજ્ઞાનનો ઉપયોગ વિનાશ માટે થઈ રહ્યો છે. ભણેલા અને બુદ્ધિશાળી કહેવાતા, ઊંચાં પદ પર બિરાજમાન લોકો દેશને લૂંટી રહ્યા છે. શિક્ષિત વ્યક્તિઓ સૌથી વધુ ભ્રષ્ટાચાર કરતી જોવા મળે છે એનું કારણ શું ? કારણ કે એમનો બૌદ્ધિક વિકાસ તો થયો છે; પરંતુ નૈતિક અથવા ચારિત્ર્યનો વિકાસ થયો નથી. ચારિત્ર્યના વિકાસ માટે મૂલ્યોનું શિક્ષણ ખૂબ ઉપયોગી છે. ચારિત્ર્યનો મહિમા નીચેના સૂત્રમાં સરસ રીતે દર્શાવવામાં આવ્યો છે :

If wealth is lost, nothing is lost;
If health is lost something is lost;
If charecter is lost everything is lost.
અર્થાત્ જો પૈસા ગુમાવ્યા તો કશું જ ગુમાવ્યું નથી.
જો સ્વાસ્થ્ય ગુમાવ્યું તો કંઈક ગુમાવ્યું છે.
પંરતુ જો ચારિત્ર્યગુમાવ્યું તો સર્વસ્વ ગુમાવ્યું છે.

**શાશ્વત અને સામયિક મૂલ્યો :**

મૂલ્યો અંગે ચિંતન કરનાર વિદ્વાનોએ મૂલ્યોના અનેક પ્રકાર બતાવ્યા છે. જેમ કે : નૈતિક મૂલ્યો, સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીય મલ્યો, સૌંદર્યલક્ષી મૂલ્યો વગેરે. કેટલાક ચિંતકોએ તો મૂલ્યોની સંખ્યા પણ ગણી બતાવી છે ! પરંતુ સંખ્યાનું ખાસ મહત્ત્વ નથી. બે-ચાર વધારે યા ઓછી સંખ્યા મહત્ત્વપૂર્ણ નથી. સંખ્યા તો તાણીતૂસીને લાંબીટૂંકી કરી શકાય. આપણે તત્ત્વ પકડવાનું છે. સ્થૂળ સંખ્યા પકડવાની નથી. તાત્ત્વિક રીતે વિચારીએ તો મૂલ્યોને મુખ્ય બે પ્રકારમાં વહેંચી શકાય. (૧) શાશ્વત મૂલ્યો અને (૨) સામયિક મૂલ્યો. એ પૈકી શાશ્વત મૂલ્યોનું સવિશેષ મહત્ત્વ છે. ખરું કહીએ તો 'શાશ્વત મૂલ્યો'ને જ સાચા અર્થમાં મૂલ્ય કહી શકાય. સામયિક મૂલ્યો અર્થાત્ અમુક મર્યાદિત સમય પૂરતું જેનું મહત્ત્વ છે, એવાં મૂલ્યો. એને પ્રાસંગિક મૂલ્યો પણ કહી શકાય. શાશ્વત મૂલ્યોનું સદાકાળ મહત્ત્વ છે, જ્યારે સામયિક મૂલ્યો અવરજવર કરતાં રહે છે. ખાસ સમય યા ઘટના પૂરતું જ એનું મહત્ત્વ હોય છે. સમય યા પ્રસંગ પૂરો થવાની સાથે એ મૂલ્યનું મહત્ત્વ પણ સમાપ્ત થાય છે.

શાશ્વત મૂલ્યોમાં કયાં કયાં મૂલ્યોનો સમાવેશ થઈ શકે ? એ વિશે બહુ ચિંતન કરવાની જરૂર નથી. આપણને મહાત્મા ગાંધીજી તરફથી એની તૈયાર સૂચિ પ્રાપ્ત થઈ છે. ગાંધીજીએ નીચેની પંક્તિઓમાં મહત્ત્વનાં અગિયાર શાશ્વત મૂલ્યોની યાદી ખૂબ સુંદર રીતે રજૂ કરી છે : સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતું નવ સંઘરવું, બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે નવ અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વધર્મ સરખા ગણવા, એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવાં.

આમ, ગાંધીજીએ સૂચવેલાં અગિયાર શાશ્વત મૂલ્યો આ પ્રમાણે છે :

(૧) સત્ય (૨) અહિંસા (૩) ચોરી ન કરવી (૪) અપરિગ્રહ (૫) બ્રહ્મચર્ય (૬) સ્વાવલંબન (૭) અસ્પૃશ્યતા (૮) અભય (૯) સ્વદેશી (૧૦) અસ્વાદ અને (૧૧) સર્વધર્મસમભાવ.

ગાંધીજી સવારની પ્રાર્થનામાં આ મૂલ્યો વિશે સમજ આપતા. એના પરથી એક સરસ નાનકડી પુસ્તિકા ''મંગલ પ્રભાત'' તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકા દરેક જણે વસાવવી જોઈએ.

ન્યાય, નીતિ, પ્રેમ, સદાચાર, મિત્રતા, સંવેદનશીલતા, દયા, કરુણા, ભ્રાતૃભાવ, નમ્રતા, સેવા, વડીલો પ્રત્યે આદર, રાષ્ટ્રભક્તિ, સહકાર, સહૃદયતા, સમભાવ, આત્મીયતા વગેરે સનાતન માનવીય મૂલ્યો છે. આ એવાં નૈતિક મૂલ્યો (Moral Values) છે, જેના વડે સમાજ, રાષ્ટ્ર તથા સંસારમાં સમરસતા, શાંતિ અને સુખ પ્રવર્તે છે. અભ્યાસક્રમમાં આવતાં કાવ્યો, વાર્તા, નાટક, નિબંધ, જીવનચરિત્ર વગેરે શીખવતી વખતે, જે-તે કૃતિમાંથી કયાં કયાં નૈતિક તથા માનવતાનાં મૂલ્યો ફલિત થાય છે, તેની શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ વિશદ ચર્ચા કરવી જોઈએ. શિક્ષકે સીધો બોધ આપવાને બદલે વિદ્યાર્થીઓને જ પૂછવું જોઈએ કે આ કૃતિ કયા માનવીય ગુણો વિશે સંદેશ આપે છે ? નીતિ-સદાચારનાં પદો, પ્રાર્થના, કાવ્યોમાંથી નૈતિક મૂલ્યો વિશે સીધો બોધ મળતો હોય છે. નરસિંહ મહેતાનું ''વૈષ્ણવજન તો તેને રે કહીએ'' ભજન ગાંધીજીને ખૂબ જ પ્રિય હતું. એમાં વૈષ્ણવ જન અર્થાત્ સજ્જન વ્યક્તિમાં કયા ગુણો અપેક્ષિત છે, એની સીધી યાદી જ આપી દેવામાં આવી છે. શિક્ષક અને વિદ્યાર્થી બંને મળીને એ ઉપદેશ શોધવાની બૌદ્ધિક કે માનસિક કસરત કરી શકે.

**પ્રત્યક્ષ અને પરોક્ષ પદ્ધતિ :**

મૂલ્યશિક્ષણ આપવાની બે પદ્ધતિ છે : (૧) પ્રત્યક્ષ પદ્ધતિ (Direct Method) અને (૨) પરોક્ષ પદ્ધતિ (Indirect Method) આચરણ દ્વારા ઉપદેશ આપવો એ પરોક્ષ પદ્ધતિ છે. આ પદ્ધતિ જ અસરકારક અને સર્વશ્રેષ્ઠ છે. વિનોબાજી કહેતા કે : ''આચાર એ જ શ્રેષ્ઠ પ્રચાર છે.'' ગાંધીજીએ પણ કહ્યું છે : ''મારું જીવન એ જ મારો સંદેશ.'' બાળકને સીધો ઉપદેશ આપવો એ પ્રત્યક્ષ પદ્ધતિ છે. પરંતુ આજકાલ ઉપદેશ ભાગ્યે જ કોઈને ગમે છે. કહ્યું છે કે, ઉપદેશ આપવો સૌને ગમે છે; પરંતુ લેવો કોઈને ગમતો નથી. **परोपदेशे पांडित्यम् ।** ઘણી વાર વારંવાર એકનો એક ઉપદેશ વારંવાર આપો તો શ્રોતાને કંટાળો આવે છે, ને ક્યારેક ઉપદેશની અવળી અસર થાય છે. શ્રોતાને વક્તા પ્રત્યે આદર હોય તો જ તે સલાહ સ્વીકારે છે. બાકી, સલાહ કોઈને ગમતી નથી. આપણા દેશમાં હજારો સંતો, મહાત્માઓ થઈ ગયા. ઠેરઠેર સપ્તાહો થાય છે, ઉપદેશ અપાય છે. તેમ છતાં, સદાચાર વધવાને બદલે ઘટતો જ જાય છે ! કારણ કે, સીધો ઉપદેશ ખાસ કામયાબ નીવડતો નથી.

**ઘર : મૂલ્યશિક્ષણનું ધરુવાડિયું :**

વાસ્તવમાં મૂલ્યશિક્ષણની શરૂઆત જન્મ સાથે જ થાય છે. 'માતાનો ખોળો એ સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી છે.' એમ કહેવામાં આવે છે. મૂલ્યશિક્ષણ માટે માતાનો ખોળો સૌથી વધુ અસરકારક છે. નવજાત શિશુ સ્તનપાન સાથે જે ગુણો ગ્રહણ કરે છે, એ જીવનભર ટકી રહે છે. મનોવિજ્ઞાન કહે છે કે, આપણા વ્યક્તિત્વનું એંસી ટકા ઘડતર શરૂઆતનાં પાંચ-છ વરસ દરમિયાન થાય છે. આમ મૂલ્યશિક્ષણ અને સંસ્કારઘડતર માટે બાલ્યાવસ્થા ખૂબ જ મહત્ત્વની છે. બાલ્યાવસ્થા એ માટીના ભીના પીંડ જેવી છે, એને ઇચ્છા પ્રમાણે આકાર આપી શકાય છે. પછી પાકે ઘડે કાંઠલા ચડી શકતા નથી.

બાળકનું મસ્તિષ્ક નિર્દોષ અને પૂર્વગ્રહમુક્ત હોય છે. વળી તે અનુકરણશીલ હોય છે. બાળક પોતાની આસપાસ જે જુએ છે, જે સાંભળે છે, એની બરાબર છાપ એના દિમાગમાં પડે છે. માતા-પિતા, ભાઈ-બહેન

અને વડીલોના વર્તનનું એ નિરીક્ષણ કરે છે, ને પછી એનું અનુકરણ કરે છે. આનો અર્થ એ થયો કે, તમે બાળકને જેવાં બનાવવા માગતાં હો, એવાં સૌપ્રથમ તમારે પોતે બનવું પડે. ઘરમાં ઝઘડા થતા હોય, જૂઠ બોલાતું હોય, ગંદકી હોય, વ્યસનો હોય છતાં તમે બાળક પાસે આશા રાખો કે એનામાં પ્રેમ, સત્ય, સ્વચ્છતા કે નિર્વ્યસન જેવા ગુણો આવે, તો એ શક્ય નથી. આજકાલ યુવાન પેઢી સ્વચ્છંદી કે દુરાચારી થઈ ગઈ છે, એ માટે વડીલોએ આત્મદર્શન કરવું ઘટે, એવું આપને નથી લાગતું ?

ઘર પછી શાળાનો નંબર આવે છે. શિક્ષકોના આચરણની અસર વિદ્યાર્થી પર પડે છે. આ બાબત ધ્યાનમાં લઈને શિક્ષકે પોતાના આચારવિચાર ગોઠવવા ઘટે. શિક્ષક અથવા આચાર્યનો અર્થ જ છે : આચાર દ્વારા શીખવે તે આચાર્ય. આજે આવા આચાર્યો કેટલા હશે ?

**મૂલ્યોનું આરોપણ થઈ શકે નહીં**

સૌથી મહત્ત્વની વાત એ છે કે મૂલ્યોનું આરોપણ થઈ શકતું નથી. સાચું જ કહ્યું છે : Values are cannot be taught; but they can be caught. અર્થાત્ મૂલ્યો શીખવી શકાતાં નથી. બજારમાં મૂલ્યોનાં ઇંજેક્શન મળતાં નથી ! મૂલ્યો વાતાવરણમાંથી આત્મસાત્ થાય છે.

**૧, ઉદયનગર સોસાયટી,**
**પ્રશાંત સિનેમા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨**
**મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

# વ્યક્ત થાય એ જ વ્યક્તિ

**ડંકેશ ઓઝા**

આ વિશ્વમાં મનુષ્યેતર સૃષ્ટિ પણ છે. તેમાં જાતભાતનાં પ્રાણીઓ – પંખીઓ – વનસ્પતિ છે, આ બધી જ સજીવ સૃષ્ટિ છે. એ પ્રત્યેકને પોતાની અભિવ્યક્તિ છે. મનુષ્ય શબ્દો દ્વારા વ્યક્ત થાય છે. જોકે શબ્દ પાછળ અવાજ રહેલો છે, એ અવાજ પ્રાણીઓ – પંખીઓ પાસે પણ છે. અલબત્ત, કેટલાક અવાજો આપણે બિનઅનુભવી અને અજાણ હોવાને કારણે પારખી શકતા નથી. શક્ય છે બીજા તે સમજતા પણ હોય. એ રીતે માત્ર શબ્દ જ અભિવ્યક્તિનું માધ્યમ નથી. અવાજ અને શબ્દનાં સ્વરૂપો ઉપરાંત ચેષ્ટા, ઇશારો, સંકેતની રીતે પણ આપણે અભિવ્યક્ત થઈએ છીએ. મંચ પરની નૃત્ય-નાટ્યની કળા એનાં જ સ્વરૂપો છે. રંગમંચ ઉપરાંત સંસારમંચ ઉપર અનેક લોકો શબ્દો વિના અને ક્યારેક શબ્દમાં ઉમેરણ રૂપે આ બધું જોડીને અભિવ્યક્ત થતાં રહેતાં હોય છે.

જેમ જાહેર અભિનય (performing art) એક કળા છે તેમ અભિનય વિનાની પણ કળાઓ છે. સંગીત અને ચિત્ર આવી કળાઓ છે. પ્રત્યેક કળાનો ઉપદેશ અભિવ્યક્તિ હોય છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે. કલાના બધાં જ માધ્યમો એ રીતે અભિવ્યક્તિનું વૈવિધ્ય ધરાવે છે. મજાની વાત એ પણ છે કે આ બધું જ માણસે પોતે વિકાસના માર્ગે શોધી કાઢ્યું છે પછી તેને કાયમી સ્વરૂપ બક્ષ્યું છે.

આ તો થોડીક કલાની એટલે ઊંચી વાત થઈ, પણ જે લોકોએ કલા સુધીની ઊંચાઈ સિદ્ધ નથી કરી એ લોકો અભિવ્યક્ત નથી થતાં એવું કહેવાની રખે ભૂલ કરતા ! ચોરે ને ચૌટે, બસમાં ને મોલમાં, મંદિરે ને મસ્જિદે લોકો બોલચાલમાં વ્યક્ત થતાં જ રહેતાં હોય છે. ક્યારેક તો એવું લાગે છે કે આપણને વ્યક્ત થયા વિના રહેવાનું એટલે કે અવ્યક્ત રહેવાનું ગમતું નથી. કદાચ તેથી જ વ્યુત્પત્તિ થઈ હશે કે 'વ્યક્ત થાય એ જ વ્યક્તિ.' આ વ્યક્તિઓની અને તેમની અભિવ્યક્તિઓની વિવિધ તરાહ ક્યારેક આનંદ પમાડનારી અને ક્યારેક મુગ્ધ બનાવનારી પણ હોય છે. સાહિત્યમાં તેથી જ તળપદનો મહિમા છે, સંગીતમાં લોકસંગીતનો મહિમા છે. લોકકલાઓમાં થતી અભિવ્યક્તિ અમર્યાદપૂર્ણ રીતે

વૈવિધ્યથી ભરી ભરી હોય છે.

આ તો બધી વધારે સિદ્ધાંતની અને થોડા વ્યવહારની વાત થઈ. થોડી ઉત્ક્રાંતિની પણ વાત થઈ; પરંતુ આપણને અભિવ્યક્તિ દ્વારા થતા સંવાદની અને પ્રત્યાયનની પણ આવશ્યકતા છે. એવા સંજોગો છે, એવો સમય છે, એ માહોલમાં વ્યક્તિ વ્યક્ત થવા મથે છે. બાકીના પેલી વ્યક્તિ વ્યક્ત થાય તેવું ઝંખે પણ છે. આ સંદર્ભમાં આપણા ઉછેરમાં જે વાત આવે છે તે બે-ત્રણ કહેવતોમાં પણ વ્યક્ત થઈ છે. 'બોલે તેનાં બોર વેચાય'. 'ન બોલ્યામાં નવ ગુણ'. 'બે ઘરનો પરોણો ભૂખે મરે.' આવી તો કંઈક બીજી કહેવતો પણ હશે. એક તરફ બોલવાનાં ગુણગાન ગવાય, તો બીજામાં મૌન રહેવાના અને ત્રીજામાં સ્પષ્ટ રીતે અભિવ્યક્ત થવાના. પછી મનુષ્ય ગૂંચવાય છે વિવેક ન હોય ત્યાં ગૂંચવાડો સ્વાભાવિક છે. વિવેક આવી જાય તો ગૂંચવાડો રહેતો નથી. પછી પેલું સુભાષિત મદદે આવે છે :

'આહારે વ્યવહારે ચ સ્પષ્ટ વક્તા સુખી ભવેત.' કોઈના ઘરે જમવા જવાનું હોય ને તમે જે પસંદ નથી કરતા તે ન જણાવ્યું હોય તો બંને તરફ મુશ્કેલી ઊભી થવાની. આ તો આહારની વાત થઈ. એવું જ વ્યવહારમાં. સરકારી કર્મચારીને પેલો અરજદાર કે કોન્ટ્રાક્ટર થોડા 'પ્રેક્ટિકલ બનો' એમ કહે અને પેલો કર્મચારી અસ્પષ્ટતા દાખવે તો જરૂર મુશ્કેલીમાં મુકાવાનો. પોતે શેમાં નથી માનતો એની સ્પષ્ટ અભિવ્યક્તિ આ તબક્કે અનિવાર્ય હોય છે. ઘણી બધી વખત આપણે જેતે સમયે યોગ્ય રીતે વ્યક્ત થતા નથી ત્યારે તે પછી એમાંથી ઊભી થયેલી મુશ્કેલીઓ વહોરતા હોઈએ છીએ. સુભાષિતની ગરજ આવી વખતે ઊભી થતી હોય છે.

આપણે લોકશાહી રાષ્ટ્ર છીએ, તેમાં ચૂંટણીઓ છે. વળી મતદાન ફરજિયાત છે. આપણે મતદાન કરીએ છીએ. આ મતદાન એ પણ વ્યક્તિની જાહેર અભિવ્યક્તિનું માધ્યમ છે. પછી એ અભિવ્યક્તિ ઉમેદવારોને મળતા મેન્ડેટમાં પરિવર્તન પામે છે, ને પ્રતિનિધિ ચૂંટાય છે. કટોકટી પછી પણ ભારતમાં લોકશાહી ફરી સ્થાપી શકાઈ એમાં રાજકીય પંડિતોએ ભારતની અબુધ પ્રજાનું વ્યક્ત થતું શાણપણ જોયું છે. કેવી ગોપનીય રીતે આ અભિવ્યક્તિ થાય છે તે લોકશાહીનું મીઠું રહસ્ય છે.

૧૯૭૫ની કટોકટી યાદ આવે છે. તે સાથે ગુજરાતની બે વ્યક્તિનું સ્મરણ અનિવાર્યપણે થાય છે. રાષ્ટ્રપતિના મનોનીત રાજ્યસભા સાંસદ મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી અને લોકસભાના ચૂંટાયેલા અપક્ષ સાંસદ પુરુષોત્તમ ગણેશ માવળંકર. બધાંને ખબર છે કે ઉમાશંકરને જવાહરલાલ નહેરુ સાથે પણ સીધા સંપર્કો હતા. વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ લોકશાહી મૂલ્યોનું અને પરિણામે લોકશાહીનું ખૂન કર્યું ત્યારે કવિએ રાજસભામાં કહ્યું કે જ્યાં વૃદ્ધો ન હોય તેવી સભા ન હોઈ શકે અને ધર્મની વાત ન વદે તે વૃદ્ધ નથી તેથી જે સભામાં વૃદ્ધોનો અવાજ સંભળાય નહિ એ સભાનો કોઈ અર્થ રહેતો નથી. વિરોધ કરનારા જેલના સળિયા પાછળ ધકેલાતા હતા ત્યારે પોતાની જવાબદારી અદા કરવામાં તે ઊણા ન ઊતર્યા. વ્યક્ત થયા વિના ન રહી શક્યા. માવળંકરે લોકસભામાં ઊભા થઈને કહ્યું : 'નો સર.' તમારી વાત સાથે હું સંમત નથી. વોઈસ ઑફ ડીસેન્ટ. વિરોધનો સૂર બળકટ રીતે વ્યક્ત થયો. એ સમયના વ્યાખ્યાનોનો સંગ્રહ પ્રગટ કર્યો ત્યારે ગુજરાતીમાં શીર્ષક બાંધ્યું : 'ભગવાન આ માફ નહિ કરે.' વ્યક્તિઓની આ અભિવ્યક્તિ છે. વ્યક્ત થવાની પળે અવ્યક્ત રહેવાનું ન પોષાય એવો સમય છે. કવિ મિત્ર હર્ષદ ત્રિવેદીની ગઝલનો એક શેર છે જે અહીં ઉતાર્યા વિના રહી શકાય તેમ નથી.

જે હાક સાંભળીને ઊભા થયા નહીં,<br>
માણસ અને મડાંનો મતલબ બતાવ તું !

અભિવ્યક્તિએ નક્કી કરી આપ્યું કોણ માણસમાં છે, કોણ મડાં થઈને જીવી રહ્યા છે.

એથી આગળની વાત યાદ આવે છે. સ્વાતંત્ર્યસેનાની કમળાશંકર પંડ્યાએ તેમની દળદાર આત્મકથા 'વેરાન જીવન'માં તે નોંધી છે. કમળાશંકર કૉંગ્રેસમાં હતા. તેમાંથી જુદા પડેલા સમાજવાદી જૂથમાં હવે તે હતા. ગાંધી અને સરદારની સ્વીકૃત નેતાગીરીનો એ સમય હતો. સરદાર જાહેરસભામાં બોલી રહ્યા હતા. કોઈક મુદ્દો રજૂ થયો અને સભાના છેડેથી કમળાશંકરે જાહેરમાં સવાલ પૂછ્યો. સરદારે તેમની શૈલીમાં જવાબ

વાળ્યો કે 'ઘેર આવજે હું તને સમજાવી દઈશ.' કમળાશંકરે પોતાના સ્થાને ઊભા થઈને પડકાર ફેંક્યો કે 'જાહેર સભામાં પુછાયેલા સવાલનો જવાબ મારે જાહેરમાં જોઈએ.' આવી કંઈક ઘટનાઓથી આપણી પરંપરા ઘડાઈ છે. એ પરંપરા સમૃદ્ધ છે, એ પરંપરા પાછળ લોકોએ સહન કર્યું છે, લોકોએ જાન ગુમાવવામાં આનંદ અનુભવ્યો છે.

કોઈ પણ આઝાદી અમર્યાદ હોતી નથી. બંધારણના મૂળભૂત અધિકારો આપણને જે આઝાદી આપે છે એને પણ મર્યાદા છે. અધિકારોનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવાનો છે. વ્યક્ત થાય એ વ્યક્તિ. મારા એકલાની અભિવ્યક્તિ નહિ, સામેનાની પણ. બીજાની પણ. મને અનુકૂળ હોય તેટલું જ નહિ, મને પ્રતિકૂળ હોય તે પણ. બીજાની અભિવ્યક્તિને દબાવવાની નથી. તેના અધિકારની જાળવણી તમારે કરવાની છે એનો સમાદર કરવાનો છે.

વોલ્તેર યાદ આવે છે ફ્રાંસની સભામાં પ્રતિનિધિ એવી બીજી બહેન વોલ્તેરની સામે, વોલ્તેર વિશે, એલફેલ બોલી રહી હતી. વોલ્તેરના સ્નેહીઓ, મિત્રોથી આ સહન ન થયું ત્યારે પેલા મિત્રો પેલી બહેનની બોલતી બંધ કરવા તત્પર બન્યા. વોલ્તેર આડા ઊભા રહ્યા. તેમણે મિત્રોને ટપારીને બેસાડી દીધા. 'આ બહેનને મને એની રીતે કંઈ પણ કહેવાનો અધિકાર છે. તે પછી મને યોગ્ય લાગે તો જવાબ વાળવાનો અધિકાર છે પણ હે મિત્રો, તમને વચમાં પડીને પેલી બહેનના અભિવ્યક્તિના અધિકારને ટૂંપો દેવાનો કોઈ અધિકાર નથી.' આ લોકશાહીનું સત્ત્વ છે, પાયાનો સિદ્ધાંત છે. નહિ ગમતા મતને સાંભળવો તો પડશે. બહુમતીના જોરે તમે નિર્ણયમાં આગળ વધી શકો પણ બોલનારની બોલતી બંધ કરીને નહિ. મને વ્યક્ત થવાનો અધિકાર છે તો બીજાના વ્યક્ત થવાના અધિકારને જાળવવાની મારી ફરજ પણ છે, તેથી જ આપણે જોઈએ છીએ કે લોકશાહીમાં સામ્યવાદને સ્થાન છે, સામ્યવાદમાં લોકશાહીને સ્થાન નથી. ચૂંટાઈને આવવાના માર્ગની શરત તેમને જરૂર લાગુ પડે છે પણ ચૂંટાયા નથી ત્યારે પણ સામ્યવાદી વિચારસરણીનો પ્રચાર લોકશાહીમાં થઈ શકે છે.

લોકશાહીમાં નિર્ણયો ત્રણ રીતે થાય છે. સર્વ સંમતિથી, બહુમતીથી અને વિરોધનો સૂર નોંધાવીને પણ. રોજબરોજનો લોકશાહી વ્યવહાર આપણે બહુમતીથી ચલાવીએ છીએ, તે યોગ્ય પણ છે. એટલું ન સ્વીકાર્યું હોય તો અરાજકતા પેસી જાય, પણ નવ્વાણું જણ એક મતના હોય અને એક જણ જુદો પડતો હોય ત્યારે જુદી પડતી વ્યક્તિની અભિવ્યક્તિનું જતન કરવાની જવાબદારી બાકીના બધા પર છે.

આપણે લોકશાહીના પાયાનાં મૂલ્યોને જો બરાબર ન સમજીએ તો સાચો લોકશાહી સમાજ ઊભો કરવાનું નહિ બને. રાષ્ટ્રભક્તિના નામે કોઈના પર જબરદસ્તી ન થઈ શકે. ધાર્મિક બહુમતીના નામે લઘુમતીઓની સલામતી અને હક્કની અવગણના ન થઈ શકે. આપણાથી પ્રતિકૂળ એવા મતને પ્રગટ થતો અટકાવવામાં આપણી કોઈ પણ પ્રકારની સત્તાનો દુરુપયોગ ન થઈ શકે. સમાજ વ્યક્તિઓથી બને છે. વ્યક્તિએ વ્યક્તિએ બદલાતું રહેતું મત વૈવિધ્ય એ લોકશાહીનું આભૂષણ છે. આપણે ગમે તે વિચારધારામાં માનતા હોઈએ પણ મતવૈવિધ્ય પ્રગટ થતું રહે, એનું જતન થાય, એ બાબતે સર્વસંમતિની જરૂર છે. જેના ભાગે જે કંઈ કામ આવ્યું છે તે કામ વ્યક્તિ નિષ્ઠા અને પ્રામાણિકતાથી બજાવે એ જ સાચી રાષ્ટ્રભક્તિ છે, દેશભક્તિ છે.

બોલિવિયાનો ક્રાંતિકારી ચે ગુવેરા યાદ આવે છે. જેણે કહ્યું હતું કે દેશના કંગાળમાં કંગાળ માણસના દેહ પરની ચીંદરડી એ મારો રાષ્ટ્રધ્વજ છે, હું તેને સલામ કરું છું. રાષ્ટ્ર એ માત્ર ભૌગોલિક વિસ્તાર નથી. એ તો વિરાટ માનવસમૂહ છે જે વૈવિધ્યથી ભરેલો છે. આપણે તેની સેવા કરવાની છે એ જ સાચી રાષ્ટ્રભક્તિ છે.

ઘરમાં અને કુટુંબમાં, શાળામાં અને કચેરીમાં, જ્યાં હોઈએ ત્યાં પાયાના લોકશાહી મૂલ્યોનું શિક્ષણ, તે મુજબનો શક્ય તેટલો વ્યવહાર એ લોકશાહીના નાગરિકની ફરજ બને છે આપણે તે ફરજ બજાવીએ તો જ લોકશાહી સફળ બને. વંદે માતરમ્

**૬, સ્વાગત સીટી, પો. અડાલજ-૩૮૨૪૭૧**
**જિ. અમદાવાદ**
**મો. ૯૭૨૫૦૨૮૨૭૪**

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**તપાસ : ગ્રંથાવલોકનો / નરોત્તમ પલાણ. વડોદરા. બીજલ પ્રકાશન, વિક્રેતા : અમદાવાદ : ગ્રંથવિહાર, (ગુજરાતી સાહિત્ય પરિષદ), 2019. પૃ. 104, કિં. રૂ. 100**

કવિ રમણીક સોમેશ્વરનું આપણા લાડીલા, મર્મીલા અને રસજ્ઞ પલાણસાહેબ વિશેના સાચુકલા અવલોકન : ''પલાણ બાપા એટલે આપણા ઝીણું જોઈને પાકું જોગવનારા મર્મી આલોચક. એમની 'તપાસ' એ ઊલટ-તપાસ નહીં પણ ઊલટભેર થયેલી અભ્યાસપૂત તપાસ હોય. અવલોકનના અજવાળે ભાળ્યું તેવું ચોખ્ખેચોખ્ખું, ખુલ્લા દિલે અને ખેલદિલીપૂર્વક કહે પણ એમાં લક્ષ્ય તો હોય સાહિત્યની શુચિતાને ઉજાગર કરવાનું. જગતની તપાસ જેવો જ બલકે એથીય અદકો રસ તેમને જાતતપાસમાં, જેની શાખ એમની ડાયરીઓ પૂરે.''ની પ્રતીતિ એમનાં ગ્રંથાવલોકનો, ચર્ચા-પત્રો, સંગોષ્ઠિઓમાં તેમનાં વક્તવ્યો, ચર્ચાઓ થકી થાય છે. પ્રસ્તુત ગ્રંથ 'તપાસ'માં ગ્રંથસ્થ ગ્રંથાવલોકનોની તપાસ કરતાં કવિ રમણીકભાઈ ચિત્રિત આલોચક પલાણબાપાનાં દર્શન તો સર્વત્ર થાય જ છે, પરંતુ તેથી પણ અદકેરા એવા પલાણબાપાનાં દર્શન સાહિત્ય, સંસ્કૃતિ, પુરાતત્ત્વ અને ઇતિહાસના મર્મજ્ઞ જ્ઞાતા તથા એક જીવંત વિશ્વકોશ તરીકે ઉપરાંત પ્રત્યેક સમીક્ષિત ગ્રંથના એક આકંઠ અભ્યાસુ તરીકે પણ થાય છે, જે તેમને એક વિશિષ્ટ ગ્રંથાવલોકનકાર તરીકે પ્રસ્થાપિત કરી આપે છે. વળી, આ સાથે સાથે વિવેચક પાસે આનંદશંકર ધ્રુવ ''ઘાસને 'હું ઘાસ છું' – તેનું ભાન થવું જોઈએ'', રા. વિ. પાઠક 'મિત્રોને પણ સાફ કહેવાની નિખાલસતા કેળવવી ઘટે' કે સ્વયં પલાણબાપાએ 'રહમ' વિવેચનની સીમાની બહારનો શબ્દ છે'' જે જે અપેક્ષાઓ સેવેલ છે તેનું યથાર્થમાં પાલન કરતા પણ જોવા મળે છે. વળી સામ્પ્રતકાલીન ગુજરાતી વિવેચનમાં 'અધીતનું તાપણું મંદ પડી જતાં' તેનામાં 'છીછરાપણું' કે 'નપુસંક'તા પ્રવેશી ગયેલી પરિસ્થિતિની દો-ટૂક શબ્દોમાં ભર્ત્સના કરતાં 'નિવેદન'માં નોંધેલ શબ્દો ''આજે 'થાબડ ભાણા' વિવેચનાએ આપણા ત્યાં ખોટા માપદંડો ઊભા કર્યા છે. ગુરુકૃપાથી પોતાને કૉલેજ કે યુનિવર્સિટીમાં જગ્યા મળી છે તે શિષ્ય, ગુરુની નબળી કૃતિની પણ આરતી ઉતારે છે. વિવેકહીન ગુરુ આવી 'આરતી'ને પ્રમાણપત્ર માનીને પોતાની કૃતિઓને પાઠ્યપુસ્તક તરીકે ઘુસાડી દે છે, પરિણામે આપણી આખી ઇમારત ખોખલી ચણતર પામે, અભ્યાસ વિના, પરીક્ષા વિના એમ.એ., પીએચ.ડી. થયેલો અધ્યાપક શું કરે છે ? દયા આવે છે. અને સિતાંશુ કહે છે તેમ અણપઢ અને માત્ર અલાપ સલાપ 'આરડતો અધ્યાપક' ભયંકર લાગ્યો છે ! દુઃખદ તો એ છે કે આ મિત્રો જ મોટી મોટી ખુરશી ઉપર ગોઠવાઈ ગયા છે ! 'ગોઠણભેર દર્પણ જલ ડૂબ્યા ઋષિ, ન દેખે મંત્ર'માં એક પ્રતિબદ્ધ આલોચક અને જાગરૂક શિક્ષણકારનાં દર્શન થાય છે.''

'તપાસ'માં ગુજરાતી સાહિત્યનાં પ્રાયઃ વિવેચન ઉપરાંત ચરિત્ર, મધ્યકાલીન કૃતિ સંપાદન વગેરે વિશેનાં ૨૧ પુસ્તકોનાં અવલોકનો તથા પરિશિષ્ટમાં 'વિવેચન અને હું' વિશેનો આત્મકથનાત્મક લેખ સંગૃહીત છે. આ લેખ પલાણસાહેબની વિવેચનની વિભાવના સમજવા માટે તેમ જ એક વિવેચક તરીકે તેમના ઘડતરની ગાથા અને તેમાં ઉમાશંકરભાઈના પ્રદાનની વાતો વાચકના ઘડતરમાં ઉપકારક બની રહે તેટલી સત્ત્વશીલ છે. આ લેખમાં વિવેચન માટેનું પોતાનું દર્શન સ્પષ્ટ કરતાં નોંધેલ શબ્દો : ''હું ખચિત માનું છું કે માત્ર અને માત્ર 'આસ્વાદ' એ જ વિવેચનનો હેતુ છે. આપણા ખોળિયામાં આસ્વાદન સેન્સ જ ન હોય તો બધું વ્યર્થ છે. વિવેચન તે કોઈના વાળ ગણવાની પ્રક્રિયા નથી, રૂપ હોય તો નજરમાં ભરીને 'વાહ' કહેવાનો અવસર છે... ઉમાશંકર પાસેથી હું ઘણું શીખ્યો. સ્પષ્ટ લખવું, કોઈને પછાડી પાડવા કલમ ન જ ઉપાડવી. રાગદ્વેષથી દૂર રહી માત્ર સાહિત્ય પદાર્થને

જ પ્રાધાન્ય આપવું'' એ માત્ર લેખના શબ્દો ન બની રહેતાં તેમની સમીક્ષાઓમાં સતત જીવતા / ધબકતા રહે છે. અર્થાત્ આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ ઘાસને 'હું ઘાસ છું' તેનું વિવેક પુરઃસર ભાન કરાવવાની સાથે કૃતિના ઉત્તમ અંશોને હરખતા હૈયે આવકારવા એ તેમની પ્રકૃતિ છે. 'તપાસ'નાં અવલોકનો સમયાન્તરે લખાયાં હોવા છતાં તેમાં એક ધારી અને તટસ્થતાપૂર્વકની વિવેચના જોવા મળે છે. પ્રત્યેક કૃતિના વિષય / સ્વરૂપની સમસામયિક પૂર્વભૂમિકા, કૃતિના આસ્વાદ્ય અંશોનું આસ્વાદન, લેખકનો સંક્ષેપમાં છતાં સંતર્પક પરિચય અને કૃતિની વિશેષતાઓ, મર્યાદાઓ / ઊણપો વગેરે સ્પષ્ટ રીતે તારવી આપવાની સાથે કર્તાના પ્રભાવ વગેરેને ધ્યાને ન લેતાં વિવેચ્ય કૃતિને નજર સમક્ષ રાખીને સાધાર ચર્ચા કરવામાં આવી છે. ઉદા. તરીકે 'કનૈયાલાલ મુનશી' પુસ્તિકામાં રહેલી અનેકવિધ મર્યાદાઓ દર્શાવીને નોંધ્યું છે કે ''મુનશી જેવા સમર્થ સર્જક વિશે, ઝવેરી જેવા સમર્થ વિવેચક દ્વારા લખાયેલી આ એક અધૂરી પુસ્તિકા છે'', ધીરુ પરીખ કૃત 'મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર' વિશેનું સાગર્ભિત અવલોકન ''જે એંસી પૃષ્ઠો પ્રાપ્ત થયાં છે, તેમાંથી પસાર થતાં જે વેઠનો અનુભવ થાય છે તે 'નસીબ મધ્યકાળનાં !' એવા અફસોસ સિવાય અન્ય કોઈ લાગણી જન્માવતાં નથી'' વગેરે દૃષ્ટવ્ય બની રહે છે. પલાણસાહેબની સમીક્ષા સંદર્ભે ખાસ ધ્યાનાર્હ એ બની રહે છે કે તેઓ વ્યવસાયે ગુજરાતીના અધ્યાપક અને તેના જ્ઞાતા પણ ખરા, પરંતુ આ ઉપરાંત ઇતિહાસ, પુરાતત્ત્વ, લોકસાહિત્ય, સંતપરંપરા, ચારણી સાહિત્ય અને મધ્યકાલીન સાહિત્ય એ તેમના લોહીનો લય બની ગયેલા – જીવન અને ચિંતન સાથે વણાઈ ગયેલા વિષયો રહ્યા હોવાથી આ સંબંધી પુસ્તકો જેમ કે 'ભગવાનલાલ ઇંદ્રજી', 'લોકવિવેક', 'મીરાં', 'મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર', 'કંકુચોખા', 'સુખર સાવજરી વાત', 'પ્રભાશંકર પટ્ટણી' વગેરેની સમીક્ષાઓમાં વિષય સુસંગત નવી અને પૂરક માહિતીને તથા આ સંબંધી અભ્યાસોને સ-રસ રીતે વણી લેતા હોવાથી આ સમીક્ષાઓનું વાચન કંઈક વિશેષ પામ્યાની સંતર્પક અનુભૂતિ કરાવે છે. જોકે આ બધા વિષયો સિવાય પણ તેમની વિવેચનામાં અન્ય વિદ્યાશાખાઓનું સંમિક્ષણ ગૂંથાયેલું જોવા મળે છે. વિવેચ્ય કૃતિના સંદર્ભે કરવામાં આવતી દૃષ્ટિપૂત ટકોર પણ સદાકાળ પથપ્રદર્શક બની રહે તેવી જોવા મળી છે, જેમ કે ''ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી કૃતિમાં પર્યાય હોવું પૂરતું નથી, જે તે શબ્દનું જે તે શબ્દ માટે સમવયસ્ક હોવું પણ અનિવાર્ય છે.'' (પૃ. ૯૮), ''કોઈ પણ મોટા માણસના રહ્યાસહ્યા બધા જ ઉખાડિયા એકઠા કરીને પીરસી દેવાની મમતા, નથી બનતી વિવેચનને ઉપયોગી કે નથી જણાતી ચરિત્રનાયકને ન્યાયકર્તા !'' (પૃ. ૪૩) વગેરે. સમગ્રતયા, આ બધી સમીક્ષાઓ જે તે કૃતિની તટસ્થતા સાથે મુલવણી કરી તેનું રસપાન કરાવતી હોવાથી તેનું વાચન હૃદ્ય થઈ પડે છે.

કલાનિપુણ અને યુવા કવિ પીયૂષભાઈ અને બીજલબહેનનું પ્રકાશનક્ષેત્રનું આ નવપ્રસ્થાન પાલણસાહેબ વગેરેની કૃતિઓથી શરૂ કરવામાં આવ્યું છે, તેમાં જ સફળતાનાં ગિરિશિખરો સર કરવાની અપાર શક્યતાઓ દૃષ્ટિગોચર થાય છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

**શ્રી ભક્તામર સ્તોત્ર / જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મ. સા. મુંબઈ : પરિચય ટ્રસ્ટ, ૨૦૧૯. ૬૨ પૃ. (પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ; ૧૪૫૪). કિં. રૂ. ૨૦.**

'ભક્તામર સ્તોત્ર'એ જૈન મુનિભગવંત આચાર્ય માનતુંગસૂરીશ્વરજી (આશરે ૭મી સદી) કૃત છે. પ્રચલિત કિંવદન્તિ અનુસાર ધારા નગરીના રાજા ભોજે જૈન સ્તોત્રના ચમત્કાર જાણવાની જિજ્ઞાશાવશ આચાર્યશ્રીને લોખંડની બેડીઓ પહેરાવીને કારાગૃહમાં બંધ કરતાં આચાર્યશ્રીએ પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ - ઋષભદેવને આર્તસ્વરે સ્તવન સ્વરૂપે પ્રસ્તુત ભાવપ્રણવ સ્તોત્રની રચના કરતાં બધાં જ બંધનો આપોઆપ તૂટી પડતાં કારાગૃહમાંથી બહાર આવ્યા હતા. બંધનોમાં બંધાયા સંબંધી અને ભક્તામરના પ્રભાવથી મુક્ત થયાની પુષ્ટિ ૪૨મી ગાથાના આધારે થાય છે, પરંતુ તેમાં બંધનો બાંધનાર રાજા ભોજ કે અન્ય કોઈનો ઉલ્લેખ નથી. વળી, સમસામયિક પ્રમાણોના આધારે આચાર્યશ્રીનો કાર્યકાળ રાજા ભોજથી પૂર્વે આશરે ૭મી શતાબ્દીનો ગણવામાં આવે છે. આ છંદોબદ્ધ સ્તોત્રકાવ્ય 'વસંતતિલકા' છંદમાં અને ૪૮ ગાથાઓ (શ્લોકો)માં રચવામાં આવ્યું છે. આ ગાથાઓ પૈકી અંતિમ ૪ પ્રક્ષિપ્ત ગણવામાં આવે છે.

'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ'ના ઉદ્દેશ અને મર્યાદાને નજર સમક્ષ રાખીને અહીં સામાન્ય જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને સંતર્પક સંતૃપ્તિ કરાવવાના હેતુસર

આચાર્યશ્રીએ 'ભક્તામર સ્તોત્ર'નો સંક્ષેપમાં પરિચય (રસદર્શન) કરાવ્યો છે, અર્થાત્ ગાગરમાં સાગર ભરવાનો પ્રયાસ કર્યો છે. આ સંદર્ભે ધ્યાનાર્હ બની રહે છે કે આ ભાવસમૃદ્ધ અને રહસ્યસમૃદ્ધ નાનકડા સ્તોત્રકાવ્યનું રહસ્યોદ્‌ઘાટન કરતા અનેક દળદાર ગ્રંથો આ પૂર્વે પ્રકાશિત છે, જેમાં આચાર્યશ્રી રાજયશસુરીશ્વરજી કૃત 'ભક્તામર દર્શન' પણ સમાવિષ્ટ છે. આ સંશોધિત ગ્રંથ - ભક્તામર કોશગ્રંથમાં કર્તાનો પરિચય, સ્તોત્રની ઉત્પત્તિ કથા, મૂળપાઠ, શબ્દાર્થ, પ્રત્યેક ગાથાનાં યંત્રો - મંત્રો, ઋદ્ધિપદો અને આરાધના વિધિ, દર્શન, પાઠભેદ, જપ-ધ્યાનવિધિ, ફળ વગેરે સંબંધી સર્વગ્રાહી સવિસ્તર માહિતી આચાર્યશ્રી દ્વારા આવરી લેવામાં આવી છે.

પ્રસ્તુત પુસ્તિકામાં આચાર્યશ્રી દ્વારા દેવનાગરી લિપિના સ્થાને ગુજરાતી લિપિમાં મૂળપાઠ ૪૪ + ૪ ગાથાઓ (શ્લોકો) અને પ્રત્યેક ગાથાનું ભાવાર્થ ચિંતન જૈનધર્મ - દર્શનના પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવ્યું છે. આમ છતાં, વિવિધ ગાથાઓના ભાવને સુપથ્યકારક બનાવવા માટે મીરાં, કબીર, નરસિંહ વગેરે ભક્તકવિઓની સૂક્તિઓને પણ વણી લીધી છે. ધ્યાનાર્હ બની રહે છે કે ગાથા નં. ૨૮ થી ૩૧ માં માનતુંગસૂરિજીએ આઠમાંથી ફક્ત ચાર જ પ્રાતિહાર્યોનું વર્ણન કર્યું છે. જેને ધ્યાને લઈ આચાર્ય રાજયશસૂરીશ્વરજીનું મંતવ્ય ''કોઈ કવિહૃદય મહાત્માએ 'કલ્યાણમંદિર'ની માફક અહીં પણ આઠ પ્રાતિહાર્યો હોવા જોઈએ તેવી ભાવનાથી બીજી ચાર ગાથાની રચના કરી લાગે છે... એ બીજી ચાર ગાથા એ મૂળ માનતુંગસૂરિજીની કૃતિ નથી'', એ તેમની સંશોધનાત્મક પ્રકૃતિનું દ્યોતક બની રહે છે. સાથે 'ભક્તામર સ્તોત્ર'નું કલાકૌશલ્ય, રચનાનું પ્રયોજન, છંદનું રચના વિધાન, 'વસંતતિલકા' છંદના ૧૪ અક્ષરો અને જૈનદર્શન પ્રમાણે આત્માને પરમાત્મા પદ સુધી લઈ જનારાં ૧૪ સોપાન-ગુણસ્થાનકનું સામ્ય, પ્રત્યેક તીર્થંકરના ૩૪ અતિશયો, ભક્તામરની આરાધના, વગેરે વિશે સારભૂત છતાં આધિકારિક સમજૂતિ સમાવિષ્ટ છે. આ સાથે આરાધકોની વિશેષ જાણકારી હેતુ આચાર્ય હરિભદ્રસૂરિજીના કલ્પમાંથી બધી જ ગાથાઓના પ્રભાવો ઉદા. તરીકે ગાથા-૧. સર્વ વિઘ્નો દૂર થાય છે, ગાથા-૨. રોગોનો નાશ થાય છે વગેરે અહીં દર્શાવવામાં આવ્યા છે. વધુમાં, અહીં કેટલાક ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો જેમકે હર્મન જેકોબી, મેકસમુલર, વિન્ટરનિટ્સ, પંડિત દુર્ગાપ્રસાદ શર્મા, ગૌરીશંકર ઓઝા, મધુસૂદન ઢાંકી, રુદ્રદેવ ત્રિપાઠી વગેરેએ આ સ્તોત્રનો મહિમા વર્ણવ્યો છે તેની પણ નોંધ લીધી છે. આ સાથે જ 'ભક્તામર સ્તોત્ર' આધારિત ૨૬ ભક્તામર સ્તોત્રો જેમકે 'શ્રી શાંતિ ભક્તામર', 'શ્રી પાર્શ્વ ભક્તામર', 'શ્રી કાલુ ભક્તામર' વગેરેની સૂચિ, ભક્તામરની મહત્તા દર્શાવતા ગુજરાતી / હિંદીમાં પ્રગટ થયેલા પસંદગીના ૧૦ ગ્રંથોનો સૂચનાત્મક પરિચય, એનિમેશન ફિલ્મ, ભક્તામર આધારિત મંદિરોનું નિર્માણ વગેરે માહિતીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાચીન સમયમાં જૈનમુનિઓ વિહારકાળમાં પોતાની સાથે ગ્રંથો રાખી શકે તે હેતુસર 'ગુટકા' (પાઠ, વૃત્તિ, વિવૃત્તિ સહિત) શૈલીમાં હસ્તપ્રતોની રચના કરવામાં આવતી હતી, તેમ પ્રસ્તુત પુસ્તિકાની રચના પણ સદર હેતુને પૂરક બની રહેશે. સમગ્રતયા, આચાર્યશ્રીએ 'ભક્તામર સ્તોત્ર' ઉપરના પોતાના વિશદ અધ્યયન અને આધિકારિક જ્ઞાનના પરિણામસ્વરૂપે તેનું હાર્દ સ-રસ રીતે ઉજાગર કરી આપતાં નોંધેલ શબ્દો ''આત્માને શાંતિ આપવાની સાથે જો ભક્તામરનાં આરાધકો વધે તો વિશ્વશાંતિની પણ સ્થાપના થઈ શકે... બસ અહંને સ્થગિત કરી દો, શ્રદ્ધા ઉપર આરૂઢ થઈ જાઓ. આ વિશ્વમાંથી વિદાય લેતાં પહેલાં આવાં સ્તોત્રો અને મંત્રોની દિવ્યાનુભૂતિ કરી જીવન અને મરણને સફળ કરો'' સુચિંતનીય બની રહેવાની સાથે આચાર્યશ્રીની ઉદાત્ત ધર્મનિરપેક્ષ ભાવનાના પરિચાયક બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત પુસ્તિકાના કર્તા જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ જૈન ધર્મના અગ્રણી આચાર્યશ્રીઓની પંક્તિમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. તેઓશ્રી વિવિધ ધર્મગ્રંથોના આકંઠ અભ્યાસી, ૭ ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવતા હોવાની સાથે વિદગ્ધ વક્તા તરીકે પણ ખ્યાતિપ્રાપ્ત છે. તેમનાં ૧૧ થી અધિક ભાષાઓમાં ૧૫૦ થી અધિક મૌલિક અને સંપાદિત પુસ્તકો પ્રકાશિત છે. નોંધવું રહ્યું કે પૂજ્યશ્રીની જન્મભૂમિ એવી સાક્ષરભૂમિ નડિયાદની સવા શતાબ્દીના આરે પહોંચેલ વિખ્યાત 'ડાહીલક્ષ્મી પુસ્તકાલય'માં સંગૃહીત ૩૦૮૦ હસ્તપ્રતોની શાસ્ત્રીય સૂચિનું સંપાદન તથા તેના જીર્ણોદ્ધારનું કાર્ય તેમણે સંપન્ન

કરી માતૃભૂમિનું ઋણ અદા કર્યું છે. આ ઉપરાંત તેમના દ્વારા સંપાદિત ત્રિભાષીય સચિત્ર 'ભક્તામર દર્શન' ગ્રંથ વિદ્વત્તજગતમાં ભારે આવકાર પામ્યો છે. પરિચય પુસ્તિકા શ્રેણીમાં 'શ્રી નવકાર મંત્ર' (૨૦૧૮) નો પણ તેમણે સ-રસ અને સુરેખ પરિચય કરાવ્યો છે.

**મણિભાઈ પ્રજાપતિ**

**આપણાં સંતાનો / સંપાદક : મહેન્દ્ર મેઘાણી, ભાવનગર : લોકમિલાપ ટ્રસ્ટ, ૨૦૧૭. ૯૦ પૃ. કિં. રૂ. ૩૫.**

આપણા લોકશિક્ષક મુ. શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી (૧૯૨૩) એક ઉત્તમ વાચક, ઉત્તમ ચયનકાર, અને ઉત્તમ સાર-દોહનકાર તરીકે સુખ્યાત છે. તેમણે ઉત્તમ વાચન થકી સ્વસ્થ અને સમરસ સમાજ ઘડતર અને સાથે સાથે ઉત્તમ સાહિત્યનો આસ્વાદ કરાવવાના હેતુ સવિશેષતઃ ગુજરાતી અને કંઈક અંશે ભારતીય અને વિદેશી સાહિત્યનું અવગાહન કરીને વિવિધ વયજૂથની રસરુચિને અને તેમને ખપમાં આવે તેવા વિવિધ વિષયોમાં ઉત્તમ વાચન પીરસી રહ્યા છે, જેની પ્રતીતિ તેમના દ્વારા સંપાદિત-પ્રકાશિત 'અરધી સદીની વાચનયાત્રા' (૪ ભાગ), 'ગાંધી-ગંગા' (૨ ભાગ), 'ચરિત્રકીર્તન', 'ચંદનનાં ઝાડ', 'મારી વાચનયાત્રા', 'મારી જીવનયાત્રા', 'મોતીની માળા જેવી પુસ્તિકાઓ' વગેરે પુસ્તકો - પુસ્તિકાઓ દ્વારા થાય છે. તેમનાં આ બધાં પ્રકાશનોની આગવી ખાસિયત એ છે કે એક તો સત્ત્વશીલ અને વિચારોત્તજક સાહિત્ય, અને તે પણ સાધારણ આર્થિક સ્થિતિ ધરાવનાર વ્યક્તિને પણ પોષાય તેવી નજીવી કિંમત, જેના પરિણામસ્વરૂપે તેમનું સાહિત્ય શાળા - કૉલેજો અને સાર્વજનિક ગ્રંથાલયો ઉપરાંત વાંચનમાં રસ-રુચિ ધરાવનારાં પરિવારોમાં પહોંચ્યું છે, વંચાયું છે અને વખણાયું પણ છે.

નિર્દેશ હેઠળની પુસ્તિકા 'આપણાં સંતાનો' એ બાળકો, વાલીઓ - માતાપિતા, શિક્ષકો તથા શિક્ષણ અને સમાજ ઘડતર સાથે સંકળાયેલાં સૌ કોઈને બહુવિધ રીતે ઉપયોગી - માર્ગદર્શક નીવડે તે હેતુસર સંપાદિત કરવામાં આવી છે. જેમાં ૫૩ - લેખો, કાવ્યો, નિબંધો, સંસ્મરણો વગેરે સમાવિષ્ટ છે, કે જે આપણા શ્રદ્ધેય એવા મૂઠી ઊંચેરા સર્જકો કૃત છે, જેમાં કાકાસાહેબ કાલેલકર, વિનોબા, ઉમાશંકર જોશી, મનુભાઈ પંચોળી, સ્વામી આનંદ, ઝવેરચંદ મેઘાણી, ગિજુભાઈ બધેકા, ઈશ્વર પેટલીકર, ફાધર વાલેસ, અવનીન્દ્રકુમાર વિદ્યાલંકાર, ક્ષિતિમોહન સેન, દાદાધર્માધિકારી, તોલ્સતોય, અબ્રાહમ લિંકન વગેરેની કૃતિઓ સમાવિષ્ટ છે. આ બધી કૃતિઓને અહીં યથાવત ન મૂકતાં તેને સારવી અને તારવીને અર્થાત્ કૃતિના મૂળભાવને જાળવી રાખીને તેમ જ મૂળની મેદસ્વિતાને ઘટાડીને સરળ અને સુબોધગમ્ય ભાષા-શૈલીમાં રજૂ કરવામાં આવી છે. બાળકો અને સમાજજીવન વિશે પરંપરાગત રીતે વિચારવા અને વર્તવા પ્રેરાયેલા એવા આપણને નવી દષ્ટિએ વિચારવા અને વર્તવા બાધ્ય કરે તેવું આ અનુભવપૂત અને વિચારસમૃદ્ધ સાહિત્ય હોવાથી હૃદયને સ્પર્શી જવાની સાથે વાચક માટે દીવાદાંડી બની રહી પ્રેરે છે. વળી, અહીં બાળકો અને મા-બાપના અરસપરસના વ્યવહારજીવન સંબંધી ઘણીખરી આચારસંહિતા વણી લેવામાં આવી હોવાથી આ પુસ્તિકા ખરા અર્થમાં ગાગરમાં સાગર સમ મોતીની માળા જેમ મહોરી રહી છે.

આવો, થોડાક અનુભવોનું રસપાન કરીએ :

ઝ ડુંગરના આકરા ચઢાણ ઉપર ચઢતાં યાત્રાળુઓ સાથે બારેક વરસની છોકરી કેડે ચારેક વરસનો છોકરો તેડીને ચઢતી જોઈને એક યાત્રીએ પૂછ્યું 'અલી તને ભાર નથી લાગતો ?'. ''ભાર ? - ના રે, આ તો મારો ભાઈ છે'' (પૃ. ૪૮).

ઝ અવનીન્દ્રકુમાર વિદ્યાલંકારે નોંધ્યું છેં કે એક બૂટ પોલિશનું કામ કરતા છોકરાની મહેનત અને પ્રામાણિકતાથી પ્રભાવિત થતાં એક સજ્જન દિવાળીની બોણી આપવા લાગ્યા ત્યારે તેના શબ્દો જૂઓ :

'બાબુજી, યહ મૈં નહિ લે સકતા.' પછી પોતાનાં નાજુક બાવડાં લંબાવતાં બોલ્યો : 'બાબુજી, મુઝે અપની મેહનત પર ભરોસા હૈ. જો ઈનસે પ્રાપ્ત નહીં હો સકતા, વહ કભી નહિ લે સકતા.' એટલું કહીને બાળક ચાલ્યો ગયો.... એક દિવસ એ પોતાના નાના ભાઈને પણ સાથે લાવ્યો. પૂછ્યું : 'કયા ઈસકો અભી સે અપના કામ શિખા કર તૈયાર કર રહે હો ?' છોકરાએ જવાબ દીધો : 'નહિ, બાબુજી, ઈસકો તો પઢાઉંગા. યહ સ્કૂલ જાયા કરેગા.' (પૃ. ૫૦).

ઝ 'પ્રહલાદ આખ્યાન'નું હાર્દ સમજાવતું ઈશ્વર પેટલીકરનું નવું દર્શન ધ્યાનાર્હ બની રહે છે :

''પ્રહ્લાદનું આખ્યાન નાનપણમાં સાંભળતાં મને એ સંસ્કાર પડેલા કે હિરણ્યકશિપુ પાપી છે અને પ્રહ્લાદ પુણ્યશાળી છે. આજે એ આખ્યાન ફરી વાંચતાં પ્રહ્લાદની

ભક્તિનો મહિમા એટલો જ રહ્યો, પણ હિરણ્યકશિપુ પ્રત્યે જે ધિક્કાર હતો તે ચાલ્યો ગયો.

હજારો વર્ષ ઉપરના હિરણ્યકશિપુની વાત જવા દઈએ અને આજની જ વાત લઈએ. આપણે હિંદુ હોઈએ. અને આપણને ખબર પડે કે આપણો દીકરો મસ્જિદમાં જઈને નમાઝ પઢે છે, તો આપણે શું કરીશું ? આપણે મુસલમાન હોઈએ અને આપણો દીકરો શિવમંદિરમાં જઈ મૂર્તિને પગે લાગે, તો આપણે શું કરીશું ? કવિ કાન્તે ખ્રિસ્તી ધર્મ અંગિકાર કર્યો ત્યારે સાક્ષર બળવંતરાય ઠાકોરે એમના આ પગલાના વિરોધમાં લખી જણાવ્યું : 'આપણી મૈત્રીનો હવે અંત આવે છે.'

વડીલોને હિરણ્યકશિપુનું પાત્ર સહિષ્ણુ થવાનો બોધ આપે છે. હિરણ્યકશિપુનું પગલું સાચું નથી એમ જો વડીલો માનતા હોય, તો પોતાના ઘરના પ્રહ્લાદના પ્રસંગ વખતે એમનાથી એવું પગલું ન ભરાય, એમ તેમણે સમજવું જોઈએ.' (પૃ. ૭૨-૭૩).

ઝઅમેરિકાના સીએટલ શહેરમાં શારીરિક / માનસિક મંદત્વ ધરાવનારાઓ માટે વિશેષ ઓલિમ્પિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં એક નવેક વરસનો બાળક દોડવાની સ્પર્ધામાં લથડીને પડી જતાં તે જોઈ જતાં આગળ દોડતાં બાકીનાં બધાંએ પાછાં ફરીને તેને સાંત્વના આપી એકબીજાનો હાથ પકડીને દોડના અંતિમ છેડા સુધી સાથે ચાલ્યાં અને બધાંએ એક સાથે દોરડું પાર કર્યું (પૃ.૫૧) આવો જ વ્યવહાર 'આ વિસ્તાર લિંપીનો છે' (પૃ. ૫૬) તેમાં જોવા મળે છે.

ઝક્ષિતિમોહન સેને ગુરુકેન્દ્રિત વિદ્યાલયનો સ્વાનુભવ વર્ણવતાં નોંધ્યું છે કે વિખ્યાત પંડિત ગંગાધર શાસ્ત્રીનો પુત્ર ઢુંઢિરાજ અવસાન પામ્યો હતો તે દિવસે પણ અમને નિત્યક્રમ મુજબ ભણાવ્યા હતા તે સમયે અમારામાંથી એકે વિનયથી પૂછયું, ગુરુજી, આવા દુઃખમાં પણ તમે આજે પાઠ બંધ ન રાખ્યો ?' આ પ્રશ્નનો ગુરુજીએ આપેલો ઉત્તર શિક્ષકસમાજને આત્મચિંતન કરવા પ્રેરે તેવો છે.

'એવું શી રીતે થાય, બેટા ?' પંડિતજીએ સમજાવ્યું. 'તમે બધાં બાળકો ક્યાં ક્યાંથી અહીં આવ્યા છો 'તમારો એક દિવસ પણ હું શી રીતે બગાડું ? પુત્રશોક તો મારી અંગત બાબત છે. પણ જ્ઞાનની આ ઉપાસનાનો સંબંધ તો તમારી સહુની સાથે છે. તેમાં વિઘ્ન નાખીને તમારો વિકાસ અટકાવું, એ શું મારે માટે યોગ્ય કહેવાય ?'

ઝઆપણા હાસ્ય-લેખક બકુલ ત્રિપાઠીએ બાળકોમાં વાચનભૂખ પ્રદીપ્ત કરવા અને તેને સંતોષવામાં મોટેરાંને રોકડું પરખાવતાં જણાવ્યું છે કે 'એક વાત ચોખ્ખી છે કે આપણને વડીલોને જ પુસ્તકોની કંઈ પડી નથી, બાળકોને કંઈ વંચાવવાની આપણી રુચિ જ નથી, પૈસા અને સલામતી માટે ઝાવાં નાખવા સિવાય બીજાં સાંસ્કારિક મૂલ્યોની મા-બાપોને સાચી ચિંતા જ નથી.'

ઝમહેન્દ્રભાઈ મેઘાણીએ જાપાની બાળકોની શાળાએ જવાની તાલાવેલી અને ૨૪ વર્ષના ઉત્સાહી અને કોડીલા શિક્ષક સેઈકયો મુચાકુભાઈના પ્રેરણાદાયી પ્રયોગ સંબંધી ત્રણેક ગાથાઓ (પૃ. ૫-૯) વર્ણવી છે. મુચાકુભાઈએ બાળકો પાસે પોતાના જીવનના કોયડાઓ અને સમાજ માટેના ખ્યાલો વિશે નિબંધો લખાવ્યા, જેને મઠારીને છપાવ્યા. અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ જે ન કહી શક્યા તે બાળકોએ કહી બતાવતાં કિશોર - કલમોએ લખેલા આ મર્મભેદક નિબંધોએ જાપાનમાં ભારે ઘેલું લાગડ્યું. શિક્ષણપ્રધાને ખુદ મુલાકાત લઈ સૌને શાબાશી પાઠવી. આ પુસ્તક ઉપરથી ફિલ્મ પણ ઊતરી અને તેનો અંગ્રેજી અનુવાદ 'એકોઝ ફ્રોમ એ માઉન્ટ સ્કૂલ' (પહાડી સ્કૂલના પડઘા) નામે પ્રગટ થયો. આ નિબંધો પૈકીની એક વાર્તા 'રોજ ઊઠીને'માં દાદાજી સાથે રહેતો બાળક ડુંગરમાંથી લાકડાં વીણીને પેટિયું રળે છે. ઘરમાં બે-ત્રણ દિનના રોટલા જેટલું ભેગું થાય ત્યારે તેના દાદાજી કહેતા 'બેટા, હવે કાલે તુ તારે નિશાળે જજે.' 'આટલાં વેણ સાંભળું ત્યાં તો હું હરખમાં અડધો અડધો થઈ જાઉં છું.' 'પૈસા, પૈસા ને પૈસા'માં એક બાળકે નોંધ્યું છે કે 'અમારાથી યે ગરીબ હશે તે લોકોનું કેમ કરીને ચાલતું હશે ? ફરજિયાત કેળવણીનો કાયદો છે, એટલે નિશાળે તો અમારે જવું જ પડે છે. પણ તો પછી ચોપડીના અને એવા પૈસા અમારે આપવા ન પડે તેવો બંદોબસ્ત કેમ કોઈ કરતું નથી'. આ નિબંધો ઉપરાંત મહેન્દ્રભાઈએ અન્ય પુસ્તકોના આધારે સારવી આપેલાં વિધાનો 'આવો, અંતરનાં માડ ઉઘાડીએ', 'પિતાની ભેટ', 'હું શું કરું', 'આટલું આવડે છે' વગેરે બાળઘડતર માટે સુચિંતનીય બની રહે છે. આવું તો અહીં ઘણુંબધું સંપાદકે સુલભ કરી આપ્યું છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઇન્ટર્નશિપ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરની કૉલેજોના તાલીમાર્થીઓ તા. ૧૫ જુલાઈ થી તા. ૭ ઓગસ્ટ દરમ્યાન ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં જોડાયા હતા. આ અન્વયે તેમણે વિવિધ શાળાઓમાં અધ્યાપન અને નિરીક્ષણ કાર્ય કરવા ઉપરાંત વિવિધ ડોકયુમેન્ટસ વિશેની માહિતી મેળવી તેમજ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. સાથે વિદ્યાર્થીઓ અધ્યાપકોએ જે તે શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

### એક્ષ્પોર્ટ પ્રોસિઝર ઍન્ડ ડોકયુમેન્ટેશન

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.) દ્વારા ૩ માસના સર્ટિફિકેટ કોર્સની ચોથી બેચનો શુભારંભ આચાર્યશ્રી ડૉ. રમાકાંત પૃષ્ટિની ઉપસ્થિતિમાં તા. ૧૦ ઑગસ્ટના રોજ કરવામાં આવ્યો. ડૉ. પૃષ્ટિએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં આ કોર્સમાં આવરી લેવામાં આવતા વિવિધ મુદ્દાઓની ઉત્કૃષ્ટ તાલીમ મેળવી વિદ્યાર્થીઓ વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામના પાઠવી એકસપોર્ટ ડોકયુમેન્ટેશનની મહત્તા બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા.

### ઔદ્યોગિક મુલાકાત

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૧૦-૧૧ ઑગસ્ટના દિવસોમાં ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે અદાણી મુન્દ્રા પોર્ટ, કચ્છની મુલાકાતનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓ સાથે ૪ અધ્યાપકો જોડાયા હતા. વિદ્યાર્થીઓએ ૪ પ્લાન્ટ્સની મુલાકાત લઈ વિવિધ પ્રકારની માહિતી મેળવી હતી. મુલાકાત બાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

● શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચના B.Sc. (CS) તથા M.Sc. (I.T.) ના વિદ્યાર્થીઓને ગાંધીનગરના સેકટર-૨૫માં સ્થિત DAZZLE Ropooncs Pvt Ltd. ની મુલાકાતે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ લઈ જવામાં આવતાં વિદ્યાર્થીઓએ EMBEDED અને ROBOTICS વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓને ગુજરાતની આઈસ્ક્રીમ કંપની વાડીલાલના પ્લાન્ટની ઔદ્યોગિક મુલાકાતે તા. ૪ સપ્ટેમ્બરના રોજ અને 'ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ'ની મુલાકાતે ૧૬ સપ્ટેમ્બરના રોજ લઈ જવામાં આવ્યાં હતા. GCCIનીમુલાકાત પ્રસંગે પ્રિ. ડૉ. રમાકાન્ત પુષ્ટિ પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા. વિદ્યાર્થીઓએ આ મુલાકાત લઈ બંનેની સવિસ્તર વિકાસગાથા જાણવા ઉપરાંત ધંધાકીય સંચાલન સંબંધી માગિતી મેળવી કંઈક પામ્યાની પ્રસન્નતા સાથે મુલાકાતની સાર્થકતા અનુભવી હતી.

### કન્યાછાત્રાલય

●વિદ્યાર્થિનીઓના જીવનઘડતરને ધ્યાનમાં લઈ કન્યા છાત્રાલયમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની થીમ આધારિત કાર્યક્રમ તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ યોજાયો, જેમાં અને ટ્રેનર શ્રી જે. સી. પટેલે સારા સંસ્કાર, સારી આદતો થકી સફળ જીવન જીવવા માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડી હતી તથા ધ્યાન અને સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવી તેનો અનુભવ કરાવ્યો હતો. કાર્યક્રમનું આયોજન સુપરિટેન્ડેન્ટશ્રી વસંતીબહેન પટેલ અને ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં કન્યા છાત્રાલયનાં ગૃહમાતા શ્રી મધુબહેન, શ્રી લતાબહેન, અને શ્રી રંજનબહેનનો સહયોગ રહ્યો હતો.

## પ્લેસમેન્ટ જાગૃતતા

● શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચના M.sc.(IT) નાં વિદ્યાર્થીઓ માટે જોબ પ્લેસમેન્ટ અંગે જાગૃતતા લાવવા માટે વે ટુ વેબ કંપની દ્વારા સોફ્ટવેર ટેસ્ટીંગ, મેન્યુલ / ઓટોમેશન વિશે તા. ૩૧ ઑગસ્ટના રોજ અને ટોપ્સ ટેકનો પ્રા. લિ. દ્વારા પાયથોન વિકાસ વિશે તા. ૯ સપ્ટેમ્બરના રોજ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભાષાસજ્જતા

●ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બી.એડ. કૉલેજોના તાલીમાર્થીઓ તા. ૧૦/૮/૧૯ ના રોજ ભાષા સજ્જતા અને લેખનમાં થતી ક્ષતિઓ વિશે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ તરીકે કવિશ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ ગુજરાતી વિષયમાં ભાષા સજ્જતા, માતૃભાષા, રાષ્ટ્રભાષા, અને વિશ્વભાષા વિશે માહિતી આપીને શબ્દોનું ઉચ્ચારણ, અનુસ્વારની ભૂલો, સ્ત્રીલિંગ અને પુલ્લિંગ વાકય રચના વગેરે વિશે ઉદાહરણો આપી સમજ આપી હતી. તા. ૭/૯/૧૯ ના રોજ આયોજિત કાર્યશિબિરમાં ગોઝારિયા આર્ટ્સ કૉલેજના ગુજરાતીના પ્રા. ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ સ્વર એટલે શું ? વ્યંજન એટલે શું ? ભાષામાં તેનો ભેદ શો છે ? વિવિધ ધ્વનિઓ, કંઠય, તાલવ્ય, ઓષ્ટ્ય, મૂર્ધન્ય, મુખ વિવરના વિવિધ ભાગો દ્વારા ક, ખ, ગ, ઘ, ચ, જેવા વ્યંજનો કેવી રીતે બોલાય વગેરે વિશે ઉદાહરણો આપી સમજ આપી હતી. પ્રા. શ્રી નરેન્દ્રભાઈ નાયીએ આભારવિધિ કરી હતી.

## રક્તદાન અવોર્ડ

●સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસમાં સિંહ ફાળો આપનાર સદ્‌ગત ચેરમેન પૂ. માણેકલાલ પટેલસાહેબની જન્મ જયંતી નિમિત્તે પ્રતિવર્ષ સર્વ વિદ્યાલય કેમ્પસમાં છેલ્લા ૮ વર્ષથી અર્થાત્ ૨૦૧૨ થી કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવતાં કુલ ૭૧૬૦ બોટલો રક્ત એકત્રિત કરી રેડક્રોસમાં જમા કરાવવામાં આવ્યું છે. ગુજરાતમાં રકતદાન કાર્યક્રમનું આયોજન કરતી પસંદગીની સંસ્થાઓને સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન આઈ.આઈ.એમ.ના જે. બી. ઓડિટોરિઅમમાં કરવામાં આવતાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવ્રતજીના હસ્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની એચ.વી.એચ.પી. કૉલેજના પ્રિ. ડૉ. મીનલબહેન ત્રિવેદી, એમ. પી. પટેલ કોમર્સ કૉલેજના પ્રા. સોનાજી રાજપૂત, એલ.ડીઆર.પી. એન્જિનિયરિંગ કૉલેજના શારીરિક શિક્ષણનાં ડાયરેક્ટર નોરીન વાયપના અને કે. બી. ફાર્મસી કૉલેજના પ્રા. ડૉ. હિતેષભાઈ ડોડિયાને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવ્રતજીએ રક્તદાન કરનાર નાગરિકો અને રક્તદાન શિબિરોનું આયોજન કરતી સંસ્થાઓને અભિનંદન આપી વધુ ને વધુ માત્રામાં સમાજસેવાનાં કાર્યો કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી વિક્રાંત પાંડે, રેડક્રોસ અમદાવાદ જિલ્લા પ્રમુખ શ્રી કિરણ ચુડગર, ઉપપ્રમુખ શ્રી હર્ષ શાહ તથા રક્તદાન શિબિર આયોજક સંસ્થાઓનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાષ્ટ્રીય રમતગમત દિન

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજના NSS યુનિટ દ્વારા તા. ૨૯/૮/૧૯ ના રોજ 'રાષ્ટ્રિય રમત દિવસ' ની ઉજવણી અંતર્ગત 'Fit India' મુવમેન્ટનો કાર્યક્રમ આયોજિત કરવામાં ૧૨૫ સ્વયં સેવકોએ 'Fit India' મુવમેન્ટનો સંકલ્પ કર્યો હતો.

## રીટેલ મેન્જમેન્ટ સર્ટિફિકેટ કોર્સ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ધોરણ ૧૨ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો રીટેલ મેનેજમેન્ટ વિષય પર સર્ટિફિકેટ કોર્સની ત્રીજી બૅચની શરૂઆત સપ્ટેમ્બર માસમાં કરવામાં આવી. આ પ્રસંગે આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટિએ વિદ્યાર્થીઓને રીટેલ મેનેજમેન્ટની મહત્તા બાબતે માર્ગદર્શિત કરીને ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## યુવક મહોત્સવ સંગત - ૨૦૧૯

●કડી સર્વ વિશ્વવિદ્યાલયનો આંતર કૉલેજ યુવક

મહોત્સવ 'સંગત-૨૦૧૯' ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના યજમાનપદે તા. ૨૦, ૨૧ સપ્ટેમ્બરના દિવસોમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કલારેલીનું પ્રસ્થાન એલ.ડી.આર.પી. થી કરાવવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન શેઠ શ્રી ખીમજી વિશ્રામ સંસ્કાર ભવનમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલ, ગુજરાતી ફિલ્મના યુવા અભિનેતાશ્રી જય સોની અને વિશ્વવિદ્યાલયનાં ડાયરેકટર ડૉ. ગાર્ગીબહેન રાજપરાનાં સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબહેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સૌનું સ્વાગત કરીને મંડળની ઉત્તમ પ્રણાલીઓની ઝાંખી કરાવી યુવા મહોત્સવના મહત્ત્વ વિશે વાત કરી હતી. શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યુવાશકિતની સમાજ પરિવર્તન માટેની શકિતઓ જણાવી અભ્યાસની સાથે થતી વિવિધ પ્રવૃત્તિઓમાં યુથ ફેસ્ટિવલને અગત્યની પ્રવૃત્તિ ગણાવી હતી. શ્રી જય સોનીએ પોતાની ઉજ્જ્વળ કારકિર્દી કેવી રીતે બનાવી તે જણાવી યુવાનોને પ્રેરણા પૂરી પાડી હતી. ડૉ. કનુભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને સતત ક્રિયાશીલ બની રહી અભ્યાસની સાથે સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમતમાં ભાગ લઈ ઉન્નત વ્યકિતત્વ ઘડતર કરવા શીખ આપતાં કુશળ વ્યવહાર એ જીવનનો અરીસો છે એમ જણાવ્યું હતું. સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત 'ગાંધીનગર સમાચાર'ના તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જહાએ યુવક મહોત્સવને નવી પ્રવૃત્તિ, નવા વિચાર અને તક મળે તેનો પુરુષાર્થ ગણાવ્યો હતો. વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે યુવક મહોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જીવનમાં કર્મઠ અને પ્રામાણિક બની રહેવા અપીલ કરી હતી. આ યુવક મહોત્સવમાં ૧૧૩૦ વિદ્યાર્થીઓએ ૨૮ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર કલાકારોને ટ્રોફી અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આભારવિધિ ડૉ. વીણાબહેન પટેલે કરી હતી.

## વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા કૉલેજોની ક્રમાનુસાર યાદી

**૧. ચેમ્પિઅન :** શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, **૨. લોક / આદિવાસી નૃત્ય :** ૧. શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, ૨. ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, ૩. આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ. **૩. પ્રશિષ્ટનૃત્ય (ભારતીય) :** ૧. શર્મા પૂજા મનોજ (એલ.ડી.આર.પી. - ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ઍન્ડ રિસર્ચ), ૨. સોનલ દાસ (શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન), ૩. કણાદ પ્રિયા સંદીપભાઈ (એસ.કે.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ (MBA), **૪. પ્રશિષ્ટ સંગીત / હિન્દુસ્તાની કર્ણાટક સંગીત :** ૧. પટેલ પ્રેરક ઘનશ્યામભાઈ (એલ.ડી.આર.પી. - ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ઍન્ડ રિસર્ચ), ૨. પ્રજાપતિ હર્ષવર્ધન ગોરધનભાઈ (શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ ફિઝિઓથેરાપિ), ૩. ભટ્ટ સોહમ કે. (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ). **૫. પ્રશિસ્ટ વાદ્ય સંગીત - તાલવાદ્ય :** ૧. ચૌહાણ હરિક્રિષ્ણ (શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ), ૨. ચૌધરી આશિષકુમાર મણિયભાઈ (શરદબહેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન), ૩. પંડયા શાહિલ સી. (એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (MBA). **૬. પ્રશિષ્ટ વાદ્ય સંગીત - સ્વરવાદ્ય :** ૧. પરમાર શાહિલ સી. (એલ.ડી.આર.પી. - ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ઍન્ડ રિસર્ચ), ૨. ભટ્ટ સોહમ કે. (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ), ૩. પટેલ દર્શનકુમાર કમલેશભાઈ (એચ.વી.એચ.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ). **૭. હળવું સંગીત (ભારતીય) :** ૧. ભીસે અક્ષતા હરીશ (શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ ફિઝિઓથેરાપિ, ૨. સાધુ ધાર્મિક (અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ), ૩. ગઢવી રોનકબા બી. (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ). **૮. હળવું સંગીત (પાશ્ચાત્ય) :** ૧. દાસ સોનલ (શ્રી ભોળાભાઈ

પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન), ૨. સ્ટેફીન વર્ધિસ (એસ. કે. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (MBA), ૩. જાની વરુણ કમલેશ (શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ). **૯. સમૂહગીત (ભારતીય) :** ૧. શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, ૨. અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, ૩. એસ.કે.પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (MBA). **૧૦. સમૂહગીત (પાશ્ચાત્ય) :** ૧. એસ. વી. ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટ (MBA ઈન્ટિગ્રેટ), ૨. એસ. કે. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (MBA), ૩. અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ. **૧૧. લોકવાદ્ય નૃત્ય :** ૧. એસ.વી. કૉલેજ ઑફ એજ્યુકેશન ૨. એચ.વી.એચ.પી. ઇન્સ્ટિટયૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ, ૩. એસ. વી. ઇન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ (MBA ઈન્ટિગ્રેટ). **૧૨. કવીઝ :** ૧. એલ.ડી.આર.પી. - ઇન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી ઍન્ડ રિસર્ચ, ૨. શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, ૩. શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ. **૧૩. વકતૃત્વ :** ૧. પિલ્લાઈ અનઘા આર. (કે. બી. ઇન્સ્ટિટયૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ), ૨. દવે ઉન્નતિ પરેશભાઈ (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ), ૩. ચૌધરી કૌશલ્યાબહેન રાયસિંગભાઈ (સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન **૧૪. ચર્ચા :** ૧. શરદબહેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ૨. કે. બી. ઇન્સ્ટિટયૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ, ૩. શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ ઍન્ડ રિસર્ચ. **૧૫. કાવ્યપઠન :** ૧. ગઢવી મહેશ (અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ), ૨. મલેક નદીમ અહમદ (એલ.ડી.આર.પી. - ઇન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી ઍન્ડ રિસર્ચ), ૩. દવે ઉન્નતિ પરેશભાઈ (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ). **૧૬. પાદપૂર્તિ કવિતા :** ૧. પાંડે અભિષેક (નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર ઍન્ડ મૅનેજમેન્ટ સ્ટડીઝ), ૨. પટેલ રૂત્વી (શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ), ૩. અલન્દ્રા હષ્ટિ આર. (અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ). **૧૭. એકાંકી :** ૧. એચ.વી.એચ.પી. ઇન્સ્ટિટયૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ, ૨. અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉDર્સ, ૩. એસ. કે. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ (MBA). **૧૮. પ્રહસન (Skit) :** ૧. એચ.વી.એચ.પી. ઇન્સ્ટિટયૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ, ૨. શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, ૩. અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ. **૧૯. મૂક અભિનય (માઈમ) :** ૧. એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન ૨. આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ૩. શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ ઍન્ડ રિસર્ચ. **૨૦. મિમિક્રી (નકલ) :** ૧. પ્રજાપતિ કથન રાજેશભાઈ (એસ. કે. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (MBA), ૨. વણકર રાજેશભાઈ હસમુખભાઈ (શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ), ૩. મિશ્રા લક્ષ એ. (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ ઍન્ડ રિસર્ચ). **૨૧. શીઘ્ર ચિત્રકલા :** ૧. પટેલ જિનલ મનીષકુમાર (કે. બી. ઇન્સ્ટિટયૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ), ૨. ભાવસાર શ્રેયા વી. (શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ ફિઝિઓથેરાપિ), ૩. પટેલ ઋતુ સુરેશભાઈ (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ). **૨૨. કોલાઝ (સમુચ્ચિત ચિત્રકળા) :** ૧. દયાની રીના એમ. (અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ), ૨. મોનિકા દેશમુખ (એસ. કે. પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (MBA), ૩. ન્યાયી કિંજલબહેન ગોવિંદભાઈ (એચ.વી.એચ.પી. ઇન્સ્ટિટયૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ). **૨૩. જાહેરાત માટેના ચિત્રની બનાવટ (પોસ્ટર મેકીંગ) :** ૧. પટેલ ડિમ્પલ (અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ), ૨. લાલકિયા રાધુ નિરજભાઈ (શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ), ૩. ગોસ્વામી બારિશ એસ. (એચ.વી.એચ.પી. ઇન્સ્ટિટયૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ). **૨૪. માટીના નમૂના :** ૧.

ગોસાઈ જેની ડી. (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ), ૨. ચૌધરી ભૂમિકા શાંતિલાલ (સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન ૩. મિસ્ત્રી ઝીલ સી. (વિદ્યુષ સોમાની ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ઍન્ડ રિસર્ચ). **૨૫. કાર્ટૂન :** ૧. પટેલ ડિમ્પલ (અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ), ૨. વાઘેલા કૃષ્ણપાલસિંહ કિરીટસિંહ (એચ.વી.એચ.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ), ૩. સોની અંચલ (આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ). **૨૬. રંગોળી :** ૧. રાવત સોનલ એમ. (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ), ૨. સોની ધારા બ્રિજેશકુમાર (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ), ૩. પટેલ રિતેશકુમાર રાધેશ્યામ (એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (MBA ઈન્ટિગ્રેટ). **૨૭. શીઘ્ર ફોટોગ્રાફી :** ૧. ન્યાયી મુકુંદ ડી. (એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન ૨. ગજ્જર પરમ જગદીશકુમાર (શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન), ૩. પટેલ હાર્દિક એસ. (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ). **૨૮. સ્થાપન (ઇન્સ્ટોલેશન) :** ૧. સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન ૨. નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ ઍન્ડ મેનેજમેન્ટ, ૩. શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ. **૨૯. મહેંદી :** ૧. રાવલ જાનકીબહેન પ્રવીણકુમાર (એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન ૨. ચૌધરી રિંકલબહેન છિતુભાઈ (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ), ૩. શાનિ દેનિશા વલ્લભભાઈ (શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ).

## રેડ હેટ કોર્સ

● શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરના એમ.એસસી.(આઈ.ટી.) વિભાગ દ્વારા 'Red Hat Ceatified System Administration' વિશે માહિતી આપવાના હેતુસર વ્યાખ્યાનનું આયોજન તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવતાં તજજ્ઞ રેશમાબહેને આ કોર્સ કરવાથી કારકિર્દીની ઉજ્જ્વળ તકો, ઉપયોગિતા અને મહત્ત્વ વિશે સમજાવ્યું હતું.

## વૃક્ષારોપણ

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૩૧/૮/૧૯ના રોજ આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સાથે આચાર્યશ્રી ડૉ. વિજ્ઞા ઓઝા અને પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા મહાત્મા ગાંધી સ્કૂલ, સેકટર-૧૫માં ૪૬૦ છોડવાઓનું રોપણ કરવામાં આવ્યું, તેમજ પ્રત્યેક વિદ્યાર્થીઓએ ૧૦-૧૦ વૃક્ષોનું જતન કરવા સંકલ્પ કર્યો હતો.

## વ્યાખ્યાન

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાની નિશ્રામાં નીચેનાં વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૬/૮/૧૯ ના રોજ 'Goods & Service Tax' વિષય પર ગાંધીનગરના ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી બ્રજેશ ઠકકરે GST એટલે શું ? તેનો અમલ કેવી રીતે થયો, ? તેના પ્રકારો, નોંધણી પ્રક્રિયા, ઈનપુટ ટેકસ ક્રેડિટ, કમ્પોઝિશન સ્કિમ વગેરે વિશે માહિતી આપી હતી. તા. ૭/૮/૨૦૧૯નાં રોજ 'E-ITR & PAN CARD' – Electronic Income Return અને PAN CARD વિશે ચાર્ટડ એકાઉન્ટન્ટ જૈમિનિગીરી ગોસ્વામીએ Expert પાનકાર્ડ કેવી રીતે મેળવવું, તેની નોંધણી કેવી રીતે કરવી, આવકવેરાનાં વિવિધ પત્રકો અને જરૂરી કલમોની ચર્ચા કરી હતી. તા. ૯/૮/૧૯ના રોજ જી.એલ.એસ. યુનિવર્સિટીના મેનેજમેન્ટ વિભાગના આસિ. પ્રોફેસર શ્રી નીતિન પિલ્લાઈના 'Corporate Communication & Etiquetter' વિષય પર તથા ઈન્ડસ યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેકનોલોજીનાં આસિ. પ્રોફેસર શ્રીમતી મમતા પિલ્લાઈના 'Pronunciation in English' વિષયનાં વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શિક્ષકદિન

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવતાં અને ૧૦૮ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક, બિન-શૈક્ષણિક, ભૂમિકા ભજવી હતી. આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટિએ વિદ્યાર્થીઓને આજના દિવસનું મહત્ત્વ સમજાવીને શિક્ષકની ભૂમિકા ભજવીને અનુભવેલ પડકારોને જીવનપર્યંત યાદ રાખી

સમાજ તેમજ શિક્ષક પ્રત્યે કૃતજ્ઞ બની રહેવા પ્રેરણા આપીને શુભકામનાઓ પાઠવી હતી.

### સર્વ નેતૃત્ત્વ

● વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની થીમ પર યુથ એમ્પાવરમેન્ટ વિશેનો કાર્યક્રમ તા. ૫ થી ૭ ઑગષ્ટ દરમ્યાન સર્વ વિદ્યાલય, કડી ખાતે યોજાયો, જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ૮ કોલેજોના ૭૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યોગાચાર્ય અને ટ્રેનર શ્રી જે. સી. પટેલ દ્વારા વિવિધ વિષયો જેમ કે ઈમોશનલ મૅનેજમેન્ટ, હેલ્થ મૅનેજમેન્ટ, ઇન્ટર પર્સોનલ સ્કીલ, સ્ટ્રેસ મૅનજમેન્ટ, ટાઇમ મૅનેજમેન્ટ અને માઇન્ટ પાવર વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવી હતી. ઉદ્‌ઘાટન સમારંભમાં આચાર્ય ડૉ. કપિલભાઈ ત્રિવેદી, ડૉ. નિર્મેશભાઈ પટેલ અને ડૉ. મહેશભાઈ પટેલે પ્રેરક પ્રવચનો થકી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. સમાપન સમારોહમાં ડૉ. ભાવિકભાઈ શાહે જીવનમાં સફળ થવા ભણતરની સાથે જીવન કૌશલ્ય અને જીવનઘડતર શીખવાડતા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાની સલાહ આપી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને ઉદય વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

● વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનોને યોગ્ય દિશા આપતા કાર્યક્રમનું બ્રહ્માણી કૃપા હૉલ, સેકટર-૨૩ ખાતે આયોજન કરવામાં આવતાં ૨૫૦ થી વધારે પૂર્વ તાલીમાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. રોટરી કલબ ઑફ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં વકતા તરીકે મૅનેજમેન્ટ ટ્રેનર શ્રી આર. કે. ચોપરાએ યુવાનો સાચી દિશામાં ખુશીપૂર્વક, પ્રેમ, ઉર્જા, આત્મવિશ્વાસ અને સંવેદના સાથે આગળ વધે અને પોતાના લક્ષ્ય સુધી સફળતાપૂર્વક પહોંચે એ માટે ટૂંકી સિનેમાઓના માધ્યમથી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, તેમ જ જિંદગીને પ્રેમપૂર્વક અને ખુશીપૂર્વક જીવવા માટે સૌ પ્રથમ પોતાની જાતને પ્રેમ કરવા, નકારાત્મક વાતાવરણથી દૂર રહેવા, કૃતજ્ઞતાનો ભાવ કેળવવા, જરૂરતમંદ લોકોને મદદ કરવા, ભાવનાત્મક સ્વચ્છતા રાખવા અને વર્તમાનમાં રહી જીવવાની સલાહ આપી હતી. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ, ડૉ. કનુભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પેરણા પૂરી પાડી હતી.

● રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં મંડળના ચેરમેનશ્રી, મંત્રીશ્રીઓ અને પ્રિન્સિપાલો દ્વારા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુનિક પ્રોગ્રામ 'સર્વ નેતૃત્વ' દ્વારા પ્લાસ્ટિક બૅગના વિકલ્પે કપાસના રેસામાંથી બનાવેલી થેલીનું મંડળના ચેરમેનશ્રી, મંત્રીશ્રીઓ દ્વારા વિતરણની શુભ શરૂઆત કરવામાં આવી, તેમજ આ કાર્ય અંતર્ગત સર્વ નેતૃત્વના યુવાનોએ શહેરની  શાળા - કૉલેજો વગેરેમાં જઈ લોકોને જાગ્રત કરવાનો પ્રયાસ કરી કપાસના રેસામાંથી બનાવેલી બેગોનું વિતરણ વિના મૂલ્યે કર્યું હતું.

## શાળા વિભાગ

### ખેલ મહાકુંભ

●શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલની કબડ્ડી ટીમે રાજ્ય ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ બીજો નંબર, ખો-ખો ની ટીમ બીજો નંબર, એથ્લેટિકસ વિભાગમાં ૨૦૦ મીટર દોડમાં ધો-૮/બ ની વિદ્યાર્થિની પઢાર માહી જિતેન્દ્રસિંહે અને વડિયા મનસ્વી પ્રવીણભાઈએ બીજો નંબર તથા ધો-૮/અ ની વિદ્યાર્થિની સોલંકી ઈનલ નરેન્દ્રસિંહે ગોળાફેંકમાં ચોથો નંબર પ્રાપ્ત કર્યો.

●શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતો ટેક્વોન્ડો (અંડર ૧૪) : પ્રજાપતિ ધ્રુવ ધીરજભાઈએ તાલુકા અને જિલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા થતાં રૂ. ૩૦૦૦/- અને ૫૦૦૦/- , ૨૦૦મી. દોડ (અંડર ૧૪)માં તરાલ મનોજ સુરેશભાઈએ દ્વિતીય ક્રમે વિજેતા થતાં રૂ. ૨૦૦૦/- અને ૩૦૦૦/- અને પટેલ ઋતુલ તરાલે ચેસમાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે આવતાં રૂ. ૩૦૦૦/-નો પુરસ્કાર

મેળવ્યો.

● શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા, કડીની U-૧૪ ટીમે તાલુકા કક્ષાએ ખેલ મહાકુંભમાં ખો-ખો માં પ્રથમ નંબર અને કબડ્ડીમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો, જ્યારે U-૯ અને U-૧૧ તાલુકા કક્ષાની ચેસ, ૩૦ મી દોડ, ૫૦ મી દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પની રમતોમાં અનુક્રમે પ્રથમ, દ્વિતીય, અને તૃતીય ક્રમે ૧૪ વિદ્યાર્થીઓ વિજેતા થયા.

## ગણેશોત્સવ

●શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં ગણેશચતુર્થીની ઉજવણીના ભાગરૂપે બાળકો માતા પાર્વતી, પિતા શિવજી અને ગણેશજી રિદ્ધિ સિદ્ધિ સાથેની વેશભૂષા ધારણ કરીને આવ્યાં હતાં. શિક્ષક મિત્રોએ ગણેશજીની મૂર્તિ બનાવી હતી, જેની કેમ્પસમાં પ્રાણપ્રતિષ્ઠા કર્યા બાદ આર. જી. સ્કૂલના પ્રિ. ગીતેશભાઈ પટેલ દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.

●એસ. જી. એસ. વી. ઇંગ્લિશ પ્રાયમરી સ્કૂલમાં તા. ૩૧/૮/૧૯ ના રોજ ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીના જીવન આધારિત નાટક રજૂ કરવા ઉપરાંત આરતી ઉતારવામાં આવી હતી.

●સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા તા. ૨/૯/૧૯ ના રોજ ગણેશચતુર્થીના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં બાળકોએ વો પલ આઝાદી કે થીમ આધારિત દેશભકિત નૃત્યનાટિકા અને જન્માષ્ટમી મહોત્સવ આધારિત નૃત્ય રજૂ કર્યું હતું.

## ગાંધીજયંતી

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલમાં ગાંધી જયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં તા. ૧ ઑક્ટોબરના રોજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાનાં મેદાન અને બગીચાની સફાઈની કામગીરી વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી.

## ચિત્રસ્પર્ધા

●બૅન્ક ઑફ ઇંડિયાના ૧૧૪મા સ્થાપના દિન નિમિત્તે 'પર્યાવરણ બચાવો' વિષય અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ૧૩૦ જેટલાં વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવોનો સંદેશો આપતાં ચિત્રોનું સર્જન કર્યું હતું. આ હેતુ બૅન્ક ઑફ ઇન્ડિયાના કર્મચારીગણ દ્વારા માર્ગદર્શન સાથે તમામ વિદ્યાર્થીઓને ચિત્રનિર્માણ માટે જરૂરી સાધનોની કિટ આપી હતી, તેમજ બૅન્કના ડિરેકટર તથા મૅનેજરશ્રીના વરદહસ્તે સર્વશ્રેષ્ઠ ચિત્ર બનાવનાર ત્રણ વિદ્યાર્થીઓને પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

## જન્માષ્ટમી

●શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરનાં બાળકો જન્માષ્ટમી પર્વની ઉજવણી અંતર્ગત વિવિધ વેશભૂષામાં સજ્જ થઈને આવ્યાં હતાં. કૃષ્ણ જન્મ, નંદ મહોત્સવ, મટકીફોડ, બાળલીલા, વસ્ત્રહરણલીલા, માખણચોરી, રાસલીલા વગેરેનું પ્રદર્શન કરતાં શાળાનું કેમ્પસ મથુરા, ગોકુળ અને વૃંદાવન સમ બની ગુંજી ઊઠ્યું હતું. આ પ્રસંગે લલિતકલાનાં પ્રિ. દીનાબહેન ડોડિયાએ આરતી ઉતારી હતી. સુપરવાઈઝર મેડમશ્રી મીનાક્ષીબહેનના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા. ૧૯/૮/૧૯ના રોજ વાલીશ્રીઓની ઉપસ્થિતિમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવતાં ધોરણ : ૧, ૨ ની બાળાઓ દ્વારા કૃષ્ણભકિત આધારિત નૃત્ય અને ધોરણ : ૮ની વિદ્યાર્થિનીઓએ રાસ, ગરબા, અને મટકી ફોડનો કાર્યક્રમ રજૂ કર્યો હતો.

● શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા, કડી દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવતાં સતપ્રેરણા ટ્રસ્ટ, અમદાવાદમાંથી શ્રી ગીતાબહેન, શ્રી અશ્વિનભાઈ અને શ્રી મનુબાએ હાજરી આપી હતી. આ પ્રસંગે બાળકોએ રાસ, ગરબા, વગેરેની પ્રભાવક રજૂઆત કરી હતી. પૂનમબહેન વાઢેરે ગીતાસાર વિશે માહિતી આપીને વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાનપીરસીને ભારતીય સંસ્કૃતિની ઓળખ કરાવી હતી, જ્યારે આચાર્યશ્રી ડૉ. બાબુભાઈ પટેલે કૃષ્ણ જન્મોત્સવનો મહિમા સમજાવ્યો હતો.

●શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૧/૮/૧૯

ના રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવતાં આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલ તથા સ્ટાફ પરિવારે શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં બાલ કૃષ્ણને પારણે ઝુલાવી આરતી ઉતારી હતી. વિદ્યાર્થીઓ પણ આરતી અને પ્રાર્થનામાં જોડાયા હતા.

### તરુણાવસ્થા

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા નાથીબા હૉલમાં ધોરણ : ૫ થી ૮ ની વિદ્યાર્થિનીઓને તરુણાવસ્થાની સમસ્યાઓ વિશે માર્ગદર્શન આપવાના કાર્યક્રમનું આયોજન તા. ૪/૯/૧૯ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓની માતાઓને પણ આમંત્રિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્ત્રી નિષ્ણાત ડૉ. ઈશિતા રતાણીએ વિદ્યાર્થિનીઓની તરુણાવસ્થા દરમ્યાનની સમસ્યાઓ વિશે વિગતે સમજણ પૂરી પાડી હતી.

### દીકરી મારી લાડકવાયી

●શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા W.D.C. અંતર્ગત તા.૧૦/૮/૧૯ ના રોજ કડી કેમ્પસમાં આવેલી પ્રા. શાળાઓની વિદ્યાર્થિનીઓના વાલીશ્રીઓ માટે દીકરી મારી લાડકવાયી વિશે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેનર શ્રી દીપક તેરૈયા તથા શ્રી ઉમા તેરૈયા એ સ્વસ્થ, આરોગ્યપ્રદ અને પોષણયુકત ઉછેર, દંપતી તરીકે પતિ-પત્નીનો વ્યવહાર, કુટુંબના ભાવાવરણના પ્રકાર, દીકરીનું જતન અને જાળવણી, સ્વસ્થ જાતીય વિકાસની સમજણ અને સશકિતકરણ જેવા વિષયો પર રસપ્રદ અને ગહન ચર્ચા કરી હતી તથા વાલીશ્રીઓના મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન પણ કર્યું હતું.

### ધ્વજદિન

●શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા ધ્વજદિનની ઉજવણી અંતર્ગત રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રીય તહેવારની ઉજવણી અને તેના મહત્ત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. બાળકોએ સુંદર મજાના અલગ અલગ ધ્વજ બનાવ્યા હતા.

### નાટ્યસ્પર્ધા

●શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલની ધોરણ-૮ ની વિદ્યાર્થિનીઓએ તા. ૩૦-૦૮-૧૯ ના રોજ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ઍન્ડ ટેકનોલોજી તથા નિસર્ગ કમ્યૂનિટિ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય વિજ્ઞાન નાટય સ્પર્ધામાં ભાગ લઈ 'ગાંધી અને વિજ્ઞાન' વિષય અંતર્ગત 'થેંક યુ બાપુ' નાટક રજૂ કર્યું હતું. આ સ્પર્ધામાં આ શાળાએ સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં રાજય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ વ્યસનમુકિત વિશે નાટક રજૂ કર્યું હતું.

### પર્યાવરણ જાગૃતિ અભિયાન

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલમાં ગાંધીનગર મહાનગરપાલિકા તથા નિસર્ગ કો. સા. સે. ના ઉપક્રમે તા. ૨૭/૯/૧૯ ના રોજ પ્લાસ્ટિક વેસ્ટ જાગૃતિ તથા પર્યાવરણ જાગરૂકતા અભિયાનના સંદર્ભમાં પરિસંવાદનું આયોજન કરવામાં આવતાં વકતા શ્રી નરેશભાઈ (જી.પી.સી.બી.) તથા ડૉ. અનિલભાઈ પટેલે (નિ.કો.સા.સે.) પ્લાસ્ટિકના વપરાશથી પર્યાવરણ ઉપર કેટલી ખતરનાક અસરો થાય છે તેની ચર્ચા કરી ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો વપરાશ વધારવા તથા રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં સહકાર આપવા અપીલ કરી હતી. આચાર્યશ્રી નીરૂબહેન પટેલે વક્તાશ્રીઓનો આભાર માની મહત્તમ સહકાર આપવાની ખાતરી આપી હતી. આ જ વિષય સંદર્ભે આ બંને વક્તાશ્રીઓનાં વ્યાખ્યાનોનું આયોજન શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યા નીવાબહેન પટેલે વિદ્યાર્થીઓને કચરો ગમે ત્યાં ન ફેંકવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

### પુસ્તક પરબ

● સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીના 'રામભાઈ સંસ્કાર ભવન હોલ'માં ૧૩૩મી 'પુસ્તક પરબ'નું આયોજન તા. ૬ ઑક્ટોબરના રોજ કરવામાં આવતાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં ૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓ ઉપરાંત શાળાનાં શિક્ષકો, આચાર્યશ્રી કનુભાઈ પટેલ, ભૂ. પૂ. આચાર્ય ફૂલજીભાઈ પટેલ, કડીના નગરજનો અને સાહિત્ય-પુસ્તક પ્રેમીઓએ તેનો લાભ લીધો હતો. આ પ્રસંગે પ્રસંગોચિત વક્તવ્યમાં પુસ્તક

પરબ અંગેનો ખ્યાલ અને વાચન તથા ગુજરાતી ભાષાના મહત્ત્વ વિશે પુસ્તક પરબના સંચાલક શ્રી જીતુભાઈ નાયકે વાત કરી હતી. આચાર્યશ્રી કનુભાઈ પટેલ તથા ફૂલજીભાઈ પટેલે પણ પોતાનાં વક્તવ્યોમાં વાચન અને માતૃભાષા અંગેનો પ્રેમ અને ફરજો સમજાવ્યાં હતાં. આ પુસ્તક પરબમાં ૫૦૦થી અધિક પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવતાં ૨૭૦ જેટલાં પુસ્તકો વાચકો વાંચવા લઈ ગયા હતા.

## ફોટોગ્રાફી

●એસ. જી. અંગ્રેજી મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'ફોટોગ્રાફી કાર્યશિબિર'નું આયોજન તા. ૭ ઓગસ્ટના રોજ કરવામાં આવતાં ગાંધીનગર ફોટોગ્રાફી એસોસિએશયનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કિરણભાઈ ગજ્જરે કેમેરા, લેન્સ, સારી ફોટોગ્રાફી કેવી રીતે લઈ શકાય તેમજ ફોટોગ્રાફી ફિલ્ડના ભવિષ્ય કેવું છે તે વિશે માહિતી આપી હતી.

## માર્ગ સુરક્ષા સપ્તાહ

●શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૯ થી ૩૧, ઑગસ્ટ-૨૦૧૯ ના દિવસોમાં માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણી અંતર્ગત પરિસંવાદનું આયોજન કરી વિદ્યાર્થીઓને ટ્રાફિકના વિવિધ નિયમો અને સંકેતોનું પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેનું સંચાલન આર.ટી.ઓ. ગાંધીનગર અને કમિશનર કચેરીના તજજ્ઞ શ્રી દીક્ષિતભાઈ પટેલ તથા શ્રી ચિંતનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મ્યુઝિયમ

●એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮ ના ૩૦૦ વિદ્યાર્થીઓને અમદાવાદના નારણપુરા વિસ્તારમાં સ્થિત 'ખોજ મ્યુઝિયમ'ની મુલાકાતે લઈ જતાં વિદ્યાર્થીઓએ બબલ્સ, એનિમેશન તેમજ વિવિધ ઔષધિઓ વિશે માહિતી મેળવી હતી.

## યુવા મહોત્સવ

● મહેસાણા જિલ્લાકક્ષાનો યુવા મહોત્સવ શ્રી એમ. એસ. પટેલ આદર્શ વિદ્યાલય, પાંચોટમાં તા. ૪/૧૦/૧૯ ના રોજ યોજાઈ ગયો. જેમાં સર્વ વિદ્યાલય, કડીના વિદ્યાર્થીઓએ સાત ઈવેન્ટસમાં પ્રથમ નંબર અને ચાર ઈવેન્ટસમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો. આ પૈકી પ્રથમ નંબરે લોકગીતમાં ગાયત્રી સાધુ, સર્જનાત્મક કારીગીરીમાં ક્રિમા પટેલ, લોકવાર્તામાં બિંદિયા વાઢેર, દોહા-છંદ- ચોપાઈ અને વકતૃત્વમાં ભાથીભાઈ રબારી, તબલા અને લોકવાદ્યમાં વેદ પ્રજાપતિ પ્રથમ ક્રમે વિજેતા બન્યા, જે હવે પ્રદેશ કક્ષાએ ભાગ લેશે. જ્યારે બીજા નંબરે શાસ્ત્રીય કંઠયમાં કૃશાલ ભટ્ટ, કાવ્ય લેખનમાં ભાથીભાઈ રબારી, હળવું કંઠયમાં હેતલ પ્રજાપતિ, અને વાંસળીમાં કૃશાલ વાઘેલા વિજેતા બન્યાં.

## રક્ષાબંધન પર્વ

● એસ. જી. એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી તા.૧૪ ઓગસ્ટના રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અલગ અલગ ધોરણની શાળાની બાળાઓએ શાળાના ભાઈઓને તિલક કરી રાખડી બાંધી હતી. આ ઉપરાંત જે વાલી રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારમાં દેશના રક્ષકો છે તેમને આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ જવાનોને પણ વિદ્યાર્થિનીઓએ તિલક કરી રાખડી બાંધી હતી.

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં તા. ૧૪ ઓગસ્ટ ના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવતાં બાળાઓએ બાળ-ભાઈઓને તિલક કરી રાખડી બાંધી હતી.

● શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા, કડી અને લાયન્સ કલબ ઑફ કડીના સંયુકત ઉપક્રમે રક્ષાબંધન પર્વની ઉજવણી અંતર્ગત રક્ષાબંધનનાં ગીત, રક્ષાબંધન વિશે વકતવ્યો વિદ્યાર્થીએ તેમજ શિક્ષકશ્રીઓએ આપ્યાં હતાં. વધુમાં, શ્રી કૃષ્ણ-દ્રોપદી, હુમાયુ અને કર્માવતી, જેલના કેદીઓ દ્વારા વિદ્યાર્થીઓએ રક્ષાબંધન જેવી નાટયકૃતિ ભજવીને રક્ષાબંધનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થિનીઓ દ્વારા વિદ્યાર્થીઓને તિલક તેમજ રાખડી બાંધીને મો મીઠું કરાવ્યું હતું. ઈનામ વિતરણ લાયન્સ કલબ ઑફ કડીના પ્રમુખ શ્રીમતી હિનાબહેન ખમાર, લાયન્સ ચંદ્રેશભાઈ પટેલ, મંત્રી પિનાકિનભાઈ પટેલ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. બાબુભાઈ પટેલે રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી પર્વનું મહાત્મ્ય સમજાવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૪/૮/૧૯ ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણીમાં બહેનોએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી તેમના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ સાથે રાખી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમ જ ભાઈ-બહેનના અતૂટ પ્રેમની પ્રતીતિ કરાવતાં ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. આચાર્યા નીવાબહેન પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં રક્ષાબંધન પર્વનું મહત્ત્વ સમજાવ્યું હતું.

### વકતૃત્વ સ્પર્ધા

● શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા, કડી અને લાયન્સ કલબ ઑફ કડીના સંયુકત ઉપક્રમે આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં લાયન્સ કલબ ઑફ કડીનાં પ્રમુખ શ્રી હિનાબહેન ખમાર, મંત્રીશ્રી પિનાકીનભાઈ પટેલ વગેરેએ હાજરી આપી હતી. આચાર્યશ્રી ડૉ. બાબુલાલ આર. પટેલ આભારવિધિ કરી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં તા. ૧૬/૯/૧૯ ના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૧૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

### વેશભૂષા

● એસ. જી. એસ. વી. ઇંગ્લિશ પ્રાયમરી સ્કૂલમાં વેશભૂષાની સ્પર્ધાનું આયોજન તા. ૨૦ ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ મહાપુરુષોના પહેરવેશમાં સજ્જ થઈને સંબંધિત મહાપુરુષ વિશે સરસ પરિચય કરાવ્યો હતો.

### વૈજ્ઞાનિક વેશભૂષા

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર ખાતે ગુજકોસ્ટ પ્રેરિત ગાંધીનગર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૧૨ /૮/૧૯ ના રોજ વૈજ્ઞાનિકોની વેશભૂષાની સ્પર્ધા યોજવામાં આવી હતી.

### શિક્ષકદિન

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવતાં સિ. કે.જી.નાં ભૂલકાંઓએ શિક્ષક-શિક્ષિકાને અનુરૂપ પરિધાનમાં સજ્જ થઈને પ્રાર્થનાસભાના કાર્યક્રમથી શરૂ કરી વર્ગખંડમાં અભ્યાસ કરાવવા સુધીની પ્રવૃત્તિઓ સંપન્ન કરી હતી. આ બાળકોનો હાવ ભાવ સાથે અભ્યાસ કરાવતા જોઈને શિક્ષકો પણ આશ્ચર્ય ચકિત થયા હતા.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં તા. ૪/૯/૧૯ ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવતાં ૯૬ વિદ્યાર્થિનીઓએ વિવિધ ભૂમિકા અદા કરી હતી તથા શિક્ષક દિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમનું સંચાલન પણ વિદ્યાર્થિની સુપરવાઈઝર પટેલ ધ્રુવીએ કર્યું હતું. ઉત્તમ શિક્ષણ કાર્ય કરવા બદલ પ્રથમ નંબરે માધુ વિશ્વા મહેશકુમાર ધોરણ : ૮/ઈએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આચાર્યાશ્રી નીરૂબહેન પટેલે વિદ્યાર્થિનીઓને જીવનમાં શિક્ષકના મહત્ત્વ વિશે સમજાવ્યું હતું.

● એસ. જી. એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં તા. ૫/૯/૧૯ ના રોજ શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત ધોરણ ૮ના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય કર્યુ હતું. જેમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે ઝાલા હરપાલની પસંદગી કરવામાં આવી હતી.

● તા. ૫/૯/૧૯ ના રોજ શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવતાં ૮૯ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ જવાબદારીઓ સંભાળી હતી. છેલ્લા તાસ દરમિયાન સમારંભનું આયોજન કરી આચાર્યશ્રીની જવાબદારી સંભાળનાર પટેલ સ્મિત સંજયભાઈને તેમજ શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરનાર વિદ્યાર્થી (શિક્ષક) પટેલ જીલ કનૈયાલાલ તથા આ ઉજવણીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે અભિનંદન પાઠવી કર્મનિષ્ઠ શિક્ષક બને તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

### શિક્ષક સજ્જતા કસોટી

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા શિક્ષક સજ્જતા કસોટી અવોર્ડ વિતરણ સમારોહ શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલમાં ઉજવવામાં આવતાં ૫૫૦ શિક્ષકોની હાજરીમાં ૪૬ શિક્ષકોને રૂ.૭,૨૨,૫૦૦/- નાં ચેક મંચસ્થ મહાનુભાવોના વરદ્‌હસ્તે એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન

તરીકે મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, ઉપરાંત પ્રો. વિઠ્ઠલભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર શ્રી ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર. જે. વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. 'શિક્ષક સજ્જતા કસોટી'નું સંચાલન એજ્યુકેશન ફેકલ્ટીનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ, શ્રીમતી કૌશલ્યાબહેન પરીખ અને શ્રીમતી કિરણબહેન પટેલની ટીમ દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. વીણાબહેન પટેલે સૌને આવકારતાં જણાવ્યું હતુ કે મંડળ આયોજિત 'શિક્ષક સજ્જતાં કસોટી' સંસ્થાના ૪૨૯ શિક્ષકોએ આપી હતી, જેમાંથી કડી અને ગાંધીનગરના ૪૬ શિક્ષકો અવોર્ડ મેળવવા પાત્ર બન્યાં હતાં. અત્યાર સુધીમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ રૂ. ૩૩,૫૪,૦૦૦/- ના પુરસ્કાર શિક્ષકોને આપવામાં આવ્યા છે. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રો. વિઠ્ઠલભાઈ પટેલે ભારતીય અને અમેરિકન શિક્ષણપ્રણાલી વિશે પોતાના અનુભવો જણાવી શિક્ષકોને વિશેષ સજ્જ થવા અપીલ કરી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલે અવોર્ડ વિજેતા શિક્ષકોને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે શિક્ષક હંમેશાં સજ્જ હોય તે શિક્ષણ વ્યવસ્થાની પાયાની બાબત છે. સમાજમાં માતા અને શિક્ષક એ બે ઈશ્વરીય ભેટ છે અને સમાજનો વિશ્વાસ ટકાવી રાખે છે. શિક્ષક એ વર્ગખંડનો રાજા છે. અસ્વસ્થ વિદ્યાર્થીના માથે શિક્ષક હાથ મૂકીને ખબર પૂછે તો કુદરતી હીલિંગ થઈ જાય છે. કાર્યક્રમના અંતમાં હર્ષાબહેને આભારવિધિ કરી હતી.

## અવોર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષકોની યાદી

(અવોર્ડ પ્રાપ્ત કરનાર પ્રત્યેક શિક્ષકનું નામ, શાળાનું નામ, વર્ષ ૨૦૧૯-૨૦માં અવોર્ડ પેટે મેળવેલ રકમ અને છેલ્લે કૌંસમાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૯/૨૦ સુધી અવોર્ડ પેટે મેળવેલ કુલ રકમ દર્શાવવામાં આવી છે.)

**કડી કેમ્પસ** : ૧. પાંડયે ચંદ્રકિશોર વી. (સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી) રૂ. ૩૭૫૦૦ (કુલ રૂ. ૭૦૦૦૦), ૨. પટેલ રાજેન્દ્ર લક્ષ્મણભાઈ (શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરિ સૅકેન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૩૦૦૦૦), ૩. ઠકકર પ્રકાશકુમાર રમણલાલ (શાંતાબહેન માણેકલાલ કેશવલાલ પટેલ પ્રાથમિક શાળા, કડી) રૂ. ૨૫૦૦૦ (કુલ રૂ. ૪૭૫૦૦), ૪. ઠાકરડા ભરતજી બાબુજી (શ્રી દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ, કડી) રૂ. ૧૭૫૦૦ (કુલ રૂ. ૧૭૫૦૦), ૫. પટેલ રાજેશકુમાર જી. (સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી) રા ૭૫૦૦ (કુલ રૂ. ૮૯૫૦૦), ૬. પટેલ ગીતાબહેન એન. ( શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા કડી) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૭૦૫૦૦), ૭. સુતાર કમલેશ પ્રહલાદભાઈ ( શ્રી દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૬૨૫૦૦), ૮. પટેલ વિનોદકુમાર પી. (સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૭૫૦૦), ૯. પટેલ રાજેશકુમાર આઈ. (સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૭૫૦૦).

**ગાંધીનગર કેમ્પસ** : ૧. પટેલ વિષ્ણુભાઈ માધવલાલ (શેઠ સી.એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૩૭૫૦૦ (કુલ રૂ. ૮૭૫૦૦), ૨. પટેલ પ્રવીણભાઈ રતિલાલ (શ્રીમતી આર.સી.પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૩૭૫૦૦ (કુલ રૂ. ૫૨૫૦૦), ૩. પટેલ સંજયભાઈ બાબુલાલ (શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૫૫૦૦૦), ૪. ચૌધરી નરેશકુમાર (એમ.બી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૫૫૦૦૦), ૫. સુથાર જ્યોતિ હરેશકુમાર (એમ.બી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૩૦૦૦૦), ૬. મહંત જયશ્રીબહેન જી. ( શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ.બી.પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૩૦૦૦૦), ૭. બેંકર ડિંપલબહેન પુનમચંદ (શેઠ સી.એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૩૦૦૦૦), ૮. પટેલ તેજેન્દ્રકુમાર રમણભાઈ (શ્રીમતી

આર.સી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૩૦૦૦૦), ૯. જોષી ઉર્વશીબહેન રમેશચંદ્ર( શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ.બી.પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ), રૂ.૩૦૦૦૦ (કુલ રૂ. ૩૦૦૦૦), ૧૦. શાહ વિશ્વાસ નવીનચંદ્ર ( શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ.બી.પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ) રૂ. ૩૦૦૦૦ (કુલ રૂ. ૩૦૦૦૦), ૧૧. પટેલ પ્રવીણાબહેન અમૃતલાલ (એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળા) રૂ. ૨૫૦૦૦ (કુલ રૂ. ૭૮૫૦૦), ૧૨. પરમાર પંકજ સી. (સવિતાબહેન ગોવિંદભાઈ પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ) રૂ. ૧૭૫૦૦ (કુલ રૂ. ૧૭૫૦૦), ૧૩. સોની શર્મિલાબહેન દશરથલાલ (જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા) રૂ. ૧૭૫૦૦ (કુલ રૂ. ૧૭૫૦૦), ૧૪. પટેલ ચેતનાબહેન બચુભાઈ (જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા) રૂ. ૧૭૫૦૦ (કુલ રૂ. ૧૭૫૦૦), ૧૫. પટેલ વીણાબહેન જેઠાભાઈ (જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા) રૂ. ૧૭૫૦૦ (કુલ રૂ. ૧૭૫૦૦), ૧૬. પટેલ આશાબહેન બાબુભાઈ (શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૫૨૫૦૦), ૧૭. દવે સુનીલકુમાર પુંડરીકપ્રસાદ (શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૩૭૫૦૦), ૧૮. પટેલ વિમલભાઈ વિઠ્ઠલભાઈ ( શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ. બી. પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ), રૂ.૭૫૦૦ (કુલ રૂ. ૯૯૫૦૦), ૧૯. પટેલ રશ્મીબહેન ભોગીલાલ (શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ. બી. પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ), રૂ.૭૫૦૦ (કુલ રૂ. ૮૪૫૦૦), ૨૦. દેસાઈ દેવરાજભાઈ હરીભાઈ (શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ. બી. પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ), રૂ.૭૫૦૦ (કુલ રૂ. ૮૩૫૦૦), ૨૧. શર્મા કમલેશ રામસ્વરૂપ (શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ. બી. પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ), રૂ.૭૫૦૦ (કુલ રૂ. ૮૩૦૦૦), ૨૨. પટેલ દિનેશકુમાર હરીભાઈ (શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ ઍન્ડ શ્રીમતી એસ. બી. પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ), રૂ.૭૫૦૦ (કુલ રૂ. ૭૦૫૦૦), ૨૩. પરીખ યતીનકુમાર અશોકભાઈ (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ.૧૦૫૫૦૦), ૨૪. પટેલ કાનનબહેન રાજીવ (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૯૫૫૦૦), ૨૫. પટેલ કેતકીબહેન બકુલેશ (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૯૦૫૦૦), ૨૬. પટેલ વિનોદકુમાર રામભાઈ (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૬૫૫૦૦), ૨૭. ત્રિવેદી સંજયકુમાર પોપટલાલ (શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૫૩૫૦૦), ૨૮. પટેલ દિનેશકુમાર શંકરલાલ (શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૪૫૦૦૦), ૨૯. પટેલ વિમલેશ નવનીતલાલ (શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૪૦૫૦૦), ૩૦. પટેલ વિરાજબહેન દિપકકુમાર (શ્રીમતી આર.સી.પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સૅકેન્ડરી સ્કૂલ) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૮૩૫૦૦), ૩૧. પટેલ નયનાબહેન નટવરલાલ (જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૮૧૫૦૦), ૩૨. પટેલ નિમેશચંદ્ર સર્વદમનભાઈ (જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૫૫૦૦૦), ૩૩. પટેલ પુષ્પાબહેન સાંકળચંદ (એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૭૩૦૦૦), ૩૪. પટેલ હેતલકુમારી યોગેન્દ્ર (આર.એન.પટેલ પ્રાથમિક શાળા) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૫૮૦૦૦), ૩૫. પટેલ કેતનકુમાર બચુભાઈ (આર.એન.પટેલ પ્રાથમિક શાળા) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૧૮૫૦૦), ૩૬. પટેલ ભગવતીબહેન હિરેનભાઈ (આર.એન.પટેલ પ્રાથમિક શાળા) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૧૫૦૦૦), ૩૭. વ્યાસ ઉર્વશીબહેન કનૈયાલાલ (ક્રિએટિવ ઝોન) રૂ. ૭૫૦૦ (કુલ રૂ. ૬૧૦૦૦).

### શ્રેષ્ઠ શિક્ષક

● ગુજરાત સરકાર દ્વારા રાજ્યના જિલ્લાઓ દીઠ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનવાની યોજના હેઠળ જે તે જિલ્લાની પ્રાથમિક શાળાઓના તાલુકા દીઠ ૨ શિક્ષકો અને જિલ્લા દીઠ ૧ શિક્ષક, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી ૧ -૧ શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવે છે. આ યોજનાના ભાગ તરીકે સર્વ વિદ્યાલય, કડીના માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી જિતેન્દ્રભાઈ નાયકની વર્ષ ૨૦૧૯ ના શ્રેષ્ઠ માધ્યમિક શિક્ષક તરીકે પસંદગી થતાં તેમને મહેસાણામાં શિક્ષકદિન ના રોજ આયોજિત ખાસ સમારોહમાં ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વરદહસ્તે પ્રશસ્તિપત્ર, શાલ અને રૂ. ૧૫૦૦૦/- નો ચેક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા. ઉલ્લેખનીય છે કે શ્રી નાયક સર્વ વિદ્યાલયમાં વર્ષ ૨૦૧૨ થી હિન્દી વિષયના શિક્ષક તરીકે સેવાઓ આપી રહ્યા છે. આ સાથે તેમણે છાત્રાલયના ગૃહપતિ તરીકે ૧૦ વર્ષ સેવાઓ આપી હતી. તેઓશ્રી નાટ્ય, લેખન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વિશેષ રસ-રુચિ ધરાવે છે. શિક્ષણ વિષયક તેમના લેખો, લઘુકથાઓ, બાળ વાર્તાઓ વગેરે 'અચલા', 'પ્રગતિશીલ શિક્ષણ', 'શિક્ષણ-પરીક્ષણ', 'બાલસૃષ્ટિ', 'ભાવિક પરિષદ' વગેરે સામયિકો તથા 'દિવ્ય ભાસ્કર' દૈનિકમાં પ્રગટ થતા રહે છે. આ ગરવા પ્રસંગે મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને સમગ્ર પરિવાર શ્રી જિતેન્દ્રભાઈ નાયકને હાર્દિક અભિનંદન પાઠવે છે.

### હસ્તકલા - કૌશલ્ય

● એસ. જી. એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં તા. ૨૮/૦૮/૨૦૧૯ ના રોજ હસ્ત કલા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થીઓએ વર્તમાનપત્રોમાંથી વિવિધ કલાકૃતિઓ તેમજ વિદ્યાર્થિનીઓએ મોતી કાગળ, દોરી વગેરે વસ્તુઓમાંથી બેસ લેટ, હાર, બુટી વગેરે જેવી વસ્તુઓ બનાવી હતી. આ ઉપરાંત ધોરણ ૧થી ૪ માટે માટીકામની પ્રવૃત્તિનું તા. ૯ ઑક્ટોબરના રોજ આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ માટીમાંથી વિવિધ મૂર્તિઓ, શાકભાજીના નમૂના, ફૂલ તેમજ બીજી અનેક વસ્તુઓ બનાવી પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૪/૦૮/૨૦૧૯ ના રોજ કાગળ કતરણ કલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૭૪ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ રંગોના કાગળ કતરણ દ્વારા સુશોભનની અનેકવિધ વસ્તુઓ બનાવી હતી. આ ઉપરાંત આરોગ્યપ્રદ ભોજનની સ્પર્ધામાં તમામ વિદ્યાર્થીઓએ ઘરનો પૌષ્ટિક આહાર લાવી સમૂહમાં નાસ્તો કર્યો હતો. આચાર્ય શ્રીમતી નીવાબહેન પટેલે વિદ્યાર્થીઓને આરોગ્યપ્રદ ભોજનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

### હિન્દી દિન

● ૧૪થી ૨૯મી સપ્ટેમ્બર સુધી દેશમાં આયોજિત હિન્દી પખવાડાની ઉજવણી નિમિત્તે સર્વ વિદ્યાલય, કડીમાં હિન્દી વિષયના શિક્ષક શ્રી જીતુભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ હિન્દીમાં ગીત... પ્રાર્થના... ભજન... વકતવ્ય... દોહા... વાર્તાઓ તેમજ હિન્દીભાષા અંગેની રજૂઆત કરીને રાષ્ટ્ર ભકિતનો પરિચય કરાવ્યો હતો. એક વિદ્યાર્થિનીએ 'બેટી બચાઓ - બેટી પઢાઓ' અંતર્ગત ઉત્તમ રજૂઆત કરીને સાચા અર્થમાં કાર્યક્રમને સફળ બનાવી દીધો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી કનુભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન કરવા ઉપરાંત સુપરવાઈઝરશ્રી અમૃતભાઈએ હિન્દી પરીક્ષાનું સરકારી નોકરી તેમજ અન્ય રાજ્યો માટે મહત્ત્વ સમજાવ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૯, અંક : ૪, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૯, સળંગ અંક : ૫૩**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આયોજિત 'શિક્ષક સજ્જતા કસોટી અવોર્ડ વિતરણ સમારોહ'માં મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ શ્રેષ્ઠ શિક્ષકોને અવોર્ડ એનાયત કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં સર્વ વિદ્યાલય પરિસરમાં પ્લાસ્ટીક બેગના વિકલ્પે કપાસના રેસાની થેલી વિતરણનું દ્રશ્ય.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ 'સર્વ નેતૃત્વ' તાલીમ શિબિરમાં ઉદ્‌બોધન કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.




જિલ્લા કક્ષાની વિજ્ઞાન નાટ્ય સ્પર્ધામાં શ્રી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલ દ્વારા 'થેંક યુ બાપુ' નાટકની પ્રસ્તુતિનું દ્રશ્ય. (પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.)



શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર દ્વારા આયોજિત ગણેશોત્સવનું દ્રશ્ય.



એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓ 'ખોજ મ્યુઝિયમ'ની મુલાકાતે.





સર્વ વિદ્યાલય, કડી દ્વારા આયોજિત 'પુસ્તક પરબ'નાં બે દ્રશ્યો.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 9, Issue No. 5 September-October 2019**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




ગુજરાત સરકાર દ્વારા રાજ્યના જિલ્લા દીઠ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનવાની યોજના હેઠળ
ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, સર્વ વિદ્યાલય, કડીના શિક્ષકશ્રી જિતેન્દ્ર નાયકને
મહેસાણા જિલ્લાના માધ્યમિક વિભાગના શ્રેષ્ઠ શિક્ષક તરીકે મહેસાણામાં આયોજિત
સમારોહમાં સન્માનિત કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.

